સપ્ટેમ્બર ૧૯૧૨. નૉવેલમાળા મણકો ૨ જો.

વિષલતા.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

પ્રથમ વર્ષ.

લવાજમ વર્ષનો રૂ. ૧-૦-૦. છૂટક નકલની કી. ૦-૩-૦

મળવાનું સ્થળ:—

ડભોલી-પોસ્ટ સિગનપોર,

વાયા-સુરત.

વિષલતા.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક,

રત્નસિંહ દિપસિંહ પરમાર.

તે જ્ઞાનેશ્વરી ગીતા, ઇંદિરા અને રઘુનાથ, વસંતકુમારી
ઇત્યાદિ પુસ્તકોના કર્તા.

મુ. ડભોલી, પોસ્ટ સિગનપોર.
વાયા સુરત.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૩૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કિંમત ૦-૩-૦.

આભાર પ્રદર્શન.

અમે આ “નૉવેલમાળા” નો પ્રારંભ કર્યો તેમાં કેટલાક સદ્‌ગૃહસ્થોએ અમને ખાસ મદદ કરી છે અને તેટલા માટે અમે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

અમારી સાહિત્ય સેવાથી અમારાપર પ્રસન્ન થઇ દમણ તાબેના ખરાડપાડના રહીશ **ઠાકોર પ્રથમસિંહ ડાહ્યાભાઇ પરમારે** અમારાપર રૂ. ૨૫) ની ભેટ મોકલી છે, જે અમે આભાર સહીત સ્વિકારીએ છીએ.

ગ્રાહકો મેળવી આપવામાં તથા લોકોને અમારો હેતુ સમજાવવામાં ગાયકવાડી કામરેજ પ્રગણાના વલણ ગામના રહીશ **વાંસીઆ ઠાકોર વીરમસિંહ લખમસિંહે** ઘણો પ્રયાસ કર્યો છે તે માટે તેમના અમે આભારી છીએ.

તદુપરાંત તેજ ગામના **ઠાકોર જયસિંહ લખમસિંહ, પટેલ દુર્લભભાઇ, પટેલ મોતીભાઇ જેરામભાઇ** વગેરે સદ્‌ગૃહસ્થોએ અમને અમારા કાર્યમાં જે ઉત્સાહ આપ્યો છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

જાહેર ખબર.

જેમણે વાર્ષિક ગ્રાહક ન થવું હોય તેઓ જો અમારાપર આના છ મોકલી આપશે તો તેમના ઉપર “વિષલતા” નો બાકીનો ભાગ મોકલી આપવામાં આવશે. આથી તેમને સંપૂર્ણ નૉવેલ વાંચવાનો લાભ મળશે.

રત્નસિંહ દિપસિંહ પરમાર.

પ્રસ્તાવના.

मंदः कवियशः प्रार्थी गमिष्याम्युपहास्यताम् ॥
प्रांशु लभ्ये फलेमोहादुद्बाहुरिव वामनः ॥ १ ॥

कालिदासः

સાંપ્રત કાળમાં આપણા હિંદુસ્થાન દેશમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના થયા પશ્ચાત્ ચારે તરફ લૂટફાટ, અન્યાય, જુલમ ઈત્યાદિ સંકટોનો નાશ થયો છે અને સર્વત્ર શાંતિ તથા સુખનો યથેચ્છ અનુભવ સર્વે લોકો લેવા લાગ્યા છે. તેમજ રાજકર્તાના પૂર્ણ ઔદાર્યથી સર્વે પ્રકારની કળા, કૌશલ્ય, વ્યાપાર, ધંધા વગેરે સ્વદેશોન્નતિનાં સાધનો વિષે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી લેવાના માર્ગો પણ ખુલ્લા થયા છે. તથાપિ આ અલભ્ય લાભ પ્રાપ્ત કરી લેવા તરફ લોકોનુ ચિત્ત જેટલું લાગવું જોઇએ તેટલું લાગેલું જણાતું નથી. પરંતુ થોડાં વર્ષ થયાં રાજા મહારાજાઓ વિદ્યાનું મહત્વ સમજ્યા છે અને જ્યાં ત્યાં શાળા, પાઠશાળા, ઇત્યાદિ સર્વે પ્રકારની સંસ્થાઓ સ્થપાઈ છે અને હજી પણ સ્થપાતી જાય છે, અને પ્રજા પોતાની શક્ત્યનુસાર તેનો થોડો ઘણો લાભ લેવા લાગી છે, એ આનંદની વાત છે.

ઘણાખરા લોકોની એવી સમજ થઈ છે કે દ્રવ્ય પ્રાપ્તિનું મુખ્ય સાધન વિદ્યાર્જન છે અને તેથી ઉચ્ચ વર્ગથી લઇને કનિષ્ઠ વર્ગ પર્યંત સર્વે લોકો તેજ પ્રાપ્ત કરવાને માટે ઉદ્યત થયા છે. અને સર્વે પોતાના તન, મન, ધનને તે માટેજ ખરચી નાંખે છે. આથી ઈતર કળાકૌશલ્ય અને વ્યાપાર ધંધા પ્રતિ દુર્લક્ષ્ય થયું છે અને તેનો લગભગ નાશ થયો છે. દેશોન્નતિનાં ખરાં સાધન વ્યાપાર, ધંધા અને પરદેશગમન છે, તે તરફ લોકોની દ્રષ્ટિ બરાબર ગઈ નથી. આથી દેશની દશા નિકૃષ્ટ થઈ છે. આ દેશમાં પૂર્વે અનેક વીરો થઈ ગયા છે, પરંતુ સદ્યઃ સ્થિતિમાં

તેમના જેવા વીરો કોઈ પેદા થતા નથી, એ કાંઈ જેવી તેવી શોચનીય સ્થિતિ નથી.

પરંતુ સર્વ પ્રકારના દુઃખોમાં સુખ માત્ર એટલુંજ માનવાનું છે કે આપણા લોકોને વિદ્યાની અભિરુચિ થવાથી ભાષામાં સુધારો થયો છે. આ એક મોટો ફાયદો છે. નાટકો, અને ચમત્કારિક કલ્પિત કાદંબરીઓ હાલ અનેક પ્રકટ થાય છે. અમારો પ્રયત્ન પણ દેશી ભાષાના વિકાસને માટેજ છે.

પ્રસ્તુત પુસ્તક મૂળ બંગાળી ભાષામાં પ્રસિદ્ધ બાબુ બંકિમચંદ્ર ચૅટરજીએ લખ્યું હતું અને તેનું ભાષાંતર "Poison Tree" એ નામથી અંગ્રેજી ભાષામાં પણ થયું છે. મીસીસ નાઈટ નામની એક અંગ્રેજ સ્ત્રીએ મૂળ બંગાળીમાંથી એનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું તેને મી. એડ્વિન આર્નોલ્ડે તપાસી શુદ્ધ કરીને ૧૮૮૪ની સાલમાં લંડન નગરમાં પ્રસિદ્ધ કર્યું. આપણા દેશમાં પૂર્વે જે કાદંબરીઓ રચવામાં આવતી હતી તેમાં અને આધુનિક સમયમાં પ્રકટ થતી આવી કાદંબરીઓમાં આસ્માન જમીનનો તફાવત છે. કલ્પિત કાદંબરી રચતાં જે કાંઈ વિશેષ નિયમો બાણભટ્ટ પ્રભૃતિ મહાન સંસ્કૃત અને પ્રાકૃત કાદંબરીકારોએ પાળ્યા છે તે બહુધા આ કાદંબરીમાં નથી એમ કહીશું તો ચાલશે. તથાપિ ગ્રંથકર્તાના મનનો મૂળ ઉદ્દેશ જે બંગાળા ઈલાકાનાં હિંદુકુટુંબની સામાન્ય ગૃહસ્થિતિ વર્ણન કરવાનો હતો તે બહુ અંશે સાધ્ય થયો છે, એમ કહેવાને કાંઈ હરકત નથી. આ પ્રકારની કાદંબરીઓ આપણા ગુર્જર સાહિત્યમાં ઘણી ઓછી છે. સાધારણ રીતે બંગાળા ઈલાકાનાં હિંદુકુટુંબોની સાંપ્રત જે સ્થિતિ છે તેનું આબેહુબ વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આ ગ્રંથ વિષે અભિપ્રાય બાંધવાનું કાર્ય અમે વાંચકોનેજ સોંપીએ છીએ.

પ્રસ્તુત કાદંબરીના લેખક બાબુ બંકીમચંદ્રે બંગાળી ભાષામાં

અનેક પુસ્તકો લખ્યાં છે; પરંતુ તે સર્વમાં મૃણાલિની, દુર્ગેશનંદિની, કૃષ્ણકાંત અને પ્રકૃત વિષવૃક્ષ એ અત્યંત લોકપ્રિય થઈ છે અને એ ચારેમાં આ વિષવૃક્ષ તો અતિવ ઉત્કૃષ્ટ ગણાઈ છે એવો મીસીસ નાઈટનો અભિપ્રાય છે. મૂળ ગ્રંથકર્તાની વિદ્વત્તા અને મહાન કલ્પના શક્તિની સમસ્ત બંગાલા ઈલાકામાં ખ્યાતિ છે અને તે સંબંધે મહાશય આર્નોલ્ડે પોતાની પ્રસ્તાવનામાં ઉલ્લેખ* પણ કર્યો છે; અને લોકોને વિશેષ પસંદ પડવાનું કારણ એ છે કે એમાંનાં સંવિધાનક અત્યંત મનોવેધક છે અને તે સાંપ્રતયુગને બરાબર લાગુ પડે છે.

સાંપ્રતકાળમાં આંગ્લવિદ્યા વિભૂષિત લોકો અને તેમના સંસર્ગમાં આવનારા ઈતર લોકો ધીમે ધીમે એમ માનતા થવા લાગ્યા છે કે આપણું જૂનું તે સર્વ ખરાબ! તથા અગ્રાહ્ય! અને પશ્ચિમ તરફનું તથા નવું તે બધું સારૂં! અને ગ્રાહ્ય! તેમાં પણ સ્વધર્મ પ્રતિનો તેમને અત્યંત તિરસ્કાર છૂટવા લાગ્યો છે. આથી હિંદુ ધર્મની ગ્લાનિ થતી જાય છે. ભરતખંડમાં પુરાતનકાળથી ચાલતા .આવેલા રીતરિવાજોનો હ્રાસ થવા લાગ્યો છે. સદ્યઃ સ્થિતિપરથી એવો પણ ભય રહે છે કે એકાદ શતક પછી હિંદુસ્થાનમાં આર્યધર્મનું નામ રહેશે કે નહિ તે પણ એક શંકાસ્પદજ વાત છે.

---

* તેઓ લખે છે કે "Babu Bankim Chandra Chhattarji is a native gentleman of superior intellectual acquisitions, who ranks unquestionably as the first living writer of fiction in his presidency. His renown is wide-spread among native readers, who recognise the truthfulness and power of his descriptions. It will be confessed, I think, that the reputation of Babu Bankim is well deserved, and that Bangal has here produced a writer of true genius, whose vivacious invention, dramatic force, and purity of aim, promise well for the new age of Indian vernacular literature."

સાંપ્રતકાળમાં ઘણાખરા હિંદુઓની એવી માન્યતા થઈ છે કે મોટા–કિંબહુના વિદ્વાનો જે કાર્ય કરે તે સારાં, માટે આપણે પણ તેમના જેવુંજ વર્તન રાખવું. આથી ઉચ્ચ વર્ગના લોકો જે પ્રમાણે વર્તે છે તેનું અનુકરણ કનિષ્ઠ વર્ગના લોકો પણ કરે છે, મૂળ તથ્ય પ્રતિ કોઈ પણ લક્ષ્ય આપતું નથી, અને તેને સમજવાનો પ્રયત્ન પણ કોઈ કરતું નથી. સ્ત્રીઓ પણ પુરુષનું અનુકરણ કરે છે અને અલ્પ શિક્ષણ ગ્રહણ કરીને અર્ધદગ્ધ અવસ્થામાં રહેવા છતાં પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. પશ્ચિમ તરફથી જે આવે તે ઈશ્વર-પ્રણિત અને આપણું તે સર્વ નિંદ્ય એમ તેમને પણ લાગવા માંડયું છે. પાશ્ચિમાત્ય શિક્ષણનો જોઇએ તેવો ઉપયોગ થતો નથી; આથી સમાજની સ્થિતિ '**हिंदुर्न यवनः**' એવી થઈ છે.

આ પ્રકારની થયેલી સમાજની શોચનીય સ્થિતિ થોડે ઘણે અંશે પણ સુધારવી અને લોકોમાં રૂઢ થયેલા રિવાજો તથા તે દ્વારા ઇહપર લોકમાં થતા ફાયદાનું સ્મરણ કરાવવું એજ ઉદ્દેશથી આ પુસ્તક લખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ દ્વારા વિત્ત કિંવા કિર્તિ સંપાદન કરવા લેશ પણ ઉદ્દેશ રાખવામાં આવ્યો નથી. આ પુસ્તકના વાંચનથી દેશબંધુ ભગિની વર્ગના મનપર પોતાના જુના રીતરિવાજોના પુનઃ સંસ્કાર પડશે અને આપણા પવિત્ર આર્યધર્મની કાંઇક પણ છાપ પડશે એવીજ આશાથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જો આ આશા સફળ થશે તો અમે અમારા શ્રમનું સાર્થક્ય થયેલું માનીશું.

આ પુસ્તકમાં મુખ્યત્વે કરીને મદ્યપાનથી નિપજતું ભયંકર પરિણામ, સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી સ્વાતંત્ર્ય સંબંધે લોકોના બાહ્ય અને અંતર્હેતુ અને વિધવા વિવાહના સંબંધમાં સુધારાના શિખરપર જઈ પહોંચેલા બંગાળી લોકોના વિચાર નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે. વાંચકોમાં જેઓ આ બાબતના કટ્ટા દ્વેષ્ટા હોય તેમણે અગાઉથી મુખ

મરડીને દુર નહિ ખસી જતાં એકાગ્રચિત્તે અથથી ઇતિપર્યંત સમગ્ર પુસ્તક વાંચવું, એવી અમારી તેમના પ્રતિ સવિનય પ્રાર્થના છે. અમારા બંધુભગિનીની રજા લીધા પૂર્વે તેમના પ્રતિ અમારી એટલીજ વિનંતિ છે કે આપણા ધર્મના કેટલાક રીવાજો તેમનામાંના ઘણાને નિંદ્ય અને ત્યાજ્ય લાગે છે, પરંતુ તેજ ચાલ સંબંધે અને ખાસ કરીને હિંદુ સ્ત્રીઓના પાતિવ્રત્યાદિ સદ્દગુણો સંબંધે અંગ્રેજી ભાષાંતર પ્રકાશક શ્રીયુત આર્નોલ્ડે પોતાની અંગ્રેજી પ્રસ્તાવનામાં જે વિચારો પ્રદર્શિત કર્યા છે તે તેમણે અવશ્ય વાંચી જોવા. આથી પરદેશીઓ પણ આપણા રીતરિવાજો પ્રતિ કેવી સહાનુભૂતિ ધરાવે છે તે સહજ તેમના લક્ષ્યમાં આવશે. એટલા માટે અમે તેમનાં વાક્યો અક્ષરશઃ અત્રે સાદર કરીએ છીએ. મહાશય આર્નોલ્ડ કહે છેઃ—

"I had been asked by the accomplished lady who has translated the subjoined story to introduce it with a few words of comment to the English public. For that purpose I commenced the perusal of the proof-sheets, but soon found that what was begun as a literary task became a real and singular pleasure, by reason of the author's vivid narrative, his skill in delineating character, and, beyond all, the striking and faithful pictures of Indian life, with which his tale is filled. Nor do these qualities suffer, beyond what is always inevitable, in the transfer of the novel from its original Bengali to English."

"It would be wrong to diminish the pleasure of the reader by analysing the narrative and forestalling its plot. That which appears to me

most striking and valuable in the book is the faithful view it gives of the gentleness and devotion of the average Hindu wife. Western people are wont to think that because marriages are arranged at an early age in India, and without the betrothed pair having the slightest share in the mutual choice, that wedded love of a sincere sort must be out of the question, and conjugal happiness very rare. The contrary is notably the case. Human nature is somehow so full of accidental harmonies that a majority among the households thus constituted furnish examples of quiet felicity, established constancy, and, above all, of a devotedness on the part of the Hindu women to their husbands and children, which knows, so to speak, no limit. The self-sacrifice of Surajmukhi in this tale would be next to impossible for any western woman, but is positively common in the East, though the author so well displays the undoubted fact that feminine hearts are the same everywhere, and that custom can not change the instincts of love. In a word I am glad to recommend this translation to English readers."

જો બની શકે તો બાબુ બંકીમચંદ્ર ચૅટરજીનાં સર્વે પુસ્તકો પ્રસિદ્ધ કરવાનો અમારો વિચાર છે.

શાન્તિ કુટિર
ડભોઈ,
તા. ૭-૮-૧૨. } રત્નસિંહ દિપસિંહ પરમાર.

સુપ્રસિદ્ધ બાબુ બંકીમચંદ્ર.

હિંદુસ્તાનમાં આજ પર્યંત જે જે કાદંબરીકાર થયા છે તે સર્વમાં રાય બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય બહાદુર જેવો મહાન કાદંબરીકાર એક પણ થયો નથી. બંગાલી ભાષાની ઉન્નતિ એમના જેટલી અન્ય કોઇએ પણ કરી નથી. અને લેખનશૈલી પણ એના જેટલી કોઇએ સુધારી નથી. તદ્દેશીય અને તત્કાલીન લેખક સમુહના નિરુપયોગી અને અલ્પાયુ લેખોપર તેમણે જે કડક ટીકા કરી છે તથા લોકોના વર્તનમાં અને વિચારમાં જે વ્યંગો તથા ચૂકો છે તેનું કોઈની પણ ભીતિ રાખ્યા વિના જે આવિષ્કરણ કર્યું છે તેથી તથા આપણા ધર્મમાં જે કાંઈ અશુદ્ધ અને ભ્રમ મૂલક દોષો પ્રવેશી ગયા છે અને તેથી જે કાંઈ નુકશાન થાય છે તેનો પોતાના ગ્રંથમાં જે સ્ફૉટ કર્યો છે તેથી બંગ સાહિત્યના ઇતિહાસમાં એક મોટો વિપ્લવ થઇ ગયો છે.

તેઓ સ્વતઃ મહાન લેખક હતા. તેમના ગ્રંથમાં વર્ણન ચાતુર્ય અતીવ દ્રષ્ટિગોચર થાય છે. વળી તેમણે માનવી ચરિત્ર અને માનવી સ્વભાવનાં ચિત્રો અતિ મનોરમ આલેખ્યાં છે. આથી પાઠકના મનપર અત્યંત અસર થાય છે અને એમના ગ્રંથમાં સ્થળે સ્થળે ઉત્તમ બોધ મળે છે. તેમણે આ પોતાનો 'દુર્ગેશ નંદિની' નામનો ગ્રંથ ઈ. સ. ૧૮૬૪ માં લખ્યો. એમના પ્રારંભિક સર્વ ગ્રંથો ઐતિહાસિક અને સામાજિક વિષયોપર હતા. એમની કાદંબરીઓ પૈકી 'વિષ વૃક્ષ,' 'દુર્ગેશ નંદિની,' 'કપાલ કુંડલા' અને 'કૃષ્ણકાંતેર વિલ' એ ચાર કાદંબરીઓનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર થયું છે. 'વિષ વૃક્ષ' અને 'કૃષ્ણકાંતેર વિલ' એ બે કાદંબરીઓનું ભાષાંતર નૅશનલ ઇન્ડીઅન ઍસોશીએશનના સેક્રેટરી અને હિંદુસ્તાન તથા હિંદુસ્તાનના લોકોના મોટા

હિમાયતી અને હિંદુ લોકોના સામાજિક કલ્યાણને માટે પ્રયાસ કરનાર મીસીસ નાઇટે કર્યું છે. 'કપાલ કુંડલા' એ ગ્રંથનું ભાષાંતર મી. સી. ક્લેમે જર્મન ભાષામાં કર્યું અને તે લિપ્ઝિકમાં ઈ. સ. ૧૮૮૬ માં પ્રસિદ્ધ થયું.

બંગાળી ભાષામાં આ ગ્રંથકારનાં પુસ્તકો લોકપ્રિય થયાં છે. એટલુંજ નહિ, પરંતુ એનું ભાષાંતર હિંદી, મરાઠી અને ગુજરાતી ભાષામાં પણ થયું છે. એમનાં કેટલાંક પુસ્તકોનું ભાષાંતર સ્વ. નારાયણ હેમચંદ્રે કર્યું હતું, તેની ભાષા ક્લિષ્ટ, કિમ્મત મોંઘી અને સાંપ્રતમાં તે પુસ્તકો મળતાં ન હોવાથી એક પછી એક તે સર્વ પુસ્તકો અમે પ્રકટ કરવાની ઇચ્છા રાખીએ છીએ.

આ ગ્રંથકારે પોતાના જીવનના ઉત્તર ભાગમાં હિંદુધર્મની એક સુધરેલી પદ્ધતિનું ચાલકત્વ પોતાના હાથમાં લીધું હતું અને ભગવદ્ગીતામાંના અત્યુત્તમ વિચારરત્નોની માળા ગુંથી આર્ય બંધુઓના ગળામાં આરોપણ કરવાનો વિચાર રાખ્યો હતો. આ કાર્યને માટે તેમણે દીર્ઘ પ્રયત્ન આરંભ્યો હતો. આ ગ્રંથકારે લખેલો 'કૃષ્ણ ચરિત્ર' નામનો ગ્રંથ એમના સર્વ ગ્રંથોમાં અત્યુત્તમ છે, એવો મોટા મોટા વિદ્વાનોનો અભિપ્રાય છે. આ કૃષ્ણ ચરિત્રની પ્રથમાવૃત્તિ ઇ. સ. ૧૮૮૬ માં બહાર પડી. તે ખપી ગયા પછી દ્વિતીયાવૃત્તિ બહાર પડી, પરંતુ તે પણ ખપી ગયાથી આ ગ્રંથકારે પોતાના આયુષ્યના અંતિમ દિવસો આ ગ્રંથની તૃતીયાવૃત્તિ બહાર પાડવાના પ્રયાસમાં ગાળ્યા. આ ત્રણે આવૃત્તિઓનું પરિશીલન કરવાથી વિદિત થાય છે કે પ્રત્યેક આવૃત્તિમાં ગ્રંથકારનું મતાંતર થયું છે. તેઓ પોતાના તૃતીયાવૃત્તિની પ્રસ્તાવનાના અંતિમ ભાગમાં લખે છે કે "છેવટે મારે એટલુંજ કહેવાનું છે કે શ્રી કૃષ્ણનું ઇશ્વરત્વ પ્રતિપાદન કરવાનો આ ગ્રંથનો ઉદ્દેશ નથી; તેમના માનવ ચરિત્રની સમાલોચનાજ કરવાનો

મારો ઉદ્દેશ છે. શ્રી કૃષ્ણ ઇશ્વિર હતા એ વાતપર મને પૂર્ણ શ્રદ્ધા છે અને મારો તે મત હું ગુપ્ત રાખતો નથી, પરંતુ વાંચકોએ મારાજ મતનું અવલંબન કરવું એવો મારો તેમને આગ્રહ નથી." આ લેખ ઉપરથી તેનો સત્ય પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ જણાઇ આવે છે.

બાબુ બંકીમચંદ્ર અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં અત્યંત પ્રવીણ હતા. એમણે આધુનિક શાસ્ત્રોનો અભ્યાસ કરી પોતાના દેશ બાંધવોને તેનો રસ ચખાડવાને તથા તેનું જ્ઞાન આપવાને માટે ઇ. સ. ૧૮૭૨ ની સાલમાં "બંગદર્શન" નામનું એક માસિક બંગાળી ભાષામાં શરૂ કર્યું. આ માસિકની ભાષા શૈલી અને વિષયોની મનોરમતાને લીધે તે માસિકની અત્યંત ખ્યાતિ થઇ; વળી એઓ "પ્રચાર" અને "નવજીબન" માસિકોની સાથે પણ લેખક તરિકેનો સંબંધ ધરાવતા હતા. આ ગ્રંથકારનું 'કવિતા પ્રકાશક' નામનું એક કવિતા સંગ્રહનું પુસ્તક ઇ. સ. ૧૮૭૮ માં બહાર પડયું. આ કવિતાનું ભાષામાધુર્ય અને તેમાંની વિચાર શ્રેણી અતી આશ્ચર્યકારક છે અને તેમાં ઉપમાની રેલછેલ છે.

એમની ગૃહ સ્થિતિની વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ થતી નથી. એમના પિતાનું નામ યાદવચંદ્ર હતું અને એને ત્રણ સહોદર હતા. એમણે પ્રથમ હુગલી કૉલેજમાં અભ્યાસ કર્યો અને તત્પશ્ચાત્ તેમણે પ્રેસીડંસી કૉલેજમાં કાયદાનો અભ્યાસ કર્યો. કલકત્તાના વિશ્વવિદ્યાલયમાં જે વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ઉત્તીર્ણ થયા, તેમાંના એઓ એક હતા. એમણે ડેપ્યુટિ મેજીસ્ટ્રેટ અને ક્લેકટરના ઓદ્ધા ઘણા દિવસ ભોગવ્યા હતા અને તેમને સરકાર તરફથી 'રાય બહાદુર' અને 'સી. આઇ. ઇ.' ના ખિતાબો મળ્યા હતા. એઓ ગ્રંથકાર તરિકેની કીર્તિ અમર રાખી આ નશ્વર વિશ્વમાંથી ઈ. સ. ૧૮૯૪ ના મે મહિનામાં મરણ પામ્યા. એમનું મરણ પોતાની ૫૭ વર્ષની વયે થયું.

નૉવેલમાળા.

વાંચકબંધુ ! મારી જીંદગીનો ઉદ્દેશ ગુજરાતી વાંચકોની સાહિત્ય સેવા કરવાનો છે અને એ સેવા આજ હું દશ વર્ષથી કરતો આવ્યો છું. સાહિત્ય પ્રજાનું કેવું મોટું અંગ છે એ વાત સુજ્ઞ વાંચકમાંના ઘણાઓને તો સુવિદિતજ હશે! તો હવે તેની પ્રશંસા કરીને મિથ્યા વખત શા માટે લેવો ? સાહિત્યનાં અંગ ઉપાંગ અનેક છે. સાહિત્યનો કેટલોક તો એવો કચરો બહાર પડે છે કે તે પ્રજાને કશો ફાયદો નથી કરતો એટલુંજ નહિ પરંતુ ઉલટું નુકશાન કરે છે. આવા કચરારૂપ સાહિત્યથી વાંચકના ચિત્તને પરાવૃત્ત કરીને હિતકારક સાહિત્ય પ્રતિ તેમનું લક્ષ ખેંચવું એવો અમારો હેતુ છે.

એક વખત જો લેખકો તથા પ્રકાશકો સ્વાત્મભોગ આપીને સારૂં અને સસ્તું સાહિત્ય ફેલાવવાનો પ્રયત્ન કરે તો અંતે તેમને પણ ફાયદો થાય અને લોકોપકાર પણ થાય. એવી સૂચના 'સસ્તું સાહિત્ય વર્ધક મંડળ'ના માનદ મંત્રી પરમપૂજ્ય મહારાજશ્રી અખંડાનંદજી તરફથી મને મળતાં મેં મારા સ્વભાવને અનુસરીને એ વાતનો સ્વિકાર કર્યો અને પરિણામે આ યોજના હું વાંચકની સમક્ષ સાદર કરૂં છું. ચોતરફથી વાત સંભળાય છે કે નૉવેલોના વાંચનાર અધુના પુષ્કળ છે અને ધાર્મિક તથા દાર્શનિક પુસ્તકો કરતાં નૉવેલોને પ્રજા સારૂં ઉત્તેજન આપે છે. આથી મને વિચાર થયો કે નૉવેલમાળા જો શરૂ કરવામાં આવે તો અન્ય કોટિનાં પુસ્તકોના સંબંધમાં જેમ ગાંઠનાં ગોપીચંદ કરવા પડે છે તેમ નૉવેલમાળાના સંબંધમાં બનવા પામે નહિ અને એથી સ્વદેશ સેવા પણ ઉત્તમ પ્રકારે કરી શકાય. બાકી મારો મૂળ ઉદ્દેશ તો ઉચ્ચ જ્ઞાનનોજ પ્રસાર કરવાનો છે. પરંતુ એ સર્વ

નૉવેલદ્વારા થોડે ઘણે અંશે થઈ શકશે એવી ખાત્રી થવાથી હું નૉવેલ-માળાનો પ્રારંભ કરવાને ઉદ્યુક્ત થાઉં છું.

આ નૉવેલમાળાનું વાર્ષિક લવાજમ વર્ષનો રૂ. ૧-૦-૦ રાખવામાં આવ્યું છે એટલે એ માળા 'સસ્તું સાહિત્યવર્ધક મંડળ'ના ધોરણપરજ શરૂ કરવામાં આવી છે.

બંગાળી, અંગ્રેજી તથા મરાઠી ભાષામાં જે ઉત્તમોત્તમ નૉવેલો હોય તે સર્વ ગુજરાતીમાં ભાષાંતર કરીને તેનો પ્રચાર કરવાનો મારો વિચાર છે. ખાસ કરીને ઐતિહાસિક નૉવેલો પ્રતિ વિશેષ લક્ષ આપવામાં આવશે. ઉત્તમોત્તમ સાંસારિક નૉવેલોને પણ વિસરી જવામાં આવશે નહિ. પાશ્ચાત્ય દેશોમાં જનમત કેળવવામાં નૉવેલોએ અગ્રણી ભાગ લીધો છે અને તે કાર્ય આપણા દેશમાં પણ કેટલેક અંશે નૉવેલોએ બજાવ્યું છે. વળી અમારા તરફથી જે નૉવેલો પ્રકટ કરવામાં આવશે તે ઉચ્ચ કોટિનાં હશે, કારણ કે તેમાં શૃંગારને પ્રાધાન્ય આપવામાં આવશે નહિ. ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કળાકૌશલ્ય, નીતિ આદિનાં સૂક્ષ્મ તત્ત્વોને અમે નૉવેલદ્વારા લોકોના મનપર ઠસાવવા ઇચ્છીએ છીએ. જો પ્રજા તરફથી અમને યોગ્ય ઉત્તેજન મળશે તો અમે આથી પણ વિશેષ સેવા બજાવી શકીશું. અમે બે માસે ૭ ફૉર્મનું એક નૉવેલ અમારાં ગ્રાહકોને આપવાનો ઠરાવ કર્યો છે પરંતુ જો નૉવેલ મોટું થશે તો બે ત્રણ ચાર કે તેથી પણ વધુ અંકો સાથે આપી દઈશું.

અમે પ્રથમ મણકા તરિકે " ઇંદિરા અને રઘુનાથ " તથા દ્વિતીય મણકા તરિકે બંગાળી ભાષાના સર્વોત્તમ લેખક બાબુશ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની એક નવલકથાનું ભાષાંતર " વિષલતા " પાઠકોની આગળ સાદર કરીએ છીએ, તે તેમના આદરને પાત્ર થશેજ. એવી અમને સંપૂર્ણ આશા છે. અમે કેવી કેવી નવલકથાઓ પાઠકોની સેવામાં રજુ

કરીશું તેનો કાંઈક ખ્યાલ આપવાને ખાતર એટલુંજ કહેવું બસ થશે કે બાબુ શ્રી બંકિમચંદ્રે જે જે નૉવેલો બંગાળી ભાષામાં લખ્યાં છે તે સર્વેનાં ભાષાંતર અમે પ્રકટ કરીશું. ગુજરાતી ભાષામાં તેમનાં કેટલાંક પુસ્તકોનું ભાષાંતર થયું હશે, પરંતુ તેનું મૂલ્ય વિશેષ હોવાથી સામાન્ય પાઠકને માટે તે સર્વથૈવ નિરુપયોગી છે. મરાઠી ભાષાનાં ઉત્તમોત્તમ નૉવેલોનાં ભાષાંતર પણ અમે પ્રસિદ્ધ કરીશું. અને હિંદી ભાષામાંથી પણ લેવા જેવાં નૉવેલો લઇશું. એટલું કહીને વિરમીએ છીએ. ગ્રાહક થવું હોય તેમણે નિમ્ન લિખિત શિરોનામે પત્ર વ્યવહાર કરવો.

રત્નસિંહ દિપસિંહ પરમાર.

ડભોલી–પોસ્ટ સિગનપોર.

વાયા-**સુરત.**

A DIVINE MESSAGE.

It is our greatest ambition to enrich the Gujarati literatute to the best of our capabilities. We shall leave no stone unturned to embellish our mother tongue, so far as our circumstances and our capabilities will permit. And remember we enter the arena not without sufficient provision of magazine. Of course, there are some obstacles in our way but if we are true to ourself they will ultimately be won over. And we are no trader in literature. We have a divine work to do with complete self-effacement for the benefit of the people. Let those who have a calculating turn of mind despair of ever seeing the Gujarati language possess a good literature upon the various subjects of human interest and human progress. But we do not care for loss or gain. We simply know how to do the work which God has appointed us to do in the best way we can. We love the art and not the money. We still more love the work which is calculated to promote the welfare of the people. We have great enthusiasm for work and that in itself is the best reward that we can expect either in this world or in the next. We have a divine message to give and that given we shall leave the field.

Ratnasingh Dipsingh Parmar.

વિષલતા.

પ્રથમ પરિચ્છેદ.

વસંતઋતુની કારકીર્દિ સમાપ્ત થઈ ગ્રીષ્મ ઋતુએ પોતાનો અમલ બેસાડવાનો પ્રારંભ કર્યો છે અને તેને એકાદ માસ વ્યતીત થઇ ગયો છે. વૈશાખ માસ સંપૂર્ણ થઇ જ્યેષ્ઠના પણ કેટલાક દિવસ વ્યતીત થઈ ગયા છે. ગ્રામમાં અને અરણ્યમાં ચારે તરફ નાનાં મોટાં વૃક્ષોને નવપલ્લવો ફુટયા છે. આ દિવસો પ્રખર ઉન્હાળાના હોવાથી નદીઓ, તળાવો, કૂપો પ્રભૃતિ જળાશયોમાંનું પાણી સુકાઈ ગયું છે. સમય સંધ્યાનો હતો અને પર્જન્ય કાળનું પ્રથમ મૃગ નક્ષત્ર બેસવાને અદ્યાપ થોડો અવકાશ હોવાથી નિત્ય નિયમ પ્રમાણે આકાશ પૂર્વ દિશામાં અભ્રથી વ્યાપ્ત થયું હતું, અને વચ્ચે વચ્ચે વિદ્યુલ્લતા પણ વારંવાર ચમકારા મારતી હતી. રહી રહીને મેઘની મંદ મંદ ગર્જના થતી હતી. આ સર્વ રંગઢંગ જોઈ કૃષિકાર લોકો એકદમ ઉદ્યમે લાગી ગયા હતા. હવે વર્ષા કયારે થશે તેનો કાંઇ મેળ ન હોવાથી તે લોકો પોતાના ક્ષેત્રનાં શેષ રહેલાં સર્વ કાર્યો ઝપાટાબંધ સમાપ્ત કરી લેવા લાગ્યા હતા. અરણ્યમાંથી ઢોર અને બકરાંનાં ટોળાંનાં ટોળાં ગ્રીષ્મઋતુના પ્રખર તાપને લીધે દોડી દોડીને ઘર તરફ આવતાં હતાં. દિનચર પક્ષીઓ પણ રાત્રિની વિશ્રાંતિ લેવાને માટે તિમિર પટથી પૃથ્વી આવૃત થયા પૂર્વે પોતાના માળામાં જઇ પહોંચવાના ઉદ્દેશથી કલકલાટ કરતાં કરતાં ઉડતાં જતાં હતાં.

આકાશ અભ્રાચ્છાદિત હોવાથી વાયુની ગતિ સર્વાંશે કુંઠિત થઇ છે. ક્યાંય વૃક્ષનાં પાંદડાં પણ હાલતાં નથી. તેથી ગ્રામનાં સાધારણ પ્રતીના લોકો હાથમાં પંખા લઇ તેને હલાવતા હલાવતા પોતાના ઘરના આંગણામાં બેસી વાતો કરે છે. જમીનદાર વગેરે શ્રીમંત લોકો નોકરોની પાસે પોતાના આંગણામાં જળસિંચન કરાવી, ત્યાં જાજમ વગેરે પથરાવી ગાદીતકીયા ગોઠવાવી તેના પર બેઠા છે અને દાસ મંડળ તેમને પંખાવતી મંદમંદ પવન નાંખે છે. તેમના ઘરોની આ-સપાસનાં ઉદ્યાનમાં જાઈ, જુઈ, મોગરા, બકુલ પ્રભૃતિ અનેક પુષ્પ વૃક્ષો આવી રહ્યાં છે તેમનો સુમધુર સુવાસ પવનની મંદ લહરિઓના સાથે મિશ્રિત થઇને તેમના મનને આનંદ આપે છે. તેમના કારકુનો આંખપર ચશ્મા ચઢાવી દફ્તરો છોડી આમતેમ કાગળો ઉથલપાથલ કરે છે. તેમની ચારે તરફ અનેક કૃષિકારો એકત્રિત થયા છે અને તેઓ "પાછલાં વર્ષની બાકી અમારી પાસે રહી નથી, માટે અમને આ વર્ષે ગણોતે જમીન આપશો" એવી માગણી કરે છે. પાછલાં વર્ષનું ગણોત કોની પાસેથી બરાબર મળ્યું, કયા ખેડુતે ગણોત વસુલ કરતાં ત્રાસ આપ્યો, કોની પાસે ગણોત બાકી રહ્યું વગેરે અનેક પ્રકારની હકિકત કારકુનો પોતાના શેઠોને સમજાવે છે. જે ગણોતીઆની પાસેથી ગણોત આવ્યું ન હોય અને આવવાની આશા પણ ન હોય, તે ગણોતીઆપર પ્રગણા ન્યાયાધીશની અદાલતમાં ફરિયાદ કરવી અને ત્યાં ન્યાય ન મળે તો જીલ્લાના વરિષ્ઠ ન્યાયાધીશ કને દાદ માગવી વગેરે બાબતો વિષે વિચાર ચાલે છે. કારણ કે આ સર્વ બાબતોનો નિર્ણય વર્ષા આવે તે પૂર્વે કરી નાંખવો જોઇએ; નહિ તો કેટલીક જમીન ગણોતે સોંપાયા વિના રહી જાય અને સરકારનું મહેસુલ ઘેરથી ભરવું પડે. આવી ભાંજગડમાં સર્વ જમીનદારો ગુંથાયા હતા.

આ વખતે નગેંદ્રદત્તની હવેલીમાં પણ આવોજ પ્રકાર ચાલી

રહ્યો હતો. બંગાળા ઇલાકામાં ભાગીરથી નદીને તીરે ગોવિંદપુર નામનું એક નાનું નગર છે, ત્યાંથી અર્ધકોશના અંતરપર હરિપૂર નામનું એક નાનું ગ્રામ છે. તે ગ્રામમાં નગેંદ્રદત્ત રહેતો હતો. એ ગ્રામ એટલું નાનું હતું કે સાધારણ રીતે ગોવિંદપુરમાંજ તેની ગણના થતી હતી. નગેંદ્ર ગોવિંદપુરનો પ્રખ્યાત જમીનદાર હતો, અને તે અતી શ્રીમંત હતો. તેનો વ્યવસાય જમીનદારીનો હતો. આ અરસામાં તેણે એક ગણોતીઆપર પાછલા વર્ષની બાકી વસુલ કરવાને માટે ગોવિંદપુરના જીલ્લા ન્યાયાધીશની અદાલતમાં ફરિયાદ કરી હતી. પરંતુ ત્યાં બરાબર ન્યાય મળ્યો નહિ તેથી તેણે કલકત્તાના સર્ ન્યાયાધીશની કોર્ટમાં ફરિયાદ કરી દાદ માગી હતી. આ મુકર્દમાના નિર્ણયને માટે અર્જી કર્યા પછી બરાબર એક મહિનાનો ઠરાવ પડયો હતો.

એક દિવસ રાત્રિને સમયે નગેંદ્રદત્ત પોતાના કારકુનદ્વારા એક મહત્વના મુકર્દમાની હકિકત સમજી લેતો હતો, તે વખતે એકાએક તેને ઉપરોક્ત ઠરાવની તારિખનું સ્મરણ થયું અને બીજે દિવસે પ્રાતઃકાળમાં જો તે કલકત્તા જવાને નીકળે નહિ તો તે તેજ તારિખે ત્યાં જઈ શકે એવો સંભવ નહોતો. તેથી સર્વ કામની વ્યવસ્થા કારકુનને સોંપી તે તરતજ કલકત્તા તરફ રવાના થવાની તૈયારી કરવા લાગ્યો. તેણે પોતાના એક નોકરદ્વારા હોડીવાળાપર કહેણુ મોકલ્યું કે કાલે પ્રાતઃકાળમાં ઘાટપર એક નાવ તૈયાર રાખજે અને તારી સાથે બીજા બે નાવિકો પણ તૈયાર રાખજે. ચાકરને આ રીતે નાવિક કને મોકલ્યા પછી તે મારે સ્વતઃ કલકત્તા જવું પડશે એવી ખબર પોતાની પત્નિને આપવાને માટે અંતર્ગૃહમાં ગયો.

નગેંદ્ર તરુણ વયનો હતો. તેની ઉમ્મર ત્રીસ વર્ષની અંદર હતી અને તેની પત્નિ સૂર્યમુખી તેના કરતાં ત્રણ ચાર વર્ષે નાની અર્થાત્ પ્રાયઃ પચ્ચીસ વર્ષની હતી. ઉભય રૂપમાં સુંદર હતાં. સૂર્યમુખી

અહલ્યા, દ્રૌપદી ઇત્યાદિ સ્ત્રીઓની પેઠે પતિવ્રતા હતી એમ કહેવાને જરા પણ હરકત નથી. તે પોતાના પતિપર અતી અસાધારણ પ્રેમ રાખતી હતી. પોતાના પતિનાં વચનનો અનાદર કરવો, કિંવા કોઇ પણ પ્રકારે તેનું મન દુભાવવું એ પાતક છે એમ તેને લાગતું હતું. તેને આધુનિક રમણીઓની પેઠે લખતાં વાંચતાં આવડતું હતું. તે અતિ સદ્‌ગુણી અને સુશીલ હતી અને પોતાના પતિને જેથી સુખ અને સંતોષ થાય એવું આચરણ નિત્ય રાખતી હતી. પતિની સેવા કરી પોતાના અવકાશનો સમય તે પોથી પુરાણ વાંચવામાં ગાળતી હતી. તે અત્યંત સ્વધર્મનિષ્ઠ હતી. પતિનો ક્ષણ ભર પણ વિયોગ થવાથી તે સાધ્વીને તે યુગ જેવો લાગતો હતો. આવા તેના શુદ્ધાચરણથી નગેંદ્ર પણ તેને પ્રાણાધિક ગણતો હતો અને તેની સાથે તે નિત્ય નિષ્કાપટયથી વર્તતો હતો. કોઇ પણ કાર્ય–પછી તે ક્ષુલ્લક હો વા મહત્વનું હો–બહુધા તેની સમ્મતિ વિના તે કરતો નહોતો. અસ્તુ!

કચેરીમાંથી ઉઠીને નગેંદ્ર પોતાની પત્નિ કને ગયો અને "એક અગત્યના કામને માટે કાલે પ્રાતઃકાળે મારે કલકત્તા અવશ્ય જવુંજ પડશે" એમ તેને સમજાવીને કહ્યું. પોતાના પતિના આ શબ્દો સાંભળી તેને ઘણું ખોટું લાગ્યું અને તે બોલી "આ દિવસો ગ્રીષ્મ ઋતુની આખરના છે અને વર્ષાૠતુ માથાપર ઝઝુમી રહી છે. નદીઓમાં અને સમુદ્રોમાં નિત્ય તોફાનો થાય છે એમ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ અને સાંભળીએ છીએ; માટે જાણી જોઇને જીવને જોખમમાં નાંખવાનું સાહસ આપ કરશો માં. કલકત્તા જવાની રજા હું મૂળે આપનાર નથી." પરંતુ નગેંદ્રે જ્યારે "કામ અતી મહત્વનું છે; જો હું આવતી કાલે સવારે અહિંઆંથી જવાને નીકળીશ નહિ તો આપણુને મોટું નુકશાન થશે." એમ કહીને તેને યથાર્થ સમજ પાડી ત્યારે તેણે નિરુપાયે પોતાની સમ્મતિ આપી. પરંતુ તેની પાસેથી

એવું વચન માગી લીધું કે "જો એકાદ તોફાન થવાનો સંભવ જણાય તો તરતજ એ મહત્વનું કામંબામ સર્વ બાજુએ મુકીને નાવડી કીનારે લઇ જવી" નગેંદ્રે તેના કહેવા પ્રમાણે તેને વચન આપ્યું.

બીજે દિવસે નગેંદ્રે મોટા મળસ્કામાં ઉઠીને સ્નાનાદિક નિત્ય કર્મ સત્વર આટોપી લીધાં અને ભોજન પ્રાશન કરી સૂર્યમુખીની રજા લીધી. પછી તે પોતાના નોકર ચાકર સહવર્તમાન ભાગીરથના ઘાટપર ગયો. ત્યાં તેની આજ્ઞા પ્રમાણે નાવ સર્વ સાહિત્યો સાથે તૈયારજ હતી. નાવમાં બેસી તે કલકત્તા તરફ જવાને નીકળ્યો. આ સમય તો તોફાનનો હતો. કારણ કે જ્યેષ્ઠ માસ અર્ધો વ્યતીત થઇ ગયો હતો. નિત્ય સંધ્યાકાળે આકાશ અભ્રાચ્છાદિત થતું હતું, મેઘ ગર્જના થતી હતી અને પ્રચંડ પવન વાતો હતો. નગેંદ્રના હૃદયમાં ભીતિ ઉત્પન્ન થઈ હતી, પરંતુ 'જો હું કલકત્તા જઈશ નહિ તો મુકર્દમાનો નિર્ણય મુલતવી રહેશે' એવો વિચાર કરી તેણે હૃદયને ધીટ બનાવ્યું. પણ તોફાન થવાનો સંભવ જણાય તો પોતાની પત્નિને આપેલાં વચનાનુસાર સાવધતાથી તરતજ હોડી કિનારાપર લઇ જવાનો નિશ્ચય કર્યો.

નગેંદ્ર પોતાના ઘરનીજ હોડીમાં બેસીને જવા નીકળ્યો હતો. પહેલા એક બે દિવસ તો કાંઇ તોફાન થયું નહિ. નદિના પાણીમાં મોટા તરંગો ઉઠયા નહિ. વચ્ચે વચ્ચે માત્ર નાના તરંગોથી હોડીમાં ચંચળતા ઉત્પન્ન થતી અને તેથી થોડો અવાજ થતો. નદીના બન્ને તટપર મોટા મોટા ઘાટ દેખાતા હતા અને ગોવાળો પોતાનાં ઢોર ચારતા પણ જણાતા હતા. તેમાંના કેટલાક વૃક્ષ નીચે બેસી સુંદર ગાયનો ગાતા હતા, કોઈ ધુમ્રપાન કરતા હતા, કોઇ જુદાં જુદાં નામથી પોતાના ગાય બળદાદિને બોલાવતા હતા, કોઇ પરસ્પર ધીંગા-મસ્તી કરતા હતા, કેટલાક પોતાનાં વસ્ત્ર પત્થર પર ઘસી ઘસીને ધોતા

હતા, કેટલાકના ગળામાં રૂપાની તાવીજ અને કાળા દોરાની રસી બાં-ધવામાં આવી હતી. કેટલીક સ્ત્રીઓ પણ નદી પર ઉપસ્થિત હતી, તેમના નાકમાં ખોટાં મોતીની નથ અને હાથમાં કોણી પર્યંત થર પહેરેલા હતા. કેટલીક સ્ત્રીઓ માથાના વાળ છુટા મૂકી સ્નાન કરવાની તૈયારી કરી રહી છે અને પરસ્પર ધીમે ધીમે વાત કરે છે. એક સ્ત્રી મસ્તકમાં મૃતિકા ઘાલી પોતાના વાળ ચોળતી હતી, બીજી પોતાના બાળકને કાંઇક અપરાધને માટે મારે છે, એક પોતાની પડોશણની સાથે મોધમ રીતે કોઇની નિંદા કરતી બેઠી છે. હોડી આગળ જતાં છેક કિનારાની પાસે આવી પહોંચી તો તેમાં બેઠેલાં માણસોને કેટલીક મધ્યમ સ્થિતિની સ્ત્રીઓ એક ઘાટ પર એકત્રિત થયેલી દ્રષ્ટિગોચર થઇ. તેમાંની જે મધ્યમ વયની હતી તે શીવની પૂજા કરતી હતી; વૃદ્ધ સ્ત્રીઓ માત્ર પરસ્પર વાર્તાલાપ કરતી હતી. નાની છોકરીઓ પાણીમાં ડૂબકી મારતી હતી. નાનાં છોકરાંઓ અત્યંત કલબલાટ કરતાં હતાં, કેટલાંક છોકરાં ધૂળમાં રમતાં હતાં, કેટલાંક દેવને ચઢાવેલાં પુષ્પો કાઢી લેતાં હતાં, કેટલાંક પાણીમાં ન્હાતાં હતાં અને એક બીજા પર પાણી ઉરાડતાં હતાં. કેટલાંક એકાદ સ્ત્રી પાસે જઇ શિવ પૂજાને માટે તૈયાર કરેલું શીવલીંગ તેની પાસેથી લઇને દૂર નાસી જતાં હતાં અને તે ગાળ દેવા લાગે એટલે સર્વે એકઠાં થઈ ખડખડ દાંત કાઢતાં હતાં. કેટલાક બ્રાહ્મણ નિત્ય નિયમાનુસાર ઘાટપર આવી અંગ પર ભસ્મ લગાડી સંધ્યા કરતા બેઠા હતા; અને કેટલાક ગંગાષ્ટકનો પાઠ મુખથી બોલી ધીમે ધીમે આમ તેમ ફરતા હતા.

ત્રીજે પ્રહર થતાં સૂર્યની પ્રખર ઉષ્ણતાથી હવા તપ્ત થવાને લીધે ઉષ્ણ પવન ધીમે ધીમે વાવા લાગ્યો; આકાશમાં શુભ્ર અભ્ર ચઢી આવ્યાં અને તેની નીચે ઇતસ્તતઃ ઉડતાં પક્ષીઓ કાળાં ટપકાં જેવાં દેખાતાં હતાં. નાળિયેરીની ટોચ ઉપર ગીધ બેસી એકાદ સંસ્થા-

નિકના કારભારીની પેઠે કયા ભક્ષ્ય ઉપર ઝડપ મારી શકાશે એવા વિચારથી તીક્ષ્ણ નજર કરી ચારે તરફ જોતો હતો. કેટલાંક પક્ષીઓ ભક્ષ્યને માટે પાણીમાં ડૂબકી મારતાં હતાં. કેટલાંક આનંદથી ફાવે તેમ ઉડતાં હતાં. નગેંદ્રની હોડીની સાથે અન્ય પણ પુષ્કળ હોડીઓ ચાલતી હતી. કેટલીક હોડીઓમાં નિત્ય વેચવાની વસ્તુઓ ભરવામાં આવી હતી. ઘરની હોડીવાળાઓ પોતાની હોડી જલદી હંકારતા હતા. ઉતારૂ લોકોને લઇ જનાર હોડીવાળાઓ સ્વતઃનું કાંઇ અગત્યનું કામ ન હોવાથી પોતાની હોડી ધીમે ધીમે હંકારતા હતા. અને માલની હોડીઓની જવાબદારી સઘળી માલના માલિકનેજ શીર હોવાથી તેમાં બેદરકારી ભરેલો કારભાર ચાલતો હતો.

નગેંદ્રે પોતાનું ઘર છોડયું તેને ત્રીજે દિવસે સંધ્યાકાળે આકાશમાં એકાએક અભ્રા ચઢી આવ્યાં અને ધીમે ધીમે ચારે તરફ પ્રસરી ગયાં. નદીના પાણીમાં અભ્રનું પ્રતિબિંબ પડવાથી તે સર્વાંશે શ્યામ બની ગયું. પ્રચંડ પવન છૂટયો અને વૃક્ષો ડોલવા લાગ્યાં. ટીટુડા અને બીજાં અનેક પ્રકારનાં પક્ષીઓ નાના શબ્દો કરી હવામાં ઇતસ્તતઃ ઉડવા લાગ્યાં; અને નદીનું પાણી સર્વથા સ્થિર થયું. આ સર્વ ચિન્હો જોઇ નગેંદ્રને લાગ્યું કે હવે અવસ્ય તોફાન થનાર છે, તેથી તેણે હોડીને કિનારે લેઈ જવાની આજ્ઞા કરી. નાવિકોમાં રહિમતુલ્લા નામનો એક મુસલમાન સુકાની હતો. તેણે નગેંદ્રની આજ્ઞા પ્રત્યે લેશ પણ લક્ષ્ય આપ્યું નહિ, અને જરા પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. કારણ કે તેણે નમાજ પઢવા માંડી હતી. રહિમતુલ્લા સુકાની કહેવાતો હતો ખરો, પરંતુ તેને તે કામ જરા પણ આવડતું નહોતું, તેની મમાઇ નાવિકની પુત્રી હતી તેટલા માટેજ તેને આ જગા મળી હતી. વસ્તુતઃ તેને નાવ ચલાવવાનું કામ જરા પણ આવડતું નહોતું. તે કામનો તેણે લેશ પણ અભ્યાસ કર્યો નહોતો. તે પૂરો દૈવવાદી હતો. તેના

હાથથી કાંઇ પણ કાર્ય થતું નહોતું અને થવાનો સંભવ નહોતો, પરંતુ તે ગપાટા હાંકવામાં પ્હેલો નંબર હતો. જ્યારે મુલ્લાંની નમાજ પુરી થઈ ત્યારે તે નગેંદ્ર તરફ દ્રષ્ટિપાત કરીને બોલ્યો " ખાવિંદ, આપ ડરના નહિ, ડરનેકા સબબ તો બિલકુલ નહિ હય." થોડીવારમાં સર્વ નાવિકોએ મળી તે હોડીને કિનારાપર લાવી મૂકી.

ખરેખર રહિમતુલ્લાના ઉપર દૈવનો પૂર્વનો કોપ હતો અને તેણે તે આ પ્રસંગેજ તેનાપર ખાલી કર્યો, એમ કહેવામાં કાંઈ હરકત નથી. કારણ કે તરતજ મોટું તોફાન થયું. પ્રથમતઃ પ્રચંડ પવન છૂટયો. તેણે વૃક્ષ શાખાઓ સાથે કેટલીકવાર સુધી ધીંગામસ્તી કર્યા પછી પોતાનો પ્રિય સખા જે વર્ષાદ તેને બોલાવ્યો. ઉભયે મળીને ભારે તોફાન કરી મૂક્યું. વર્ષાદ દાદાએ પોતાના મિત્ર પવનની પીઠપર બેસીને વેગથી પ્રવાસ કરવા માંડયો. વૃક્ષનાં થડ નમી ગયાં, શાખાઓ તૂટી પડી; વૃક્ષપરની વેલીઓ ભૂમીપર આવી પડી; નદીમાં મોટા મોટા તરંગો ઉત્પન્ન થયા; આ પ્રકારે ચારે તરફ તોફાન થઈ રહ્યું. પવને મુલ્લાંની ટોપી દૂર ફેંકી દીધી અને વર્ષાદે તેની દાઢી જલમય બનાવી દીધી. આ પ્રકાર જોતાં વારજ નાવિકોએ સઢ ઉતારી પાડયા. નગેંદ્ર નાવમાં એક ખોલી સરખી જગામાં બેઠો હતો. તેણે આ તોફાન જોઇને પેલી ખોલીની બારીઓ બંધ કરી દીધી અને ત્યાર પછી તે બારીઓ પુનઃ ઉઘાડી પોતાના ચાકરદ્વારા બારણે પડેલો ભીંજાતો સામાન મંગાવી અંદર લઇ લીધો.

આ પ્રસંગે નગેંદ્રના મનની સ્થિતિ અાત વિલક્ષણ થઇ હતી. હવે શું કરવું તેની તેને લેશ પણ સમજ પડી નહિ. તોફાનની ભીતિથી જો તે હોડીની બહાર ચાલ્યો જાય તો નાવિક લોકો તેને ડરપોક ગણે, અને જો હોડીમાંજ બેસી રહે તો સૂર્યમુખીને આપેલાં વચનનો ભંગ કરેલો કહેવાય. આ રીતે તેની સ્થિતિ ' સુડી વચ્ચે સોપારી '

જેવી થઇ. હવે કોઇ એવો પ્રશ્ન કરે કે 'બહાર ન નીકળતાં હોડીમાંજ બેસી રહે તો તેને શું નુકશાન ?' તો તેનો ઉત્તર અમારાથી આપી શકાતો નથી, પરંતુ તેમ કરવાથી નુકશાન હતું એમ નગેંદ્રને તો લાગ્યું. એટલામાં રહિમતુલ્લા તેના પ્રત્યે બોલ્યો "ખાવિંદ, લંગરકા દોર બહુત જૂના હો ગયા હૈ; ઔર ઇસ બખ્ત ક્યા એહવાલ આ પહુંચેગા યહ કુછ હમ કહ શકતા નહિ. તુફાન તો ખુબ જોરસેં ચલ રહા હૈ. ઇસ વાસ્તે મેરેકું ઐસા લગતા હૈ કે આપ બોટકે બહાર નીકલ પડના યેહિ અચ્છા હૈ" આ સાંભળી નગેંદ્રે હોડીમાંથી બહાર ભુસ્કો માર્યો અને તે તરતજ કિનારાપર જઇ પડયો.

વર્ષાદનું ભયંકર તોફાન ચાલતું હોવાથી કોઈ પણ પ્રકારના આશ્રય વિના નદિના કિનારાપર બેસી રહેવું કોઇ માણસને પરવડી શકે નહિ અને હમણાં તોફાન બંધ થશે એવાં ચિન્હ દેખાતાં નહોતાં. માટે કોઈ પણ આશ્રય સ્થાન શોધી કાઢવું એવો વિચાર કરી નગેંદ્ર ત્યાંથી એક નિકટના ગામમાં જવાને નીકળ્યો. સૌથી નિકટ આવેલું ગામ પણ ઘણું દૂર હતું અને રસ્તો પણ વર્ષાદને લીધે કાદવવાળો થયો હતો. પરંતુ થોડી વારમાં પવન અને વર્ષાદ કમી થયો, પણ આકાશમાં અભ્ર તો કાયમજ હતાં, અને વિદ્યુત્ પણ ચમકતી હતી. આથી રાત્રિએ પવન અને વર્ષાદ પુનઃ શરૂ થશે એવાં ચિન્હ દ્રષ્ટિગોચર થતાં હતાં. તથાપિ નગેંદ્ર પાછો ન ફરતાં પોતાના ચાકરોની સાથે આગળજ ચાલ્યો.

સૂર્યાસ્ત થયાને ઘણોજ થોડો વખત થયો હતો, તોપણ સર્વ આકાશ અભ્રથી વ્યાપ્ત હતું અને તેથી ઘોર તિમિર સર્વત્ર પ્રસરી રહ્યું હતું. ગામ, ઘર, મેદાન, રસ્તો, ખાડી, નદી, નાળાં એમાંનું કાંઈ પણ ઓળખી શકાતું નહોતું. માત્ર વૃક્ષોના ઉપર ઝાંખો પ્રકાશ નાંખતાં પતંગીઆં બેઠેલાં હોવાથી ઇશ્વિરે આ રત્ન ખચિત વૃક્ષો તૈયાર કીધાં

છે કે શું એવો ભાસ થતો હતો. વચ્ચે વચ્ચે કાળાં સ્થિર અભ્રમાંથી વિદ્યુલ્લતા પણ ચમકારા મારતી હતી. પ્રકટજ છે કે સ્રીને ચઢેલો ક્રોધ એકદમ શાંત થતો નથી. હમણાંજ પડી ગયેલા વર્ષાદથી દેડકાને આનંદ થયો હતો અને તેઓ પાણીમાં એકત્ર થઇને ડ્રૂં ડ્રૂંનો આક્રોશ કરતા હતા. દેડકા આટલો બધો અવાજ કરતા હતા તોપણ વૃક્ષપર વર્ષાદનાં બિંદુ ધીમે ધીમે પડતાં હતાં તેનો 'ટપ્ ટપ્' અવાજ સ્પષ્ટ રીતે સાંભળી શકાતો હતો. વચ્ચે વચ્ચે કાદવમાં ચાલતાં કોલ્હાંનો અવાજ, વૃક્ષપર બેઠેલાં પક્ષીઓનો પોતાની પાંખપરથી પાણી ખંખેરી કાઢવાનો ફડફડ ધ્વનિ અને કદિ કદિ પવનનો સૂક્ષ્મ અવાજ પણ સ્પષ્ટ રીતે સંભળાતો હતો. આ પ્રમાણે નગેંદ્ર ચાલ્યો જતો હતો એટલે થોડાક અંતરપર તેની દ્રષ્ટિએ એક દિપક પડયો. તે સાવધતાથી કાદવમાં પગ મુકી તથા રસ્તાપરથી કોલ્હાંને નસાડી મુકી દિપકની દિશા તરફ ચાલ્યો અને તેની નિકટ જઇને જુએ છે તો તેને એક તૂટી પડેલા ઘરમાંથી તે પ્રકાશ આવે છે એવી પ્રતીતિ થઈ. આ ઘરનાં બારણાં પણ ખુલ્લાં હતાં. પોતાના નોકર ચાકરને બહાર ઉભા રાખી નગેંદ્રે તે ઘરમાં પ્રવેશ કર્યો.

તે ઘર અત્યંત જીર્ણ હતું અને તેના કેટલાક ભાગ પડી ગયા હતા, તોપણ તે વખતે તે જે સ્થિતિમાં હતું તે પરથી તેને જે વખતે બાંધવામાં આવ્યું તે વખતે તે ઉત્તમ સ્થિતિમાં હોવું જોઇએ એવી કલ્પના સહજ થઈ શકતી હતી. તેના દરવાજાની બારસાખ તદ્દન જીર્ણ થઈ ગઈ હતી અને ઉધઇએ તેને ચારે મેરથી ખાઈ મૂકી હતી. પુષ્કળ દિવસો થયાં મનુષ્યનો હાથ તેનાપર ફર્યો નહોતો એમ સ્પષ્ટ જણાઈ આવતું હતું. તે ઘર ઉંદર, ઘુસ, સરડા, ગિલોડી વગેરેનું તો નિવાસસ્થાનજ બની રહ્યું હતું. ઘરમાંના દિપકનો પ્રકાશ એકજ બાજુથી બહાર પડતો હતો. તેમાં મનુષ્યના ઉપયોગમાં આવે એવો ઘણોજ

થોડો સામાન નગેંદ્રની દ્રષ્ટિએ પડયો; અને જેટલો સામાન તેની દ્રષ્ટિએ પડયો તે પરથી તેમાં વસનારા માણુસની સ્થિતિ છેક નિકૃષ્ટ હતી એમ તેને સ્પષ્ટ જણાઈ આવ્યું. એક બે રાંધવા સીંધવાનાં પાત્રો, એક ભાગી ગયેલો ચુલો, એક બે કલઈ કરેલી પીતળની થાળીઓ, એક બે ઢાંકણીઓ, એક પાણીનું માટલું, અને તેપર એક ચડવો; એટલીજ વસ્તુઓ તેને તે ધરમાં દ્રષ્ટિગોચર થઈ. ઘરની ભીંતો ધૂમ્રથી અને ઘણા દિવસ થયાં વાળી ઝાડીને સાફ કરેલી ન હોવાથી કાળી પડી ગઈ હતી. ભીંતમાંના ખાડાઓમાં સર્વત્ર ઉધઇનાં ઘરો ફેલાઈ રહ્યાં હતાં. સર્વત્ર છછુંદર, ગિલોડી, ઉંદર વગેરે પ્રાણીઓ ફરતાં જણાતાં હતાં. ઘરના મધ્ય ભાગમાં એક જીર્ણ ખાટ ઉપર એક વૃદ્ધ માણુસ દુ:ખથી અતિશય જર્જર થઇને છેક મરણોન્મુખ પડયો હતો. તેની આંખો ઉંડી પેસી જવાથી ભયંકર દેખાતી હતી, તેને દમ થયો હતો અને તેના ઓષ્ઠ થર થર કાંપતા હતા. તેના ખાટની પાસે એક બાજુએ એક દીવીપર દિપક મૂકવામાં આવ્યો હતો. આ દિપકમાં તેલ ઘણું થોડું હતું, તેમજ પેલા વૃદ્ધ મનુષ્યનું આયુષ્ય પણ સમાપ્ત થઈ રહેવાજ આવ્યું હતું. માત્ર ત્યાં એક બીજો સુંદર તેજસ્વી દિપક પૂર્ણ તેજથી પ્રકાશતો હતો. આ દિપક તે ત્યાં બેઠેલી નક્ષત્ર જેવી નાજુક દેખાવડી છોકરી.

દિપકમાંનું તેલ સમાપ્ત થવા આવ્યાથી તેનો પ્રકાશ મંદ હતો તેથી કહો કે હવે આપણો ઉભયનો સ્થાયી વિયોગ થનાર છે એ વિચારથી તે વૃદ્ધ મનુષ્ય અને તેની પુત્રી ચિંતા નિમગ્ન થઈ ગયાં હતાં તેથી કહો પરંતુ નગેંદ્ર બારણામાંથી ઘરમાં પેઠો તે કોઇના જોવામાં આવ્યો નહિ. તેણે પેલા વૃદ્ધ મનુષ્યના મુખમાંથી બહાર પડેલા શબ્દો સંપૂર્ણ સ્પષ્ટતાપૂર્વક સાંભળ્યા. અસંખ્ય મનુષ્યોથી ભરેલા આ અગાધ સંસારમાં પેલા ડોસાને અને તેની એકની એક છોકરીને તેમના શિવાય અન્ય કોઇ આપ્ત કિંવા ઈષ્ટ મિત્ર હતો નહિ.

તે વૃદ્ધ મનુષ્યની પાસે પૂર્વે જ્યારે દ્રવ્યની ગરમી હતી ત્યારે તેને દાસ, દાસી, આપ્ત, મિત્ર વગેરે પુષ્કળ માણુસો હતાં; પરંતુ એક વખત પડતી દશા આવી એટલે પાસે કોઇ રહેતું નથી એ જગતનો સાધારણ નિયમ છે. '**द्रव्येण सर्ववशाः**' દ્રવ્યે જ્યારે તેનો ત્યાગ કર્યો ત્યારે તેનાં માણસો પણ એક પછી એક તેનો ત્યાગ કરીને ચાલ્યાં ગયાં. આ વૃદ્ધ મનુષ્યની વૃદ્ધ માતા પોતાના પુત્રનું કમળ સરખું વદન નિસ્તેજ થઈ ગયેલું જોઇને શીઘ્ર સ્વર્ગવાસિની થઈ. તેની પાછળ તેના ઘરનાં ઇતર માણસોએ પણ તેજ માર્ગ પકડયો ! આખરે વંશનો આધાર, માતપિતાની વૃદ્ધાવસ્થાનું આશા વૃક્ષ, જે આ વૃદ્ધ મનુષ્ય તે પણ પોતાના પિતાની પશ્ચાત્ મરણ શય્યા શાયી થયો. હવે આવડા મોટા ઘરમાં તે અને તેની પુત્રી શિવાય અન્ય કોઇ પણ રહ્યું નહિ. તે ઉભય પરસ્પર આધાર સ્તંભ હતાં. પૂર્વેના વૈભવકાળમાં હવા ખાવાને માટે તે ઘર માણસની વસતીથી દૂર બાંધવામાં આવ્યું હતું; અને સાંપ્રતમાં તેની ચારે તરફ અરણ્ય શિવાય બીજું કાંઈ નહોતું.

કુંદનંદિની (પેલા વૃદ્ધ માણસની પુત્રીનું નામ) પ્રાયઃ બાર તેર વર્ષની હતી, અને તે લગ્નને યોગ્ય પણ થઇ હતી. તે બાપની વૃદ્ધાવસ્થાની લાકડી હતી અને તે વૃદ્ધ માણસનો જીવ તેનામાંજ ભરાઇ રહ્યો હતો. આથીજ તેણે પોતાની હયાતીમાં તેનું લગ્ન કર્યું નહોતું. જ્યારે જ્યારે તેના મનમાં તેના લગ્ન સંબંધે વિચારે ઉત્પન્ન થતો ત્યારે ત્યારે "અદ્યાપ એનો વિવાહકાળ અતિક્રાંત થયો નથી. હજી ઘણા દિવસ અવકાશ છે; પાછળથી કરીશું. જો હું હમણાંજ એનો વિવાહ કરી દઇશ તો એ સાસરે જશે, તો પછી હું વૃદ્ધનું શું થશે ?" વગેરે કલ્પના તેના મનમાં ઉત્પન્ન થતી અને તેથી તેને અતિશય દુઃખ થતું. 'જ્યારે આપણને યમના દુત તેડવા આવશે ત્યારે કુંદાની શી અવસ્થા થશે ? તે કયાં જઇને રહેશે ? હું મરણ પામીશ

એટલે પછી એનું લગ્ન કોણ કરશે ' એ વિચાર પણ તેના મનમાં નહોતા આવ્યા એમ નથી. અને હમણાં તો યમનાદુત છેક તેની પાસે આવીને ઉભા હતા. અને તે આ જગત્ છોડી જવાની તૈયારીમાંજ હતો, તેથી તેને ' કાલે કુંદા ક્યાં જશે અને ક્યાં રહેશે ? ' એ વિચાર આવી તેને અસહ્ય દુઃખ થતું હતું.

આ પ્રકારે અવર્ણનીય દુઃખના વિચાર તેના મનમાં વારંવાર આવતા હતા. તેની બન્ને આંખોમાંથી એક સરખી અશ્રુધારા છૂટતી હતી; તેની તેર વર્ષની કન્યા એકાદ પાષાણ મૂર્તિવત્ મૃત્યુના પંજામાં સપડાયેલા પોતાના પિતાનાં મુખ તરફ ટગર ટગર જોતી નિકટ બેસી રહી હતી. પોતાની દેહનું ભાન વિસરી અને કાલે હું ક્યાં જઇશ તેનો વિચાર પણ એક બાજુ રાખી તે પોતાના મરણોન્મુખ પિતાના મુખ તરફ સચિંત મુદ્રાથી જોતી હતી. ધીમે ધીમે તેના પિતાના બોલ અસ્પષ્ટ સંભળાવા લાગ્યા, શ્વાસ નષ્ટપ્રાયઃ થયો, આંખનું તેજ જતું રહ્યું. અને અંતે તે બિચારા ઘણા દિવસથી દુઃખ ભોગવતા પ્રાણીની દુઃખમાંથી કાયમની મુક્તિ થઈ. તે અંધકારમય કોટડીમાં દિપકનો મંદમંદ પ્રકાશ ફેલાય રહ્યો હતો. ત્યાં એકલી કુંદ નંદિની પોતાના પિતાના પ્રેતની આગળ બેસી રહી હતી. હજી પણ વરસાદ પડતોજ હતો. રાત્રિનો નિબિડ અંધકાર ચોતરફ પ્રસરી રહ્યો હતો; પવનને લીધે વૃક્ષનાં પાંદડાંમાંથી ખળખળ અવાજ નીકળતો હતો અને તે જીર્ણ ઘરની બારી ભીંતની સાથે ધડોધડ અફળાતી હતી. તે દિવાનો મંદ પ્રકાશ ઘડીકમાં પ્રેતના મુખપર પડતો અને ઘડીકમાં તે પર પુનઃ અંધકાર છવાઈ રહેતો; કારણ કે તે હવે તેલ ખપી જવાથી બુઝાઈ જવાની અણીપર હતો. પછી બે ત્રણ વાર કિંચિત્ પ્રકાશ નાંખી અંતે તે છેક બુઝાઈ ગયો. એટલે નગેંદ્ર પોતાના પગનો અવાજ કર્યા વિના દરવાજામાંથી ધીમે રહીને બહાર પડ્યો.

દ્વિતીય પરિચ્છેદ.

સમય રાત્રિનો હતો. ખોલીમાં નિબિડ અંધકાર પ્રસરી રહ્યો હતો. તે તૂટી પડેલા ઘરમાં પોતાના પિતાના પ્રેતની આગળ કુંદનંદની એકલી બેઠી હતી. તેણે મોટેથી “ બાપા, બાપા ” એવી બૂમ પાડી, પરંતુ તેના પિતાએ ઉત્તર આપ્યો નહિ. કુંદાને લાગ્યું કે ‘ પિતાજીને ઉંઘ આવી છે. ’ પછી તેને લાગ્યું કે ‘ પિતાજી મૃત્યુ પામ્યા છે ’ પરંતુ પિતાજી મરી ગયા છે એમ તે સ્પષ્ટ રીતે જાણી શકી નહિ. તેણે અનેક વખત પોતાના પિતાને હાંક મારી. પછી તેણે હાંક મારવી બંધ કરી. અદ્યાપિ તેના હાથમાંનો પંખો હાલતોજ હતો. આખરે હજી તે જીવતાજ છે એમ તેના મનની ખાત્રી થઇ.

આવાં ઘોર દુઃખમાં તેણે કેટલીક રાત્રી બિલકુલ નિદ્રા લીધી નહોતી તેથી તે વખતે નિદ્રાએ તે બિચારીપર પોતાનો અમલ બજાવ્યો. ઘર તૂટેલું હોવાથી ચારે બાજુથી તેમાં ઠંડો પવન પ્રવેશ કરતો હતો. તે જમણા હાથવતી પોતાના પિતાને પંખો નાંખતી હતી. હવે તેણે પોતાનો ડાબો હાથ જમીનપર લાંબો કર્યો અને પોતાનું મસ્તક તેપર ટેકવ્યું, એટલે તરતજ તેને ઉંઘ આવી ગઈ. તેને ગાઢ નિંદ્રા આવતાં એક ચમત્કારિક સ્વપ્ન આવ્યું; જાણે રાત્રિમાં પૂર્ણચંદ્ર પ્રકાશી રહ્યો છે; શુભ્ર ચંદ્રપ્રકાશ ભૂમીપર પ્રસરી રહ્યો છે; ઠંડા પવન છૂટયો છે; આકાશ સ્વચ્છ લીલું દેખાય છે. સ્વચ્છ ચાંદરણું અને ઠંડો પવનના યોગથી તેને અત્યંત આનંદ થયો. પરંતુ આકાશમાં તેને ચંદ્રની જગ્યાએ એક દેવી જણાઈ. તે જાણે આકાશમાંથી પ્રકાશનાં કિરણો ફેંકતી ફેંકતી ધીમે ધીમે નીચે ઉતરી પોતાના મસ્તકના ઉપલા ભાગ ઉપરજ આવીને બેઠી છે એમ તેને લાગ્યું. કુંદાએ તે દેવીને બરાબર નિહાળીને જોઈ. તે દેવીનું રૂપ સુંદર હતું અને તેના વાળ સુવર્ણની પેઠે ઝળકતા હવા

અને તેણે પોતાના અંગપર હીરા માણેકના દાગિના પરિધાન કર્યા હતા એમ કુંદાને લાગ્યું. તે ઘણા દિવસ પૂર્વે મરી ગયેલી પોતાની માતાનીજ મૂર્તિ છે એમ જાણી કુંદાને અતીશય આનંદ થયો. તે સુંદર દેદીપ્યમાન દેવીએ કુંદાને જમીનપરથી ઉંચકી લીધી અને પોતાના હૃદય સરસી ચાંપી અને તેના મુખપર તથા પીઠપર પ્રેમથી ઘણી વાર હાથ ફેરવ્યો. ઘણી વાર પછી તે અનાથ બાલિકાના મુખમાંથી માત્ર "માડી" એટલોજ શબ્દ નીકળ્યો. તે એવી ભીતિ પામી ગઈ હતી કે તેના મુખમાંથી બીજો એક પણ શબ્દ નીકળ્યો નહિ. પછી તે દેવી કુંદાને ચુંબન કરી બોલી "બેટા? તેં આજ પર્યંત પુષ્કળ દુઃખો વેઠયાં છે અને હું જાણું છું કે હજી તારાપર આથી પણ વધારે કઠિન પ્રસંગ આવનાર છે. અધાપિ તું નાની અને નાજુક છે; તારાથી આ દુઃખો શી રીતે સહન થઈ શકશે વારૂ? ખરેખર! તે દુઃખો તારાથી સહન થઈ શકનાર નથી, માટે તું અહીંઆં રહીશ નહિ. આ દુઃખરૂપ જગતનો ત્યાગ કર અને મારી સાથે ચાલ."

કુંદાએ પ્રશ્ન કર્યો "તું મને ક્યાં લઈ જાય છે.?"

આકાશમાંના પ્રકાશિત નક્ષત્ર સમુહ તરફ અંગુલિ નિર્દેશ કરી તે દેવી બોલી "ત્યાં ચાલ."

જાણે પોતે અગણિત તારાઓ તરફ જોતી ન હોય તેમ કુંદાને લાગ્યું. તે દેવી પ્રત્યે બોલી "મારામાં ત્યાં આવવાની શક્તિ નથી એટલે દૂર મારાથી આવી શકાય એમ નથી."

આ શબ્દો સાંભળી દેવીની મુદ્રા આનંદભરિત અને માયાળુ લાગવાને બદલે તે ઉદાસ અને ખિન્ન જણાઈ. ભવાં ચઢાવી તે દેવી ગંભીર સ્વરે બોલી "પોરી! તને ફાવે તેમ કર! પણ હું એટલુંજ કહું છું કે તું મારી સાથે આવશે તેમાંજ તારૂં કલ્યાણ છે. નહિ તો તારાપર એવા વિકટ પ્રસંગો આવશે કે તું તારી જાતેજ આકાશના તારાઓ

તરફ જોઇને બેસશે અને ત્યાં જવાને માટે ઉતાવળી થશે. અસ્તુ! તારી મરજી. પણ એક વાર પુનઃ હું તને દર્શન દઇશ. જ્યારે તું દુઃખથી અતિ ત્રાસી જઈ મારૂં સ્મરણ કરશે ત્યારે હું તારી પાસે આવીશ." પછી તે ક્ષિતિજ તરફ પોતાની આંગળી કરી બોલી "પણ હું જે હમણાં તને કહું છું તે તું બરાબર લક્ષમાં રાખ. હું પણે તને બે માનવી મૂર્તિ બતાવું છું આ બે મૂર્તિઓને લીધેજ તારાપર આ જગતમાં અતિશય દુર્ઘટ પ્રસંગ આવનાર છે. કદાચિત્ દૈવયોગે તેની સાથે મેળાપ થાય તો તેને ઝેરી સર્પ સમજીને તેની પાસેથી તું દુર રહેજે. તેની સાથે કદિ પણ તું મૈત્રિ રાખીશ નહિ."

ત્યાર પછી તે દેવીએ આકાશ તરફ આંગળી બતાવી કુંદાએ આકાશ તરફ દ્રષ્ટિ ફેંકી તો તેને તે લીલા આકાશપટપર મદન કરતાં પણ સુંદર એવા એક પુરુષની મૂર્તિ જણાઈ. તેનું ઉચ્ચ કપોલ, તેનો ગોરો વર્ણ, તેની મોટી આંખો અને વિશાળ વક્ષઃસ્થળ વગેરે જોઇને આ મનુષ્યદ્વારા અન્યને અણુ માત્ર પણ ઇજા થશે એમ કોઇને પણ લાગવાનો સંભવ નહોતો.

તે પુરુષને આકાશપટ પરથી દૂર કરી તે દેવી બોલી "આ સુંદર મૂર્તિને તું કદિ પણ વિસરીશ નહિ. હમણા તે તને સૌમ્ય લાગે છે, તોપણ પાછળથી તે તારાં દુઃખ અને નાશનું કારણ બનશે. માટે તેને સર્પવત્ માની તેનાથી તું દૂર રહેજે."

પછી તે પુનઃ આકાશ પ્રતિ અંગુલિ નિર્દેશ કરી બોલી "આ તરફ જો."

કુંદાએ જોયું તો તેને પોતાની સમક્ષ એક બીજીજ મૂર્તિ ઉભી રહેલી જણાઈ. આ મૂર્તિ પુરુષની નહોતી, પરંતુ એક તરુણ સ્ત્રીની હતી. તે મૂર્તિને જોઇને કુંદાને જરા પણ બીતિ લાગી નહિ. પરંતુ દેવી બોલી "આ સ્ત્રીના રૂપમાં જે તને કાળી મૂર્તિ દેખાય છે તે પ્રત્યક્ષ

રાક્ષસીજ છે. પ્રસંગાનુસાર જો તારો તેની સાથે મેળાપ થાય તો તું દૂરજ નાશી જજે. તેની પાસે થઇને આવેલા પવનનો પણ તું સ્પર્શ કરીશ નહિ. તેના પડછાયે પણ તું ઉભી રહીશ નહિ.''

દેવીના મુખમાંથી આ શબ્દો બહાર પડયા કે તરતજ આકાશ અભ્રોથી વ્યાપ્ત થઈ ગયું અને દેવીની મૂર્તિ પણ અદ્રશ્ય થઈ ગઈ.

આ સર્વ દેખાવો સ્વપ્નમાં જોઇને કુંદનંદિની સર્વથા ગભરાઈ ગઈ અને ઉંઘમાંથી એકદમ જાગૃત થઈ ગઈ.

આ તરફ નગેંદ્ર પેલા ઘરમાંથી નીકળ્યો અને પેલા ડોસાના પ્રેતને ઠેકાણે પાડવાના ઉદ્દેશથી કેટલાક લોકોને બોલાવી લાવવાને માટે નિકટના ગામમાં ગયો. તે ગામનું નામ યજ્ઞપુર હતું. નગેંદ્ર જાતે ક્ષત્રિય હતો, અને મૃત્યુ પામેલો ડોસો પણ ક્ષત્રિય હતો; તેથી જ્ઞાતિબંધુત્વને લીધે તેને આ સર્વ ખટપટ કરવી પડી. તે ગામમાં ગયો એટલે ત્યાંના લોકોએ પ્રેતની દહનક્રિયા વગેરે કરી, પરંતુ તે માટેનો ખર્ચ માત્ર નગેંદ્રને પોતાના ગજવામાંથી કરવો પડયો.

નગેંદ્ર ગામમાં ગયો ત્યારે તેણે કુંદા ઘરમાં એકલી રડયા કરશે એમ ધારી એક બાઇને તેની પાસે રહેવાને માટે મોકલી આપી. જ્યારે સર્વ લોકો કુંદાના પિતાને સ્મશાનમાં લઇ ગયા ત્યારેજ તેની ખાત્રી થઈ કે હવે પિતાજી ખરેખર મૃત્યુ પામ્યા છે. આથી હવે તેનું હૈયું ભરાઇ આવ્યું અને તે દુઃખાતિશયથી મોટે સાદે રડવા લાગી. નગેંદ્રે મોકલેલી બાઇએ તેને ઘણી સમજાવી, પરંતુ તે રડતી બંધ રહેતી નહોતી. છેવટે પેલી બાઈ સવારે કાંઈ કામ નિમિત્તે પોતાને ઘેર ગઇ. પરંતુ તેણે ઘેર જતાંની સાથેજ પોતાની પુત્રી ચંપા કે જે કુંદાની જેટલીજ વયની હતી, તેને તેનું સાંત્વન કરવાને માટે મોકલી આપી.

ચંપા પણ બાર તેર વર્ષની છોડી હતી અને તેને કુંદાની સાથે અગાઉનાં બ્હેનપણાં હતાં. તે અગાઉ તેની પાસે વારંવાર જતી

આવતી હતી. ચંપાએ કુંદાનું મન દુઃખથી પરાવૃત્ત કરવાને માટે પોતાનાથી બની શકતું સર્વે કર્યું. પરંતુ તેના સર્વે પ્રયત્નો નિષ્ફળ ગયા. તેના બોલવા પ્રત્યે તેનું જરા પણ લક્ષ જતું નહોતું. તે એક સરખું રોદન કર્યા કરતી હતી અને જાણે કોઇની વાટ જોતી હોય તેમ વારંવાર આકાશ પ્રતિ દૃષ્ટિ ફેંક્યા કરતી હતી. ત્યારે ચંપાએ તેને વિનોદમાં પુછ્યું " કુંદે! તું આ પ્રમાણે એકસરખી આકાશ પ્રતિ જોયા કરે છે, ત્યાં તને શું જણાય છે વારુ ? "

કુંદાએ ઉત્તર આપ્યો " કાલે મારી માડી મને ત્યાં દેખાઇ હતી. તેણે મને પોતાની પાસે આવવાને માટે ઘણું કહ્યું, તે વખતે તેની સાથે ત્યાં જવાને મને ભીતિ લાગી. પણ હું ત્યાં ગઇ નહિ તેથી હવે મને બહુ શોક થાય છે. પુનઃ જો તે મારી દૃષ્ટિએ પડે અને મને કહે કે " મારી સાથે ચાલ " તો હું મોટા આનંદથી તેની સાથે જાઉં. તે મને દેખાય એવી આશાથી હું આકાશ તરફ લક્ષ દઇ વારંવાર જોઉં છું. "

ચંપા બોલી " એ શું વ્યર્થ બકવાદ ? મૃત્યુ પામેલાં માણસો શું કદિ પાછાં આવે છે ? "

ત્યારે રાત્રિએ દીઠેલું સ્વપ્ન કુંદાએ તેને ઇત્થંભૂત કહી સંભળાવ્યું. તે સાંભળી ચંપાને ઘણું આશ્ચર્ય લાગ્યું. અને તેણે તેને પ્રશ્ન કર્યો " એક પુરુષ અને એક સ્ત્રી તારી દૃષ્ટિએ પડયાં એમ તું કહે છે; તો શું તેને તું ઓળખે છે ? " " ના, મેં તેમને કદિ પણ જોયાં નથી. મેં જે પુરુષને જોયો છે તેના જેવો સુંદર પુરુષ સમસ્ત ત્રિભુવનમાં ક્યાંય પણ મળે એમ નથી. એવું દિવ્ય રૂપ મેં માત્ર તેજ જોયું."

બીજે દિવસે પ્રાતઃકાળે નગેંદ્ર ઉઠયો અને તેણે ગામના લોકોને પૂછ્યું કે " હવે આ છોકરીની શું વ્યવસ્થા કરવી ? હવે તે ક્યાં રહેશે ? એનું કોઇ સગું વ્હાલું અહીંઆં છે કે નહિ ? " ગામના લોકોએ

જવાબ આપ્યો કે "તેને કયાંય પણ રહેવાનું સ્થળ નથી અને તેનું કોઈ પણ સગું વ્હાલું પણ નથી." આ સાંભળી નગેંદ્ર મહા ગુંચવણમાં પડયો. અને થોડો વિચાર કરી તે લોકો પ્રત્યે બોલ્યો "હવે તમારામાંથીજ એકાદ જણ એને તમારી પાસે રાખી એનો વિવાહ કરી નાંખો એટલે થયું. તે માટે જે ખર્ચ લાગશે તે હું સ્વતઃ આપીશ; અને જ્યાં સુધી તે તમારા ઘરમાં રહે ત્યાં સુધી તેનો ખાવાપીવાનો તથા લુગડાંલત્તાંનો જે ખર્ચ થશે તે પણ હું દર મહિને આપીશ."

નગેંદ્રે જો રોકડ રૂપિઆ કાઢીને તેમની સમક્ષ ધર્યા હોત તો તેની વાત ઘણા જણે કબુલ કરી હોત, પરંતુ તેણે પોતાના મનમાં એવો વિચાર કર્યો કે "હું અહીંઆંથી ગયા પછી એ લોક કુંદાને દુઃખ આપશે અને કદાચિત્ તેને ઘરમાંથી હાંકી પણ કાઢશે." આ કારણથી તેણે અગાઉથી પૈસા કાઢી આપવાની મુર્ખાઇ કરી નહિ અને તે લોકોએ પણ રોકડા પૈસા ઝરતા નથી એમ જાણી તેની વાત કબુલ કરી નહિ.

છેવટે, નગેંદ્રને શું કરવું તે કાંઈ સમજ પડે નહિ. આથી તે લોકોમાંનાજ એક જણે કહ્યું કે "એ કાયસ્થ ક્ષત્રિય જાતીની છોકરી છે. એની એક માશી કલકત્તાના શામ બઝારમાં રહે છે. તેના ધણીનું નામ વિનોદ મિત્ર છે. આપ અનાયાસ કલકત્તા જાઓ છો, તો એ છોકરીને પણ આપની સાથે લેતા જશો અને એની માશીને હવાલે કરશો તો બધી વાતનો નિકાલ આવી જશે. અને આપને પણ જ્ઞાતિ કર્તવ્ય કરવાનું પુણ્ય લાગશે."

આ પ્રમાણે કર્યા શિવાય હવે બીજો રસ્તો નહોતો, તેથી નગેંદ્રે આ સૂચના માન્ય કરી; અને આ સર્વ વ્યવસ્થા કુંદાને જણાવવાને માટે તેને તેડાવી મંગાવી. કુંદા અને ચંપા એ બન્ને જણ ત્યાં આવી પહોંચ્યાં. કુંદાએ નગેંદ્રને દૂરથી જોયો એટલે તે એકદમ ગભરાઈ ગઈ

અને પાષાણુવત્ સ્તબ્ધ થઇને ત્યાંજ ઉભી રહી. તે એક પગલું પણ આગળ ભરી શકતી નહોતી. અને ત્યાંજ તે નગેંદ્ર તરફ સાશ્ચર્ય મુદ્રાથી જોતી ઉભી રહી. તેની આવી અવસ્થા જોઇ ચંપા તેના પ્રતિ બોલી "બ્હેની! તું આમ ગભરાય છે શા માટે? એ તને થયું છે શું?"

કુંદા નગેંદ્ર તરફ અંગુલિ નિર્દેશ કરી બોલી "અરે! તેજ રે તેજ!"

"તેજ કોણ?" ચંપાએ પ્રશ્ન કર્યો.

"ગઇ કાલે રાત્રે મારી માતાએ આકાશમાં મને જે પુરુષ બતાવ્યો હતો તે આજ છે."

આ સાંભળી ચંપાને પણ મહદાશ્ચર્ય થયું અને તે પણ ગભરાઇ ગઇ. કુંદા મને જોઇને ગભરાઈ ગઇ છે તેથી તે મારી સન્નિધ આવી શકતી નથી, એમ ધારી નગેંદ્ર તેની નિકટ ગયો અને તેને સર્વ હકીકત કહી સંભળાવી. પરંતુ કુંદાના મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ. તે તો માત્ર તેના તરફ ટગર ટગર જોતીજ ઉભી રહી.

અંતે નગેંદ્ર કુંદાની બરાબર મનપૂર્વક આવવાની મરજી ન હોવા છતાં પણ તેને કલકત્તા લઇ ગયો. ત્યાં પહોંચ્યા પછી શામ બઝારમાં તેણે તેની માશીની પુષ્કળ શોધ કરી, તો વિનોદકાંત નામનો એક ગૃહસ્થ માત્ર તેને જડયો. પણ તપાસાં તે આ છોકરીની સાથે તેને પણ સંબંધ નહોતો એમ તેને જણાઈ આવ્યું. આથી કુંદાનો સર્વ બોજો નગેંદ્રપરજ આવી પડયો.

નગેંદ્રની નાની ભગિની કમલમણિ (કમળા) નામની હતી. તેનું સાસરૂં કલકત્તામાં હતું. તેના પતિનું નામ શ્રીશૂચંદ્ર હતું. શ્રીશૂચંદ્ર એ કલકત્તાની એક વ્યાપારી પેઢીનો હિસાબી કારકુન હતો. તે કુલીન કુટુંબનો હતો અને સાંપ્રત તેનાપર લક્ષ્મીદેવીની પણ પૂર્ણ કૃપા હતી.

આ બન્ને નગેંદ્રપર નિસ્સીમ પ્રેમ રાખતાં હતાં. તેથી નગેંદ્ર કુંદા સહિત શ્રીશૂચંદ્રને ઘેર ગયો અને પોતાની ભગિનીને કુંદા વિષેની સર્વ હકિકત કહી તેને તેને સ્વાધીન કરી.

કમલાની વય પ્રાયઃ અષ્ટાદશ વર્ષની હતી. રૂપમાં તે નગેંદ્રના જેવીજ સુંદર હતી. ભાઇ બ્હેન ઉભય દેખાવડાં હતાં. કમલા સુશિક્ષિત હતી. નગેંદ્રના પિતાએ પોતાનાં છોકરાંને શીખવવાને માટે પોતાને ઘેર પંતોજી રાખ્યો હતો. તેની પાસે સૂર્યમુખી અને કમળા એ ઉભયે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. કમળાની સાસુ અદ્યાપ જીવંત હતી, પરંતુ તે પોતાના વડા દિકરાને ત્યાં રહેતી હતી. આથી કલકત્તામાં આવેલા તેના ઘરની સ્વામિની કમળા પોતેજ હતી.

" કુંદાની સર્વ હકિકત કહી નગેંદ્ર પોતાની ભગિની પ્રત્યે બોલ્યો આને જો તુ અત્યારે તારે ઘેર નહિ રાખશે તો એને રહેવાને માટે કયાંય પણ સ્થાન નથી. થોડા દિવસમાં હું ગોવિંદપુર પાછો જઇશ ત્યારે એને મારી સાથે લેતો જઇશ. માટે ત્યાં સુધી એને તુ તારી સાથેજ રાખ."

કમળા મોટી ઠઠ્ઠાખોર બાઈ હતી. નગેંદ્રે આ પ્રમાણે કહી પોતાની પીઠ ફેરવી કે તરતજ તેણે તેનો હાથ પકડયો અને દોડતી દોડતી તેને સ્નાનગૃહમાં લઇ ગઇ. તે સ્થળે ગરમ પાણીથી એક મોટી ત્રાંબાકુંડી ભરેલી હતી તે તેણે કુંદાના શરીરપર ઢોળી દીધી. આ જોઇ કુંદા ઘણી ગભરાઈ, પણ તે તરફ લેશ પણ લક્ષ ન આપતાં એક સાબુની ગોટી લઈ આવી અને હસતાં હસતાં તેના શરીરને ચોળવા લાગી. કમળા સ્વતઃ કુંદાનું શરીર ચોળતી હતી તેથી એક દાસીએ તેની પાસે જઇ તેને કહ્યું. "બાઇ સાહેબ! આપ એ કામ રહેવા દો. હું તેને ન્હવરાવું છું" પરંતુ કમળાએ તેનાપર ક્રોધિત થઇ એક લોટો ભરીને ગરમ પાણી તેના અંગપર ફેંકયું. તરતજ દાસી

"હાય હાય" કરીને ત્યાંથી નાશી ગઇ. કમળાએ કુંદાને જોરથી ચોળી ચોળીને ન્હવરાવી એટલે તે દહિંપર પડેલા એકાદ કમલપત્રની પેઠે લખલખ ચળકવા લાગી. સ્નાન થઈ રહ્યા પછી કમળાએ તેનું શરીર અને તેના કેશ સ્વચ્છ વસ્ત્રથી ભાર દઇને લુછી નાંખ્યા અને પછી તેને એક જરીની કોરવાળી શુભ્ર સાડી પહેરવાને આપી અને એક સુંદર ચોળી પણ આપી. આ વસ્ત્રો કુંદાએ પરિધાન કર્યાં. ત્યાર પછી કમળાએ તેના કેશમાં સુવાસિક તેલ નાંખ્યું અને કેશની સુંદર વેણી ગુંથી. કપોળપર કંકુનો ચાંલ્લો કર્યો અને પોતાનાજ અલંકાર તેના અંગમાં પ્હેરાવીને તે કુંદા પ્રત્યે બોલી "હવે જા અને દાદા બાબુ (નગેંદ્ર)ને નમસ્કાર કરી તરતજ પાછી ફર. પરંતુ સ્મરણમાં રાખજે, આ ઘરના સ્વામિને નમસ્કાર કરીશ માં હોં! જો તે તને જોશે તો કદાચ તેમનું મન ચળવિચળ થશે."

નગેંદ્રે કુંદાની સર્વ હકિકત પત્રદ્વારા પોતાની પત્નિને જણાવી. તેનો એક મિત્ર હરદેવ ઘોસલ ગોવિંદપુરની' પાસેનાજ એક ગામમાં રહેતો હતો, તેનાપર તેણે જે પત્ર લખ્યો તેમાં નીમ્ન લિખિત ઉલ્લેખ હતો "સ્ત્રીને પૂર્ણ સૌંદર્ય કેટલાં વર્ષે પ્રાપ્ત થાય છે? આપની પત્નિની વય હાલ ચાલીસ કરતાં એક બે વર્ષ અધિકની છે; માટે આપ એમ કહેશો કે સ્ત્રીને ચાલીસ વર્ષે પૂર્ણ સૌંદર્ય આવે છે. પરંતુ જે કન્યાને વિષે હું આપને લખું છું તે તેર વર્ષની બાળા છે. તેના પ્રતિ દ્રષ્ટિપાત કરતાં સૌંદર્યનો સાક્ષાત્ અવતાર એજ છે એમ લાગે છે. સ્ત્રી તારુણ્ય મદમાં પવેશે છે તેની કિંચિત્ પૂર્વે તેનામાં જે સાદાઇ તથા માધુર્ય હોય છે, તે પાછળથી બિલકુલ દ્રષ્ટિગોચર થતાં નથી. પરંતુ આ કુંદાની સાદાઈ જોઇને તો અતિશય આશ્ચર્ય લાગે છે. તે અદ્યાપ સર્વાંશે મુગ્ધ છે. આજે તેને રસ્તામાં ખેલતાં બાળકોની સાથે ખેલવા જવાની ઇચ્છા થઇ હતી અને "જઇશ માં"

એમ કહેતાં તેને અત્યંત દુઃખ થયું હતું. મારી નાની બ્હેન કમળા તેને વાંચતાં લખતાં શીખવે છે. અને તે કહે છે કે આ છોકરીની બુદ્ધિ બહુ ચપળ છે, તેથી થોડા દિવસમાં તે લખતાં વાંચતાં શીખી જશે. પરંતુ હજી તેને વ્યવહારનું જરા પણ ભાન નથી. વર્ષાકાળનાં સ્વચ્છ પાણીમાં જે પ્રમાણે કમળો હાલે છે, તે પ્રમાણે તેનાં નેત્રો એક સરખાં હાલે છે. એ સુંદર નેત્રયુગલ કદિ કદિ મારા તરફ એક સરખી દ્રષ્ટિથી જોઇ રહે છે; પરંતુ તે પરથી અર્થ બોધ જરા પણ થતો નથી. તેના પ્રતિ જોઇ રહેવાથી હું મારૂં દેહભાન વિસરી જાઉં છું, એ શિવાય હું મારી સ્થિતિનો વિશેષ ચિતાર આપી શકતો નથી. આથી મારૂં મન અતિ અસ્થિર છે એમ તમે મનમાં આણી મને તમે હસશો, પરંતુ તમારી નજર સન્મુખ એ નેત્રો માંડવામાં આવે તો તમારો દ્રઢ નિશ્ચય ટકશે કે નહિ એની મને શંકાજ લાગે છે. આટલી વાર સુધી હું વિચાર કર્યા કરૂં છું, પરંતુ તેના નેત્રને શાની ઉપમા આપવી તેનો નિશ્ચય અદ્યાપ મારાથી થઇ શકતો નથી. તેને એક વખત એક ઉપમા આપું કે તે આંખો કાંઇ જુદાજ પ્રકારની ભાસે છે અને તેથી તેને માટે જુદીજ ઉપમા શોધવાનો વારો આવે છે. આ પરથી કુંદાના સૌંદર્યમાં કાંઇજ ન્યૂનતા નથી એમ હું કહેતો નથી. અન્ય અનેક સ્ત્રીઓની સાથે એની તુલના કરવામાં આવે એટલે એનું રૂપ વિશેષ નથી એમ દેખાશે; પરંતુ એટલી તો મારી ખાત્રી છે કે એની આંખોના જેવી આંખો આખા વિશ્વમાં નથી. જગત્માંના કોઈ પણ પદાર્થ પ્રતિ તે લાગી છે, એમ કહી શકાતું નથી, પરંતુ આકાશ મંડળમાંની કોઈ વિશિષ્ટ વસ્તુ પ્રત્યે તેનું ધ્યાન લાગ્યું છે એવો ભાસ થાય છે. એનાં અવયવ સૌંદર્યમાં ક્યાંક ન્યૂનાધિકતા હશે, પરંતુ એવું સૌંદર્ય મેં આજ પર્યંત ક્યાંય કદિ પણ જોયું નથી એમ મને લાગે છે. હું એમ ધારૂં છું કે કુંદાનું અંગ બનાવવાને માટે બ્રહ્માએ

આ જગતની વસ્તુઓનો ઉપયોગ કર્યો નથી અર્થાત્ તેનું શરીર રક્ત-માંસનું બનાવ્યું નથી; પરંતુ ચંદ્રકિરણો અને અન્ય અનેક દિવ્યરસ લઇને તે બનાવ્યું છે. આ વખતે તેની સાથે તુલના કરવાને માટે મને કોઈ પણ વસ્તુ યોગ્ય દેખાતી નથી. આ અપ્રતિમ સૌંદર્ય લતિકા તરફ જોવાથી મારૂં હૃદય કેવું પીગળીને મૃદુ બની જાય છે! શરત્કાળમાં એકાદ સરોવરના સ્વચ્છ અને નિર્મળ જળ પૃષ્ઠપર ચંદ્રપ્રકાશ પડેલો જો કદિ તમારી દ્રષ્ટિએ પડયો હશે તો જળપૃષ્ટપરના સૌંદર્ય-પરથી એના સ્વરૂપની કાંઇક કલ્પના તમારા ધ્યાનમાં આવશે. જો ખરૂં પુછો તો આથી બીજી કોઇ પણ ઉપમા આ વખતે મને સુઝ તી નથી.”

નગેંદ્રે પોતાની પત્નિપર જે પત્ર લખ્યો હતો તેનો જવાબ થોડાજ દિવસમાં આવી પહોંચ્યો, તેમાંનો થોડોક મહત્વનો ભાગ અત્રે આપીએ છીએ. “......આ રંક દાસીએ આપનો એવો કયો અપરાધ કર્યો છે તેની મને સમજ પડતી નથી. આપ હજી કલકત્તામાં ધણા દિવસ રહેવાના હો તો આપના ચરણની સેવા કરવાને માટે મારે આપની સાથે શા માટે ન રહેવું જોઇએ? કલકત્તા આવવાને માટે હું અત્યુત્સુક છું. આપની પરવાનગી મળવાનીજ માત્ર વાર છે; તે મળી એટલે તરતજ હું ત્યાં આવવાને નીકળીશ.

આપ એક અલ્પવયસ્ક છોકરીનો મેળાપ થયાનું લખો છો. અસ્તુ! પરંતુ તેથી શું આપને આ દાસીની વિસ્મૃતિ થઇ કે? અનેક અપકવ વસ્તુઓ લોકોને બહુ પ્રિય લાગે છે. લીલાં જમરૂખ, લીલી કાકડી, કુમળાં નાળિયેર, એ વસ્તુઓ બહુ ભાવે છે. એ હીન કુળની છોકરી પણ તરુણ હોય એમ મને લાગે છે. નહિ તો તેનો મેળાપ થયા પછી મારી વિસ્મૃતિ શા માટે થાય? ક્ષણભર વિનોદ બાજુએ રાખી હું આપને પુછું છું કે આ છોકરીપરનું સ્વામિત્વ આપે છોડી દીધું છે કે નહિ? જો તે આપની પાસે હોય તો તેને મારા કબ-

જામાં સોંપવી એવી હું આપને યાચના કરૂં છું. તેની સર્વ વ્યવસ્થા કરવી એ મારૂં કામ છે. આપને કોઇ પણ વસ્તુ પ્રાપ્ત થાય તો તેમાં અર્ધ ભાગ મારો છે. પરંતુ તે આપની ભગિનીના કબજામાં છે, એમ જણાય છે. અસ્તુ! આપ સ્વયં મારો હક્ક ઉરાડી દેવા માગો છો તો એ વિષે હું ઝાઝો બડબડાટ કરીશ નહિ.

એ છોકરી તું તારા સ્વાધીનમાં શા માટે લેવા ઇચ્છે છે એવો તમે પ્રશ્ન કરશો તો તેનો જવાબ હું આપું છું. તારાચરણની સાથે તેનાં લગ્ન કરી દેવાનો મારો વિચાર છે. તેને માટે સ્થળ શોધી કાઢવાને માટે મેં કેટલો પરિશ્રમ કર્યો છે તે તો આપ જાણો છોજ. પરમેશ્વર કૃપાથી હવે તૈયાર સ્થળ મળી ગયું છે તો હવે આપ મને નિરાશ કરશો નહિ. આપ આવો ત્યારે કુંદનંદિનીને સાથે લેતા આવશો. મેં લગ્નને માટે દાગીના વગેરે સર્વ વસ્તુની તૈયારી કરવા માંડી છે. હવે આપ કલકત્તામાં ઝાઝા દિવસ રહેશો નહિ. એક મનુષ્ય કલકત્તામાં છ મહિના રહે તો તે સર્વથૈવ ગાંડો બની જાય છે એમ લોકો કહે છે, એમાં શું ખોટું છે? જો આપનાજ મનમાં કુંદાની સાથે લગ્ન કરવાનો વિચાર હોય તોપણ તેને આપની સાથે લેતા આવજો; એટલે હું મારે હાથેજ તેનાં આપની સાથે લગ્ન કરાવી દઇશ. માત્ર આપ મને એટલુંજ કહો કે 'મારો તેની સાથે લગ્ન કરવાનો વિચાર છે' એટલે હું તેમાં કાંઇ પણ વાંધો ઉઠાવીશ નહિ, બલ્કે હું જાતે લગ્ન કરાવી આપીશ."

તારાચરણ કોણ છે એનો ખુલાસો અત્રે અત્યારથીજ કરીશું નહિ. તે વાત વાંચકને યથા સ્થળે સમજાશે. હમણાં એ સંબંધે અમે માત્ર એટલુંજ કહીએ છીએ કે તે ગમે તે હો, પરંતુ નગેંદ્ર અને કમળાએ સૂર્યમુખીની ઇચ્છાનો સ્વિકાર કર્યો અને નગેંદ્ર ગોવિંદપુર જાય ત્યારે કુંદનંદિનીને પોતાની સાથે લઇને જવું એવો નિશ્ચય કર્યો.

સર્વેએ એ વાત સાનંદ સ્વિકારી. કમળાએ લગ્નને માટે કેટલાક દાગીનાઓ તૈયાર કરાવ્યા. મનુષ્ય જાતિ ભાવી ઘટના પ્રત્યે કેટલી અંધ હોય છે તેતો જુઓ! કેટલાક દિવસ પશ્ચાત્ નગેંદ્ર અને કમળાપર એવો વિકટ પ્રસંગ આવીને ગુજર્યો કે તે વખતે તે બન્ને કપાળે હાથ દઇને રડયાં! અને કૃત કર્મનો પશ્ચાત્તાપ કરવા લાગ્યાં! તે વખતે તેમને એમ લાગ્યું કે કયાં કુમુહુર્તપર આપણુને કુંદનંદિની મળી! આપણે કયા ખરાબ વખતે સૂર્યમુખીના પત્રને સમ્મતિ આપી! હમણાં કમળા, સૂર્યમુખી અને નગેંદ્ર એ ત્રણેએ મળીને વિષલતાનું બીજારોપણ કર્યું છે; અને થોડાજ દિવસમાં તેમને અનુતાપ થઇ તે બોર બોર જેવડાં આંસુથી રડશે!

પોતાનું સર્વ કાર્ય સમાપ્ત કરીને નગેંદ્રે હોડી તૈયાર કરવાની આજ્ઞા કરી અને તરતજ કુંદાને પોતાની સાથે લઇને ગોવિંદપુર પાછો જવાને માટે નીકળ્યો. કુંદાને અધાપ પર્યંત તે સ્વપ્નનું બહુધા વિસ્મરણજ થયું હતું. પરંતુ તે નગેંદ્રની સાથે જવાને નીકળી ત્યારે તેને પુનઃ તે સ્વપ્નનું સ્મરણ થયું. તોપણ નગેંદ્રનું વર્તન અતિ માયાળુ હતું અને તેની મુદ્રા પરોપકાર બુદ્ધિથી પરિપ્લુત હતી; તેથી તેના દ્વારા આપણને કાંઇ ત્રાસ થશે એમ તેને લાગ્યું નહિ અને તેથી તેણે સ્વપ્ન પ્રત્યે દુર્લક્ષ કર્યું. મરવાનો કાળ સમીપ આવે છે એટલે ઘણા પતંગોને દીપક જ્યોતિપર જાણી જોઇને ત્રાપ મારવાની બુદ્ધિ સુઝ પડે છે; તદ્વતજ આ ઘટના પણ બની!

તૃતીય પરિચ્છેદ.

કવિ મુકુટમણિ કાલિદાસના સંબંધમાં એક આખ્યાયિકા સુપ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે છેઃ— એક માળણ હતી; તે નિત્ય તેને પુષ્પ

આણી આપતી હતી. પરંતુ તે પંડ્યો રંક બ્રાહ્મણ; તેથી પુષ્પના બદલામાં તેને પૈસા આપવાનું તેનામાં જરા પણ સામર્થ્ય નહોતું. તેથી તે તેને પોતાની રચેલી કવિતા વાંચી સંભળાવતો હતો. એક દિવસ તે માળણને તળાવમાંથી એક સુંદર તાજું વિકસેલું કમળનું પુષ્પ જડયું. તે તેણે કાલિદાસને આણી આપ્યું. કાલિદાસે તેને પારિતોષિક તરીકે મેઘદૂત કાવ્યમાંના કેટલાક શ્લોક વાંચી સંભળાવ્યા. આ કાવ્ય કવિના બુદ્ધિચાતુર્યનો કેવળ સાગરજ છે. તથાપિ તેના પ્રારંભનો કેટલોક ભાગ નિરસ છે એ વાત પ્રસિદ્ધજ છે. માળણને આ કવિતામાં કાંઇ રસ પડ્યો નહિ; તેથી તે નાખુશ થઇને ત્યાંથી ઉઠીને જવા લાગી. ત્યારે કવિએ તેને કહ્યું "હે માળણ! તું શા માટે ઉઠી ચાલી?"

માળણ બોલી "બેશીને શું કરવું? તમારી કવિતામાં મને કાંઇ રસ પડતો નથી. તેમાં લેશ પણ માધુર્ય નથી."

કવિ બોલ્યા "માળણ, ત્યારે તું કદિ પણ સ્વર્ગમાં જવાની નથી?"

માલણે આશ્ચર્યચકિત થઇને પૂછ્યું "કેમ વારુ?"

"સ્વર્ગમાં જવું હોય તો પ્રથમ સહસ્ત્રો પગથીઆં ચઢવાં પડે છે. ત્યાર પછી સ્વર્ગનાં દ્વાર હાથ લાગે છે. જો તારે મારી કવિતામાંનું સ્વર્ગ સુખ લેવું હોય તો આ નીરસ શ્લોકરૂપી પગથીઆં તારે ચઢી જવાં જોઇએ. મારાં આ પગથીઆં તો ઘણાં થોડાં છે. તેમ છતાં પણ જો તારાથી એ પગથીઆં ચઢી શકાતાં નથી તો સ્વર્ગ લોકનાં પગથીઆં તારાથી શી રીતે ચઢી શકાશે?"

આ શબ્દ સાંભળીને પેલી માળણને મોટો ભય લાગ્યો. કદાચિત્ આપણે સ્વર્ગ સુખથી વંચિત રહીશું એવા ભયથી તેણે અથથી ઇતિ પર્યંત સર્વ મેઘદૂત કાવ્યનું શ્રવણ કર્યું. ત્યારે કવિએ તેની પુષ્કળ પ્રશંસા કરી. પેલી માળણે બીજે દિવસે એક સુંદર પુષ્પહાર ગુંથી લાવી કવિના ગળામાં પહેરાવ્યો.

પાઠક બંધુ! મારી તો આ એક સાધારણ કથા છે. કાલિદાસના કહેવા પ્રમાણે એ કાંઇ સ્વર્ગ નથી કિંવા એને હજારો પગથીઆં પણ નથી. એનું માધુર્ય પણ અધિક નથી તેમજ એને પગથીઆં પણ ઘણાં નથી. અને જે કાંઇ છે તે કથાનકના જુદા જુદા પરિચ્છેદ રૂપે છે. અમારા પાઠકોમાં જો કોઇ માળણનો સ્વભાવ ધરાવતું હોય તો અમારી તેના પ્રત્યે એવી પ્રાર્થના છે કે આ પુસ્તકના આરંભમાં જે કાંઇ થોડો નીરસ ભાગ છે તે એનાં પગથીઆં છે. એ પગથીઆં ચઢી ગયા શિવાય કથાનો સાર ઉપલબ્ધ થનાર નથી.

સૂર્યમુખીનું પિયેર કણ્વનગરમાં હતું. તેનો પિતા કાયસ્થ ક્ષત્રિય જાતિનો હતો અને ઘરનો સાધારણ રીતે સુખી હતો, અને લોકોમાં તેનું સારૂં માન હતું. તે કલકત્તાના એક વ્યાપારીની પેઢીમાં કૅશીઅર હતો. સૂર્યમુખી એ તેની એકની એક પુત્રી હતી. તે જ્યારે નાની હતી ત્યારે તેને ત્યાં શ્રીમતી નામની એક કાયસ્થ વિધવા નોકરીએ રહી હતી. સૂર્યમુખીનું જતન નાનપણમાં તેણેજ કર્યું હતું. તેને ખવરાવવું, પીવરાવવું, વાળની વેણી ગુંથવી, ન્હવરાવવું ધોવરાવવું એવાં સર્વ કામ શ્રીમતીજ કરતી હતી. શ્રીમતીને સૂર્યમુખીનીજ ઉંમરનો તારાચરણ નામનો એક પુત્ર હતો. સૂર્યમુખી અને તારાચરણ એ બન્ને છોકરાં એકજ ઘરમાં સાથે રહીને ઉછર્યાં હતાં અને ત્યારથીજ ઉભયને એક બીજાંપર ભાઈ બ્હેન પ્રમાણે પ્રેમ ચોંટયો હતો.

શ્રીમતી પણ સ્વરૂપે સુંદર હતી; તેથી તેને કામી જનો દ્વારા અતી ત્રાસ થતો હતો. તે ગામમાં ખરાબ ચાલનો કોઈ એક શ્રીમંત ગૃહસ્થ હતો, તેની કુદૃષ્ટિ શ્રીમતીપર ઘણા દિવસથી ચોંટી હતી. છેવટે તેણે તેનું મન વાળ્યું; અને તે પણ વિષયસુખાસક્ત થઈ દીર્ઘદૃષ્ટિ ન રાખતાં ક્ષણિક સુખને વશ થઈ ઘરમાંથી નીકળી ચાલી ગઇ, તે પાછી આવી નહિ. તે ક્યાં ગઇ તેનો પણ પત્તો લાગ્યો નહિ.

આ રીતે તારાચરણ માતાસુખવંચિત થયો, પરંતુ તે સૂર્યમુખીના પિતાનાજ ઘરમાં રહ્યો. તેના પિતાનું અંતઃકરણ દયાળુ હતું તેથી તેણે પરકીય બાળકને પોતાના પેટનાજ બાળકની પેઠે ઉછેરીને નાનાનો મોટો કર્યો. અને તેને યઃકશ્ચિત્ દાસી પુત્ર તરિકે ન ગણતાં થોડું શિક્ષણ આપ્યું. તારાચરણ એક ' ફ્રી મિશન ' શાળામાં અંગ્રેજી શીખ્યો. થોડા દિવસ પછી સૂર્યમુખીનું લગ્ન થયું અને તેનો પિતા મૃત્યુવશ થયો. તારાચરણનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું સારૂં હતું, તોપણ તે પદ્ધતિસર નહોતું. તેથી એકાદ કામ સ્વતંત્ર રીતે ચલાવવાની યોગ્યતા તેનામાં આવી નહોતી. સૂર્યમુખીનો પિતા મૃત્યુ પામ્યા પશ્ચાત્ તારાચરણ નિરાધાર હોવાથી સૂર્યમુખીને ઘેર રહેવા આવ્યો. પછી તેના કહેવાથી નગેંદ્રે પોતાના ગામમાં એક અંગ્રેજી શાળા કઢાવી આપી અને તારાચરણ ત્યાં મુખ્ય અધ્યાપક તરિકે કામ કરવા લાગ્યો. હમણાં ખાનગી શાળાને સરકાર તરફથી મદદ મળવાને લીધે પુષ્કળ સ્થળે ચકચકીત કેશવાળા અને ગાયન ગાઇને ભટકતા ફરનારા પરંતુ કાંઇ મીઠા વગરના અનેક બાબુઓ (પંડિતો) દષ્ટિગોચર થાય છે. પરંતુ આ પ્રકારની આ શાળા નહોતી. તે વખતે શાળાના મુખ્ય અધ્યાપકને તો ગામના લોકો સાક્ષાત્ બૃહસ્પતીજ માનતા હતા. અને તેમાં વળી તારાચરણે તો ' સ્પેકટેટર, સિટિઝન ઓફ ધી વર્લ્ડ, અને યુક્લિડની ભૂમિતિનાં પુસ્તકો ' વાંચ્યાં હતાં, એવી લોકોની સમજ હતી ! તેથી તેની વિશેષ વિખ્યાતિ થઇ તે લોકોનો પૂજ્ય થઈ પડયો હતો. તેની આટલી બધી વિદ્યાના જોરપર દેવેંદ્રનાથે પણ તેને પોતાની બ્રહ્મસમાજમાં દાખલ કર્યો હતો ! દેવેંદ્રનાથ એ ગોવિંદપુરની પાસેનાજ એક દેવીપુર નામક ગ્રામનો જમીનદાર હતો. તેને ત્યાં અગાઉ તારાચરણ નોકરીએ રહ્યો હતો, એવી પણ લોકોની સમજ હતી. તારાચરણે વિધવા વિવાહ સંબંધે અનેક નિબંધો લખ્યા હતા. તેજ પ્રમાણે સ્ત્રી

શિક્ષણ, મૂર્તિપૂજા, વગેરે ઇતર મહત્વના વિષયપર પણ લેખ લખીને દર અઠવાડીએ સમાજના હૉલમાં વાંચતો હતો. અને "હે દયાળુ પરમેશ્વર!" એ શબ્દોથી પ્રારંભ કરી તે વ્યાખ્યાન ઝુડતો હતો! ઉપરોક્ત વ્યાખ્યાનોમાંનાં કેટલાંક વ્યાખ્યાનો તેણે 'તત્ત્વબોધની' નામક માસિકમાંથી શબ્દશઃ ઉતારી લીધાં હતાં, અને કેટલાંક પોતાની શાળાના પંડિતના હાથથી લખાવી લીધાં હતાં. "મૂર્તિપૂજા છોડી દો, છોકરીઓને સ્વયંવરની પરવાનગી આપો, સ્ત્રીઓને શિક્ષણ આપો, તેને પિંજરામાંનાં પક્ષીની પેઠે બાંધી રાખો નહિ" ઇત્યાદિ ઇત્યાદિ અનેક વિષયોપર તે લોકોને સતત ઉપદેશ આપતો હતો. સ્ત્રી સંબધી વિષયોપર આટલા ઉદાત્ત વિચાર પ્રકટ કરવાનું તેને એક મુખ્ય કારણ હતું; તે એ કે તેના ઘરમાં બાયડીનું નામ નહોતું, અને અત્યાર પર્યંત તેનું લગ્ન પણ થયું નહોતું. સૂર્યમુખીએ તેનું લગ્ન કરવાને માટે પુષ્કળ ખટપટ કરી, પરંતુ તેની માની હકીકત સર્વને સુવિદિત હોવાથી ગોવિંદપુરનો કોઇ પણ આબરૂદાર માણસ તેને પોતાની કન્યા આપવાને તૈયાર થતો નહોતો. સાધારણ અપ્રતિષ્ઠિત કાયસ્થ કુળની એકાદ કન્યા તેને મળી હોત, પરંતુ એવી સ્ત્રીને 'ભોજાઇ' કહેવાનું સૂર્યમુખીને પસંદ નહોતું. સૂર્યમૂખી એકાદ આબરૂદાર કુળની કન્યાની શોધમાં હતી એટલામાં નગેંદ્રનો પત્ર તેને આવી મળ્યો. તે પત્રમાં કુંદાના રૂપગુણની અત્યંત પ્રશંસા કરવામાં આવી હતી. તેથી તેણે આ છોકરીનો વિવાહ તારાચરણની સાથે કરવાનો નિશ્ચય કર્યો.

હવે કુંદનંદિની કલકત્તાથી ગોવિંદપુર નગેંદ્રની સાથે સુરક્ષિત આવી પહોંચી. નગેંદ્રની હવેલી જોતાંની સાથેજ તે આશ્ચર્યચકિત થઈ ગઇ. તે હવેલીને ત્રણ બહારના અને ત્રણ અંદરના એવા છ ખંડો હતા. પ્રત્યેક ખંડ એકાદ નાના ગામ જેવડો હતો. બહારના પહેલા ખડને એક લોખંડી દરવાજો હતો અને તેની આસપાસ

ચોખંડી કઠેરા આવી રહ્યા હતા. દરવાજામાંથી અંદર જવાનો રસ્તો પાકો બાંધેલો હતો. તેની બન્ને બાજુએ કોમળ લીલા ઘાસના પટ આવી આવી રહ્યા હતા. આ પટની વચમાં ઠેકઠેકાણે નાનાં નાનાં વૃક્ષો અને અનેક પ્રકારનાં પુષ્પ વૃક્ષોના વર્તુલો બનાવવામાં આવ્યા હતા. તેથી ત્યાં નાના પ્રકારનાં પુષ્પોનું સૌગંધ્ય પ્રસરી રહ્યું હતું. હવેલીના ભાગમાં અતિથિનું આદરાતિથ્ય કરવાને માટે એક મોટું દિવાનખાનું બાંધવામાં આવ્યું હતું. દિવાનખાનામાં જવાને માટે ઉચ્ચ પગથીઆંની સીડી બાંધવામાં આવી હતી અને દિવાનખાનાની નીચે મોટા મોટા સ્તંભો આવી રહ્યા હતા. આ સ્તંભો ઉપર અનેક દેવ-દેવીઓની મૂર્તિ કોતરવામાં આવી હતી. હવેલીને તળીએ સંગેમર-મરના લીસા પાષાણુની ફરસબંધી બાંધી દેવામાં આવી હતી. દિવા-નખાનામાં ચારે બાજુએ દેવો તથા મહાન પુરુષોની છબી લટકાવેલી હતી અને મધ્ય ભાગે હાંડી ઝુમ્મર વગેરે ટાંગી દેવામાં આવ્યાં હતાં. દિવાનખાનાના આગલા ભાગમાં અગાશીપર એક મોટો ભયંકર માટી-નો સિંહ ગોઠવવામાં આવ્યો હતો; તેની યાળ નીચે લટકતી હતી, અને લાલ જીભ બહાર નીકળી પડી હતી. આ નગેંદ્રની બેઠકની જગા હતી. ઘાસના પટની સાથે એક એક મજલાનાં ઘરની હાર હતી. તેમાં એક બાજુ નગેંદ્રની કચેરી, તથા દફતરખાનું હતું, અને બીજી બાજુએ કોઠાર તથા ચાકરોને રહેવાની જગા હતી. મોટા દરવાજાની બન્ને બાજુએ દ્વાર રક્ષકની ખોલીઓ હતી. આ પહેલા મહેલને "કચેરી મહેલ" કહેવામાં આવતો હતો. એની પાછળ પૂજા મહેલ હતો. એની એક બાજુએ સ્નાન સંધ્યા આદિ કરવાને માટે વિશાળ જગ્યા હતી અને બાકીની ત્રણ બાજુએ બબ્બે માળનાં મકાન હતાં. આ મહે-લમાં કોઇ રહેતું નહોતું. નવરાત્રના ઉત્સવના દિવસોમાં માત્ર ત્યાં ગર્દી થતી હતી.

આ મકાનોમાં પુષ્કળ સામાન ભરેલો હોવાથી તેનાં બારણાંને મોટાં મોટાં તાળાં મારવામાં આવ્યાં હતાં. આ મહેલની પાછળ ઠાકુર મહેલ હતો. તેમાં એક તરફ કુલદેવતાનું મંદિર હતું અને તેની સામે એક સુંદર સભામંડપ હતો, ત્યાં સદા કથા, કિર્તન, પુરાણ, નૃત્ય, ગાયન વગેરે ચાલતાં હતાં. અહીંઆં પણ સંગેમરમરની ફરસબંધી હતી. બીજી ત્રણ બાજુએ દેવીનું રસોડું, પુજારીને માટે રહેવાની જગા તથા ધર્મશાળા હતી. આ મહેલમાં હમ્મેશાં માણસોની ગર્દી રહેતી હતી. એક તરફ પુરાણિક ગળામાં રુદ્રાક્ષની માળા પ્હેરી તથા કપાળમાં એક મોટો ચંદનનો ટીલો તાણી પુરાણ વાંચે છે; બીજી તરફ દેવીને ભોગ ચઢાવવાનો માટે રસોઇ તૈયાર થાય છે; મંદિરમાં કોઈ દેવીને પુષ્પ ચઢાવે છે; કોઇ દેવીને સ્નાન કરાવે છે; કોઈ ચંદન ઘસે છે; અને કોઈ ઘંટ વગાડે છે. બહારની બાજુએ ચાકર વગેરેની ગડબડ ચાલે છે. ધર્મ-શાળામાં એક તપસ્વી અંગે ભસ્મ ચોળી, જટા છૂટી મુકી સ્વસ્થ રીતે ઘોરતો પડયો છે; એક તરફ પંચાક્ષરી પોતાનો હાથ ઉંચો કરી મહેલમાંનાં માણસોને ઔષધ, મંત્ર, તાવીજ વગેરે આપે છે. બીજી તરફ સફેદ દાઢીવાળો, ભગવાં વસ્ત્ર ધારણ કરનાર બ્રહ્મચારી જપ-માળા હાથમાં ગ્રહણ કરી તેને ગોમુખીમાં ઘાલી ફેરવે છે અને નાગરી લીપિમાં લખેલી ભગવદ્ ગીતાની હસ્ત લીખિત પોથી વાંચે છે. એક તરફ વટેમાર્ગુ, યાત્રાળુ વગેરે યાચક લોકોને ભિક્ષા આપવામાં આવે છે; બીજી તરફ વૈરાગી લોકોનો સમુદાય ગળામાં તુળસી કાષ્ટની માળા પહેરી, તથા કપાળે ચંદનનો સફેદ ઉભો ટીલો કરી સર્વ જટાનો ભાર કપાળપર આણી જટાની એક એક વેણીમાં રુદ્રાક્ષ પરોવી "રામ રામ" ઉચ્ચાર કરી દરવાજાપર ગર્દી કરે છે. વૈરાગિણી પણ કેશોનો ઝુચલો બાંધી, ભગવાં વસ્ત્ર પરિધાન કરી તંબુરીના સુરપર કૃષ્ણનું ભજન કરે છે. આંગણામાં ઉદ્ધત છોકરાંઓ એક બીજાંની સાથે લડે છે અને પરસ્પર ગાળો દઇ ઇતસ્તતઃ ભ્રમણ કરે છે.

આ ત્રણ બહારના મહેલોનું વર્ણન સમાપ્ત થયું. એની પાછળજ અંદરના ત્રણ મહેલો હતા. કચેરી મહેલની પાછળ જે મહેલ હતો તે નગેંદ્રનો ખાનગી મહેલ હતો. તેમાં માત્ર તે સ્વતઃ તેની પત્નિ અને ઉભયનાં અંગત દાસ દાસીઓજ જતાં હતાં. તેમાંનો સામાન પણ તેમનાજ ઉપયોગ પુરતો હતો. આ મહેલ નગેંદ્રે ખાસ પોતાનેજ માટે બાંધેલો હતો તેમાંની પ્રત્યેક વસ્તુની વ્યવસ્થા ઘણી સુંદર હતી. પૂજા મહેલની પાછળ એક બીજો મહેલ હતો. તે જૂનો અને અવ્યવસ્થિત હતો. તેમાંની ખોલીઓ નીચી, નાની અને બેડોળ હતી અહીંઆં નગેંદ્રનું અંતર્ગૃહ હતું અને ઈતર આવતી જતી સ્ત્રીઓ પણ અહીંઆંજ વિરમતી હતી. અહીંઆંજ નગેંદ્રની સાથે સગપણ ધરાવનાર સ્ત્રીઓ, માશીઓ, ફોઇઓ, ભત્રીજીઓ, ભોજાઈઓ વગેરે રહેતી હતી. આ સ્ત્રીઓ આખો દિવસ વડપર બેઠેલા કાગડાની પેઠે કલકલ કર્યા કરતી હતી. પ્રતિ ક્ષણ નાનાં બાળકોની ફીકિયારીઓ, હાસ્ય, ગાળાગાળી, ગપ્પાં, નિંદા ઇત્યાદિ નાનાવિધ અવાજો સાંભળવામાં આવતા હતા. "મા મને પાણી આપ, શાક આપ, ભાત રાંધ, આ છોકરો ખાતો નથી, દુધ કયાં છે?" વગેરે અનેક પ્રકારનાં ભાષણો મિશ્રિત થઇ કર્ણ ગોચર થતાં હતાં. આ મકાનની નજીક નગેંદ્રનું રસોડું હતું. ત્યાં પુષ્કળ સ્ત્રીઓ નિત્ય રસોઇના કાર્યમાં ગુંથાઈ રહેતી હતી. કોઇ ભાતનું તપેલું ચુલાપર મુકી પોતાના છોકરાનાં લગ્ન સંબંધે વાર્તાલાપ કરે છે; કોઇ ચુલો સળગતો નથી તેથી કોઠારીને ગાળ દે છે; એક સ્ત્રી શાકમાં તેલ નાંખતાં પોતાનું અંગ તેલથી ચિટકાયું તેથી તેલ આણનારને નામે આંગળાં ફોડે છે; એક સ્ત્રી સ્નાન કરીને પોતાના કેશમાં સુવાસિત તેલ નાંખી તેને ઓળતી બેઠી છે; કોઇ માત્ર કેશનો બુચડો બાંધીનેજ દાળ વધારવા બેઠી છે, કોઇ શાક મોળે છે, અને મોળતી મોળતી પડોશણની અ-

થવા ઇતર કોઇની નિંદા કરે છે. ' તે બિચારી સરસ્વાત બાળ વિધવા થઇ, તે શશીમુખીનો સ્વામી મોટો ભંગેરી છે, ઈંદિરાના સ્વામીને સારી જગા મળી, અદ્યાપ દુર્ગાને સારૂં ઠેકાણું મળતું નથી, ઉમાનો છોકરો બહુ રડકણો છે, બાઇ, અંગ્રેજ લોકો રાવણના વંશજો હશે, નહિ વારુ? પેલા ચંદ્રશેખરને રમેશની કન્યા સાથે લગ્ન કરવાનો ઘણો શોખ છે, એવી વાત હમણાં સંભળાય છે, એવી અહીં તહીંની વાતો ચાલે છે; રસોડાનાં દ્વાર આગળ યાચક અને કુતરાંની ભીડ થઈ રહી છે; બિલાડીઓ પણ એક ખુણામાં લપાઇ રહી, સંધિ જોઇ અન્નપર પંજો મારી થોડુંક અન્ન દુર લઈ જાય છે, બહારની બાજુએ ગાયો આંખ મીંચી ભાજીપાલો, છાલાંછોડાં વાસીકુસી ઉચ્છિષ્ટ વગેરે ખાઇ સ્વસ્થ બેઠી છે.

અંદરના ત્રણ મહેલોની નિકટ એક મોટી પુષ્પ વાટિકા હતી અને તેની પેલી તરફ વિસ્તીર્ણ તળાવ હતું. આ તળાવનું પાણી સદૈવ લીલું રહેતું હતું. તેની ચારે બાજુએ ઘાટ બાંધેલા હતા. અંતર્ગૃહના ત્રણ ભાગો કરવામાં આવ્યા હતા અને તે ત્રણે ભાગોમાંથી વાટિકામાં આવવાના ખાનગી માર્ગો હતા. તે પ્રત્યેક માર્ગને એક એક દરવાજો હતો. આ તદ્દન અંતસ્થ દરવાજા હતા. એમાંથી સ્ત્રીઓ શિવાય અન્ય કોઇ જતું આવતું નહોતું. આ તળાવની પેલી બાજુએ નગેંદ્રનો તબેલો હતો. ત્યાં હાથી, ઘોડા વગેરેને રહેવાનાં સ્થળો, કુતરાંના ઘરો તથા અનેક પ્રકારનાં પક્ષીઓનાં પાંજરાં ટાંગવામાં આવ્યાં હતાં.

આ પ્રકારનું નગેંદ્રનું સર્વ ઐશ્વર્ય જોઈ કુંદાને મહદાશ્ચર્ય લાગ્યું અને અત્યાનંદ થયો. તે મોટા દરવાજા પાસે આવી કે તરતજ નગેંદ્રના સેવકો તેને મેનામાં બેસાડી અંતર્ગૃહમાં લઇ ગયા. ત્યાં જઇને કુંદાએ

સૂર્યમુખીને નમસ્કાર કર્યા ત્યારે સૂર્યમુખીએ તેને મનઃપૂર્વક શુભાશિર્વાદ દઈ પોતાની પાસે બેસાડી અને તેને કુશળ સમાચાર પૂછવા લાગી.

કુંદનંદિનીએ સ્વપ્નમાં દીઠેલા પુરુષના જેવો નગેંદ્ર છે એમ તેને પૂર્વે લાગ્યું હતું માટે હવે તેની સ્ત્રી સૂર્યમુખી પણ સ્વપ્નમાં દીઠેલી સ્ત્રીના જેવીજ હશે કે શું એવો સંશય તેને પ્રથમ આવ્યો. પરંતુ સૂર્યમુખીની મુદ્રાનું સૌમ્યપણું જોઈ તેનો સંશય શીઘ્ર નષ્ટ થયો. સૂર્યમુખીનો વર્ણ પૌર્ણિમાના ચંદ્ર જેવો શુદ્ધ ગોરો હતો અને સ્વપ્નમાં દિઠેલી સ્ત્રી તો છેક કાળી હતી. સૂર્યમુખીની આંખ મોટી, તેજસ્વી અને હરિણની પેઠે કર્ણ પર્યંત લાંબી, તેનાં ભવ્ય કમાનદાર, અને તેની કીકી કાળી તથા સ્થિર હતી. આટલી મોહકતા સ્વપ્નમાં દિઠેલી સ્ત્રીના નેત્રમાં નહોતી. સ્વપ્નમાં દિઠેલી સ્ત્રી ઠિંગણી હતી, પરંતુ સૂર્યમુખી કાંઈક ઉંચી અને મધુમાલતીની પેઠે કાંઈક ઝુકેલી હતી. સ્વપ્નમાં દિઠેલી સ્ત્રી દેખાવડી હતી, પરંતુ સૂર્યમુખી તેના કરતાં શતપટ વિશેષ દેખાવડી હતી. સ્વપ્નમાં દિઠેલી સ્ત્રીની વય વીશની અંદર હતી અને સૂર્યમુખીની વય પચ્ચીસ છવ્વીસ વર્ષની હતી. આથી કુંદાને સમજાયું કે સ્વપ્નમાં દિઠેલી સ્ત્રી અને સૂર્યમુખી વચ્ચે લેશ પણ સામ્ય નહોતું. સૂર્યમુખી કુંદાની સાથે ઘણીવાર સુધી આનંદપૂર્વક બોલતી બેસી રહી. થોડી વાર પછી તેણે પોતાની દાસીઓને પોતાની પાસે બોલાવી અને તેમાંની મુખ્ય દાસીને ઉદ્દેશીને કહ્યું "જેની સાથે મારા તારા ચરણનું લગ્ન થવાનું છે તે આ છોકરી કુંદા છે; માટે તમે સર્વે એને મારી બેનજાઈ સમજી એની સાથે તે પ્રકારનું વર્તન રાખજો."

દાસીએ તેનો સ્વિકાર કર્યો. મુખ્ય દાસીએ કુંદાને પોતાની પાસે બોલાવી અને તેને એક બીજી ખોલીમાં લઈ ગઈ. તે દાસીનું સ્વરૂપ અને મુદ્રા જોઇનેજ કુંદાનું દેહાભિમાન નષ્ટ થયું. તેનું સર્વાંગ પ્રસ્વેદથી ભીંજાઈ ગયું અને તે થરથર કાંપવા લાગી. તેને પોતાની માતાએ

આકાશ પટમાં જે સ્ત્રીમૂર્તિ બતાવી હતી તેજ આ કૃષ્ણવર્ણું દાસી હતી.

તેને જોઇને કુંદા અતિ ભયભીત થઈ અને દીર્ઘ શ્વાસ છોડી તેને પૂછ્યું "તું કોણ છે? તારૂં નામ શું?"

"મારૂં નામ હીરા" તે દાસીએ ઉત્તર આપ્યો.

ચતુર્થ પરિચ્છેદ.

આ ભાગ વાંચતાં પાઠકોને અતિશય કંટાળો આવશે. કાદંબરી કારોનો એવો નિયમ હોય છે કે નાયક અને નાયિકાનાં લગ્ન કરીને કાદંબરીનો અંત આણવો. પરંતુ અમે તો કુંદાનાં લગ્નથીજ કાદંબરીનો પ્રારંભ કરવાની તૈયારીમાં છીએ. પ્રાચીન કાળથી એક બીજી એવી રીતિ પ્રચલિત છે કે નાયિકાની સાથે જે પુરુષનું લગ્ન થવાનું હોય તે પુરુષ અતિ સુંદર, સદ્‌ગુણી, બત્રીસ લક્ષણયુક્ત અને સર્વ વિદ્યા પારંગત જણાવવામાં આવેલો હોય છે. અને નાયિકાપર તેનો અત્યંત પ્રેમ હોય છે, પરંતુ રંક બિચારા અમારા તારાચરણમાં તેવા ગુણો મૂળેજ નહોતા. તે સ્વરૂપમાં સાધારણ અને તેનો વર્ણ જરા લાલાશપર હતો. તેનું નાક અને તેની આંખો બહુ ઘાટદાર નહોતી. તે કોઇ મોટો પ્રસિદ્ધ પુરુષ નહોતો. તે એક શાળાનો મુખ્ય અધ્યાપક હતો, એ શિવાય બીજા ગુણ તેનામાં નહોતા. તેણે મધ્યમ પ્રતિનું અંગ્રેજી શિક્ષણ લીધું હતું, પ્રીતિના સંબંધમાં એટલુંજ કહેવું બસ થશે કે પાળેલાં જાનવર પર તેની જેટલી પ્રીતિ હતી તેટલી પણ કુંદાપર નહોતી; કિંબહુના તેનાપર લેશ પણ પ્રીતિ તે રાખતો નહોતો એમ કહીશું તોપણ ચાલશે.

ગમે તેમ હો; કુંદનંદિની નગેંદ્રને ઘેર આવી કે તરતજ તારાચરણની સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું. ત્યાર પછી થોડા દિવસમાં તારાચરણ પોતાની સુંદર પત્નિને પોતાને ઘેર લઇ ગયો. પરંતુ આ સુસ્વરૂપ સુંદરીની સાથે તેનાં લગ્ન થયાં તેથી તેને સુખ થવાને બદલે એક પછી એક દુઃખજ તેનાપર આવવા મંડયાં.

અમારા વાંચકોના સ્મરણમાં હશે કે તારાચરણે પૂર્વે સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી દાસ્ય વિમોચન એ વિષયોપર કેટલાક લેખો પ્રસિદ્ધ કર્યા હતા. પાછળથી આજ વિષયપર બ્રહ્મ સમાજમાં વાદવિવાદ ચાલતાં તારાચરણે એક પ્રસંગે એમ સ્પષ્ટ જણાવ્યું હતું કે " મને સંધિ પ્રાપ્ત થશે ત્યારે આ વિષય સંબંધે હુંજ પ્રથમ દાખલો બેસાડીશ. મારૂં સ્વતઃનું લગ્ન થશે ત્યારે હું મારી પત્નિને નિઃસંશય સમાજમાં આણીશ."

હવે તારાચરણના વિવાહ થયા ત્યારે તેની સ્ત્રીનાં સૌંદર્યની ખ્યાતિ પણ આસપાસના પ્રદેશમાં પ્રસરી ગઈ. તેનાં આડોશીપાડોશી તેને નિત્ય એમ કહેતાં હતાં કે " કેમ ભાઈ! હવે તમારા વ્યાખ્યાનો અને નિબંધો ક્યાં ગયા ?" દેવેંદ્ર પણ તેને એમ કહેતો હતો કે " કેમ ? હવે તમે પણ જૂના મતના લોકોની પેઠે વર્તશો કે ? તમારી સ્ત્રીને તમે સમાજમાં શા માટે આણતા નથી ? તેને ગોંધી શા માટે રાખો છો ? તેને સમાજમાં આણો અને સર્વ મિત્રોની સાથે તેની ઓળખાણ કરાવો. "

તારાચરણને નીચું માથું ઘાલવાનો અવસર આવ્યો. તેનાથી દેવેંદ્રના મર્મભેદક અને ઉપહાસાસ્પદ શબ્દો સહન થઇ શકતા નહોતા. પણ તે કરે શું ? તેના મનમાં વારંવાર એમ આવતું હતું કે મારાથી બોલ્યા પ્રમાણે વર્તી શકાતું નથી. છેવટે તેણે લાઇલાજ થવાથી દેવેન્દ્રને પોતાની સ્ત્રી સાથે બોલવાની છૂટ આપી. પણ એમ કરવાથી તેના મનમાં એક બીજી ભીતિ ઉત્પન્ન થઇ. તેને લાગ્યું કે જો એ

વાત સૂર્યમુખીના કાનપર જશે તો તેને તે જરા પણ પસંદ પડનાર નથી; તે મારો ઉપહાસ કરશે અને આજ પર્યંત તે મારાપર જે નિઃસીમ પ્રીતિ રાખતી આવી છે તે પણ નષ્ટ થશે. આ વિષે વિચાર કરતાં કરતાં એક વર્ષ નીકળી ગયું. છેવટે તેને લાગ્યું કે હવે આવી ઢીલ ચાલવાની નથી. આથી તેણે એક નિમિત્ત શોધી કાઢ્યું. તે પોતાના મિત્ર પ્રત્યે બોલ્યો "મારૂં ઘર અતી જીર્ણ થઇ ગયું છે, તેથી જો તેને દુરસ્ત કરવામાં નહિ આવશે તો નુકશાન થવાનો સંભવ છે." આ બહાનાથી તેણે કુંદાને સૂર્યમુખી કને મોકલી દીધી અને વર્તમાન કાળને માટે આ બાબતમાંથી પોતાનો છૂટકો કરી લીધો. પરંતુ આવો પ્રકાર કેટલા દિવસ ચાલી શકે? ઘર દુરસ્ત થયા પછી કુંદા પુનઃ પોતાને ઘેર આવી. કેટલાક દિવસ પછી પોતાના મિત્રોની સાથે દેવેંદ્ર તારાચરણને ઘેર આવ્યો અને "તમે વ્યર્થ બોલનારા છો, કહેવું સ્હેલ છે પણ કરવું મુસ્કેલ છે." વગેરે મર્મભેદક શબ્દો કહી તેની મશ્કરી કરવા લાગ્યો. ત્યારે તારાચરણે મનમાં વિચાર કર્યો કે "હવે બ્હાનું ચાલી શકે એમ નથી, અને બોલવા પ્રમાણે વર્તીશું નહિ તો લોકોમાં આપણી ફજેતી થશે." તેણે કુંદાને સારો સભ્યતા ભરેલો પોશાક પહેરીને બહાર આવવાનો હુકમ કર્યો. સ્ત્રીજાતિ સ્વભાવતઃજ બ્હીકણ હોય છે. તેમાં વળી કુંદા તો પંદર સોળ વર્ષની છોકરી હતી. તેને પુરુષ વર્ગમાં જવાનો કદિ પણ પ્રસંગ મળ્યો નહોતો. પરંતુ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવાના હેતુથી તેણે સુંદર પોશાક પહેર્યો અને તારાચરણની સાથે દિવાનખાનામાં આવવાને માટે નીકળી. દિવાનખાનામાં પગ મૂકતાંની સાથેજ તે પોતાના પતિના મિત્રોને જોઇને છેક ગભરાઇ ગઈ. તારાચરણે તેને દેવેંદ્રની સાથે વાતચિત કરવાની આજ્ઞા કરી. પરંતુ જેને આજ પર્યંત પરપુરુષનું મુખ જોવાનો સુદ્ધાં પ્રસંગ આવ્યો નહોતો તે ચાર માણસની વચ્ચે પરપુરુષની સાથે

વાતચીત શી રીતે કરે ? તે દેવેંદ્રની આગળ થોડી વાર સુધી માથા-પર પગ મુકી નીચે જોતી ઉભી રહી ! અને પછી એકદમ રોવા લાગી. પરંતુ તેનું સુંદર અને મોહક સ્વરૂપ જોઇ દેવેંદ્રનું મન અતિ મોહિત થયું. તે તો તદ્દન સ્તબ્ધજ થઈ ગયો ! તે રૂપ તેના હૃદય-માંથી આમરણ પર્યંત દૂર થયું નહિ.

ત્યારપછી થોડાજ દિવસમાં દેવેંદ્રને ઘેર મેજબાની કરવાનો નિશ્ચય થયો. તે વખતે કુંદાને પણ ત્યાં જવાનું નિમંત્રણ થયું. સૂર્ય-મુખીને કાને આ વાત પડી ત્યારે તેણે કુંદાને "ત્યાં જવાનું કાંઇ પ્રયોજન નથી" એમ સમજાવીને કહ્યું. તેથી તે ત્યાં ગઇ નહિ. થોડા દિવસ પછી દેવેંદ્ર પુનઃ એક વાર તારાચરણને ઘેર ગયો અને કુંદાની મુલાકાત કરી. દેવેંદ્ર કુંદાની સાથે ઘાડા પરિચયથી વર્તે છે એ વાત જ્યારે સૂર્યમુખીને કાને પડી ત્યારે તેણે તારાચરણ પર એવો સખ્ત પત્ર લખી મોકલ્યો કે તે દિવસથી દેવેંદ્ર તેને ઘેર આવતોજ અટકી ગયો.

કુંદાના લગ્ન થયા પછીનાં ત્રણ વર્ષો આવી ભાંજગડમાં વ્યતીત થઈ ગયાં. તારાચરણને સુખનો સંસર્ગ પણ થયો નહિ. આખરે તેને સન્નિપાત જ્વર લાગુ પડયો અને તેથી તેનો અંત આવ્યો ! અને રંક બિચારી કુંદા વૈધવ્ય દુઃખમાં પડી ! સૂર્યમુખી તેને પોતાને ઘેર લઈ ગઇ, અને તારાચરણને રહેવાને માટે આપેલું ઘર વેચી નાંખીને તેમાંથી ઉત્પન્ન થયેલી રકમ કુંદાને નામે શાહુકારને ત્યાં અનામત મુકી.

પાઠકોને અમારી એટલીજ પ્રાર્થના છે કે તેમણે અત્યારથી ધૈર્ય છોડી દેવું નહિ; કારણ કે અમારા સંવિધાન કાળની તો અહીંઆંથીજ શરૂઆત થાય છે. હજી વિષલતાનું બીજ થોડે સુધીજ જમીનમાં ગયું છે. હજી તેને અંકુર ફુટી તેની પુર્ણ વૃદ્ધિ થવાને ઘણી વાર લાગશે. માટે રસિક વાંચકોએ આગળ આવતો ભાગ વાંચવાની કૃપા કરવી.

અસ્તુ. આ તરફ કુંદા નગેંદ્રને ત્યાં આવીને રહી. ત્યાં તેણે અપાર વૈધવ્ય દુઃખમાં કેટલાક દિવસ ગાળ્યા. એક દિવસ બપોર પછી ઘરમાંની સર્વ સ્ત્રીઓ કાંઇક ઘરગતુ કામમાં ગુંથાઇને એક સ્થળે બેઠી હતી. ત્યાં નાની છોકરીથી લઇને વૃદ્ધા પર્યંત સર્વ વયની સ્ત્રીઓ હતી. કોઈ કેશ ઓળતી હતી; કોઈ વેણી ગુંથતી હતી; એક બાઈ પોતાના બાળકને માટે ગોદડી શીવતી હતી, એક સ્ત્રી પોતાના બાળકને દુધ પાતી હતી; બીજી પોતાનું બાળક વારેવાર રડતું હતું તેથી તેને મારતી હતી; એક રૂમાલપર વેલ બુટ્ટા કાઢતી હતી; એક આશ્ચર્યચકિત મુદ્રાથી તે કામ જોતી હતી; એક તરફ એક સ્ત્રી પોતાનાં છોકરાનાં લગ્નનું શું થશે એવા વિચારમાં છેક ગર્ક થઈ ગઇ હતી; કોઈ લગ્ન પ્રસંગે વર કન્યાને બેસવા માટે પાટલા રંગતી હતી; એક ભણેલી સ્ત્રી પોતાના હાથમાં રાધાવિલાસનું પુસ્તક લઈ ધીમે ધીમે ગાયન ગાતી હતી; કેટલીક તરુણ સ્ત્રીઓ પોતાના પતિની વિનોદાત્મક વાતો પરસ્પરના કાનમાં કહે છે; કોઇ શેઠની તો કોઈ શેઠાણીની નિંદા કરે છે; જેને સવારમાં સૂર્યમુખીએ મુર્ખતાભરેલું કાર્ય કરવાને માટે ધમકાવી હતી તે પોતે સંધ્યાકાળે કરેલાં ડહાપણ ભરેલાં કાર્યો સર્વની નજર સમક્ષ લાવે છે; જેની રસોઈમાં લેશ પણ સ્વાદ હોતો નથી તે પોતાનું પાક કૌશલ્ય વખાણતી પરવારતી નથી; જેનો સ્વામી આખા ગામમાં મુર્ખ ગણાય છે તે તેના અલૌકિક ગુણોની અને વિદ્વત્તાની પ્રશંસા કરતી થાકતી નથી. જેને કાળા ઠીકરાં જેવાં છોકરાં થયાં છે તે પોતાને એક વખત નક્ષત્ર જેવાં સુસ્વરૂપવાન છોકરાં થયાં હતાં એમ કહી પોતાની હીનતા ઢાંકે છે. આ સ્ત્રીઓની સાથે સૂર્યમુખી બેઠી નહોતી; અને તે તેમની સાથે બેસી શકતી પણ નહોતી; કારણકે તે કેટલેક અંશે ગર્વિષ્ટ હતી. તે તેમની પાસે આવે કે તરતજ રંગમાં ભંગ થવાનો સંભવ હતો; તેથી તે વિનાકારણ કદિ પણ આવતી

નહોતી. સર્વેને તેનો ધાક લાગતો હતો, તેથી સર્વે તેને નમીને ચાલતાં હતાં. આ સ્ત્રીઓની સાથે કુંદા બેઠી હતી. તે આ વખતે એક નાના છોકરાને તેની માના કહેવાથી મૂળાક્ષર શીખવતી હતી. પરંતુ તે છોકરાનું લક્ષ લખવા તરફ જરા પણ હતું નહિ. પાસેજ એક નાની છોકરી બરફી ખાતી હતી તે તરફજ તેની દૃષ્ટિ ચોંટી રહી હતી. તેથી તે એક અક્ષર પણ કાઢી શકતો નહોતો. થોડી વારમાં ત્યાં એક વૈરાગિની આવી પહોંચી અને "જય રાધા! કૃષ્ણ રાધા" એમ બોલી સ્કંધ ઉપર તંબુરો લઇ, હાથમાંની ખંજરી વગાડતી ઉભી રહી.

નગેંદ્રના ઠાકુર મહેલની બારી આગળ ભિક્ષુકોનાં ઝુંડનાં ઝુંડ ભીક્ષા માગવાને માટે નિત્ય આવતાં હતાં. તેમને ત્યાં દરરવિવારે અર્ધ અર્ધશેર ચોખા મળતા હતા પરંતુ યોગિની હો કિંવા વૈરાગિની હો, કોઇને પણ દરવાજાની અંદર જવાનો હુકમ નહોતો તેથી તે વૈરાગિનીનો "જયરાધા! જયકૃષ્ણ!" એવો ધ્વનિ સાંભળી એક સ્ત્રી તેની પાસે જઈ બોલી "કેમ રે? જોગણ! તું અહીંઆં શા માટે આવી? જા ઠાકુરબારી પાસે તને ત્યાં ભિક્ષા મળશે" પરંતુ તેણે વધારે પાસે જઇને જોયું તો તેને વૈષ્ણવી વૈરાગિની માલમ પડી. તેથી તે બોલી "બાઈ! મેં તમને જોયાં નહોતાં! માજી, તમે વૈષ્ણવી વૈરાગિની છો?"

વૈરાગિની ત્યાં આવ્યા પછી સર્વ સ્ત્રીઓ એકદમ આશ્ચર્યથી તેના તરફ જોવા લાગી. તેમણે એટલો તર્ક કર્યો કે આ સુંદર અને તરુણ વૈરાગિની હોવાથી એણે કોઇ વિશેષ કારણને લીધે આ પંથ સ્વિકાર્યો હશે. આ સર્વ સ્ત્રીઓમાં કુંદનંદિનીને બાદ કરીએ તો તે વૈરાગિનીના જેટલી સુંદર સ્ત્રી કોઈ નહોતી. તેના આરક્ત ઓષ્ઠ, સરળ નાક, કમળ સરખાં નેત્ર, કમાનદાર કાળાં ભમ્મર સમાન ભવાં, વિશાળ કપોળ, નાજુક હસ્ત, અને ચંપક પુષ્પસમાન મુખ, આ લક્ષણો બીજી

કોઈ પણ સ્ત્રીમાં નહોતાં. પરંતુ જો ત્યાં એકાદ સ્ત્રી હોત તો તે અવશ્ય એમ બોલી હોત કે "આ વૈરાગિનીનાં સર્વ સૌંદર્યમાં સ્ત્રીની નાજુકતા અને માર્દવના વિશેષ ગુણો નથી. તેમજ એના બોલવા ચાલવામાં અને ઇતર હાવભાવમાં પુરુષપણું દ્રષ્ટિગોચર થાય છે."

તે વૈરાગિનીએ પોતાના કપાળના મધ્ય ભાગમાં નાક પર્યંત સફેદ ચંદનનો ટીલો તાણ્યો હતો અને તેની વચ્ચે કાળી રેષા કાઢેલી હતી. કેશનો બુચડો બાંધેલો હતો. અંગમાં ભગવી કફની ધારણ કરી હતી. હાથમાં ખંજરી હતી અને સ્કંધપર તંબુરો હતો. અને પ્રત્યેક હાથમાં બબ્બે કાચની બંગડી હતી.

ત્યાં બેઠેલી સ્ત્રીઓમાંથી એક પુખ્ત વયની સ્ત્રીએ વૈરાગિનીને પૂછ્યું "બાઇ! તમે કોણ છો? તમે ક્યાંથી આવ્યાં છો? તમારૂં નામ શું છે?"

વૈરાગિની બોલી "હું વૈષ્ણવી વૈરાગિની છું. મારૂં નામ હરિદાસી છે. હું પ્રયાગથી ફરતી ફરતી અહીંઆં આવી છું. આપનામાંથી કોઇને ભજન પ્રિય છે કે વારુ? જો આપને ભજન પ્રિય હોય અને મને ગાવાની આજ્ઞા કરશો તો હું ગાઇશ."

સર્વ સ્ત્રીઓ એકે અવાજે બોલી "હા, હા, ખુશીથી તું ભજન ગા. કાંઈ હરકત નથી." ત્યારે તે વૈરાગિની પોતાના હાથમાં તંબુરો લઈ તે સ્ત્રીઓની પાસે જઇને બેઠી. કુંદા ત્યાં પાસેજ પેલા છોકરાને ભણાવતી બેઠી હતી. તેને પણ ભજનનો ઘણો શોખ હતો. જ્યારે તેણે પેલી વૈરાગિનીને ભજન ગાવાની તૈયારીમાં જોઈ ત્યારે તે જરા નિકટ આવીને બેઠી. આ અરસામાં પેલા છોકરાએ સંધિ સાધી પેલી છોકરીના હાથમાંથી બરફીનો ટુકડો ખુંચવી લીધો અને તરતજ મોંમાં ગપ્પ કર્યો.

વૈરાગિનીએ તે સ્ત્રીઓને પૂછ્યું "કયું ભજન ગાઉં વારુ?" ત્યારે પ્રત્યેક જણાએ પોતપોતાની ઇચ્છા અનુસાર જુદાં જુદાં ભજન ગાવાની આજ્ઞા કરી. કોઇએ 'એરે મુદ્રિકા મારા રામની, કહો ક્યાં થકી લાવ્યા?' એ ગાવાની આજ્ઞા કરી. કોઇએ 'રાધાવિલાસ' કોઇએ 'કૃષ્ણલીલા' અને કોઇએ 'રાસક્રીડા'ના ગાયન ગાવાની સૂચના કરી. એકે "જો તું સીતા સ્વયંવરનું ગાયન ગાશે નહિ તો હું સાંભળવા સુદ્ધાં બેસનાર નથી અને તારો તંબુરો ખુંચવી લઇ એક બાજુ ફેંકી દઇશ" એવી ધમકી આપી. ટુંકામાં જેને જે ગાયન પસંદ હતાં તે તે ગાવાની સર્વેએ સુચના કરી. પછી વૈરાગિનીએ કુંદાની તરફ વક્રદ્રષ્ટિ કરીને પૂછ્યું "કેમ? આપને કાંઈ ગાયન પસંદ નથી કે? જો આપને કોઇ ગાયન પસંદ હોય તો તે ગાવાની મને ખુશીથી આજ્ઞા કરો."

કુંદા કિંચિત્ હસીને નીચે જોવા લાગી, પરંતુ એક શબ્દ પણ પોતાના મુખમાંથી કાઢયો નહિ. તેણે પોતાની સખીના કાનમાં ધીમેથી કહ્યું. "તેને કૃષ્ણની અથવા એકાદ દેવની સ્તુતિનાં પદ ગાવાને કહે એટલે થયું, બીજું ત્રીજું મને કાંઇ પસંદ નથી."

ત્યારે તે સ્ત્રી વૈરાગિની પ્રત્યે બોલી "કુંદાનો વિચાર કૃષ્ણ અથવા એકાદ દેવની સ્તુતિનાં પદો ગવરાવવાનો છે" આ સાંભળી તેણે કૃષ્ણ સ્તુતિનું ગાયન ગાવા માંડયું. અન્ય સ્ત્રીઓની પસંદગી પ્રમાણે નહિ, પરંતુ પોતાનીજ પસંદગી પ્રમાણે તે ગાયન ગાવા લાગ્યાથી કુંદા ઓશિયાળી થઈ અને નીચે જોવા લાગી. તે વૈરાગિની તંબુરાના તારપર અનુક્રમે પોતાના હાથનાં આંગળાં ફેરવવા લાગી અને મધમાખી કિંવા ભ્રમર મધુયુક્ત પુષ્પપર જે પ્રમાણે ગુંજારવ કરે છે અથવા એકાદ નવયૌવના સ્ત્રી જે પ્રમાણે પોતાના પતિની સાથે પ્રથમ મેળાપ થતાં ધીમે ધીમે સલજ્જ ભાષણ કરે છે તે પ્રમાણે સ્વર કાઢી ગાવા લાગી. તેણે પોતાનાં આંગળાં વતી તંબુરાના તારમાંથી

એક એવો કર્કશ ધ્વનિ કાઢયો કે તે સાંભળતાંની સાથે સર્વ સ્ત્રીઓ તે મંજુલ સ્વરે ગાતી હતી તોપણ ચકિત થઇ અને એકદમ ચમકી.

સર્વ સ્ત્રીઓને ઘણું આશ્ચર્ય લાગ્યું, તોપણ તેમનું સર્વ લક્ષ તે વૈરાગિનીના ગાયન તરફ ચોંટયું હતું. તેનો મંજુલ સ્વર, તેનો સુંદર આલાપ, અને તેના હાવભાવથી સર્વ સ્ત્રીઓ મંત્ર મુગ્ધા થઈ ગઈ. ખરૂં જોતાં એકાંતવાસમાં રહેનારી આ સ્ત્રીઓ ગાયનનો ખરો મર્મ કયાંથી સમજી શકે ? ત્યાં એકાદ માર્મિક મનુષ્ય હોત તો તેને તરત સમજ પડી હોત કે પૂર્ણ ગાયન નૈપુણ્ય એ કાંઇ સ્વાભાવિક મધુર અવાજપર અવલંબી રહ્યું નથી; અને આ વૈરાગિનીએ શાસ્ત્રીય પ્રણાલિથી ગાયનની પ્રત્યક્ષ તાલીમ લીધી છે; તથા જો કે એ વયમાં નાની દેખાય છે, તોપણ તે ગાયનકળામાં સારી રીતે પ્રવીણ છે.

આ પ્રથમ ગાયન પુરૂં થતાંની સાથે તેણે પુનઃ બીજું ગાયન ગાવાની સૂચના કરી. ત્યારે વૈરાગિનીએ કુંદા પ્રતિ સપ્રેમ દૃષ્ટિથી જોયું અને રાધા રિસાઇ ત્યારે શ્રીકૃષ્ણે તેની સાથે જે પ્રેમયુક્ત ભાષણ કર્યું હતું તે વિષે એક ગાયન ગાઈ સંભળાવ્યું.

ગાયન સમાપ્ત થયા પછી વૈરાગિની કુંદા પ્રતિ જોઇને બોલી “ મને ગાયન ગાવાથી અતિશય તરસ લાગી છે, માટે મને થોડું પાણી આણી આપશો ? ”

કુંદાએ ઘરમાં જઇ એક લોટો ભરી પાણી આણી આપ્યું. વૈરાગિની બોલી “ હું તમારા લોટાને સ્પર્શ કરીશ નહિ. માટે નિકટ આવો અને મારી અંજલિમાં પાણી રેડો; એટલે હું પાણી પી શકીશ. હું મૂળની યોગિની નથી. ” આમ કહી તેણે એમ સૂચવ્યું કે “ મારો જન્મ નીચ કૂળમાં થયો છે અને ત્યાર પછી મેં જોગ લીધો છે. ”

આથી કુંદા તેની નિકટ ગઇ અને તેની અંજલિમાં પાણી રેડવા લાગી. વૈરાગિની અને કુંદા ઇતર સ્રીઓથી એટલે છેટે હતાં કે તે ઉભય પરસ્પર ધીમે ધીમે કાંઇ વાત કરે તો તેઓ સાંભળી શકે નહિ. કુંદાએ પાણી રેડયું; તે પી રહી અને પછી તે પોતાના હાથ તથા મુખ સ્વચ્છ રીતે ધોવા લાગી. વૈરાગિની હાથ ધોતાં ધોતાં ધીમે રહીને કુંદા પ્રત્યે બોલી " તમારૂં નામ કુંદનંદિની ને ! "

કુંદ આશ્ચર્ય ચકિત થઇ બોલી " કેમ મારૂં નામ પુછો છો ? મારૂં નામ તમને કોણે કહ્યું ? "

" બાઈ ! તમે કદી તમારાં સાસુને જોયાં છે ? " વૈરાગિનીએ સ્હામો પ્રશ્ન કર્યો.

" મેં તેમને કદિ પણ જોયાં નથી. "

પોતાની સાસુ ઉભયકુળને લાંછન લગાડીને કોઇનાં સાથે નીકળી ગઇ હતી એ વાત કુંદાએ ઘણાંના મુખેથી સાંભળી હતી. વૈરાગિની કુંદા પ્રત્યે બોલી " તમારાં સાસુ હમણાં અહીંઆં આવ્યાં છે, અને મારેજ ઘેર ઉતર્યાં છે તેને તમને મળવાની ઘણી ઇચ્છા છે, પરંતુ તે અહીંઆં આવી સૂર્યમુખીને પોતાનું મૂખ બતાવવાની હિમ્મત કરી શકતાં નથી માટે જો તમે મારી સાથે આવશો તો તેમની ઇચ્છા પરિપૂર્ણ થશે. તમને આવવાને મોટી અડચણ પડે એમ મને લાગતું નથી. તમારે ત્યાં અવશ્ય આવવું જોઇએ. તેને હાથે મોટા અપરાધ થયો છે, એ વાત ખરી છે, પરંતુ ગમે તેવાં પણ તે તમારાં સાસુ છે. "

કુંદા સાદી ભોળી સ્રી હતી તોપણ આવી ખરાબ ચાલની સ્રી સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો ઉચિત નથી એ તે સારી પેઠે સમજતી હતી. તેથી તેણે વૈરાગિનીને ડોકું ધુણાવીને સ્પષ્ટ કહ્યું " હું આવનાર નથી " પરંતુ વૈરાગિની તેને પુનઃ આગ્રહ કરવા

લાગી. ત્યારે કુંદા બોલી " શેઠાણીની આજ્ઞા શિવાય મારાથી ત્યાં આવી શકાય એમ નથી. "

જો કે કુંદાની આ હઠ વૈરાગિનીને પસંદ પડી નહિ, તોપણ તે વિશેષ આગ્રહ કરી શકી નહિ. તે કુંદા પ્રત્યે એટલુંજ બોલી કે " આ વિષે તમે તમારી શેઠાણીની આગળ એક શબ્દ પણ કાઢશો નહિ. કારણ કે જો તે આ વાત સાંભળશે તો તમને જરા પણ આવવા દેશે નહિ. જો તમે આ વિષે તેને વાત કરશો તો તે તમારી સાસુને બોલાવવા માણુસ મોકલશે અને આમ થશે એટલે તે નીકળીને પોતાને ઘેર ચાલી જશે. "

જેમ જેમ વૈરાગિની કુંદાને વિશેષ આગ્રહ કરવા લાગી તેમ તેમ તે પોતાની સ્વામિનીની આજ્ઞા વિના આવવાને ના પાડવા લાગી. છેવટે કાંઈ પણ ઉપાય ચાલતો નથી એમ જોઈ તે વૈરાગિની બોલી " ઠીક, ત્યારે તમે આવતાં નથી તો ના આવો. પરંતુ આ વાત તમે તમારી સ્વામિનીને કહેજો એટલે કદાચિત્ તે તમને જવાને માટે અનુજ્ઞા આપશે. હું એકાદ દિવસ આવી તમને તેડી જઇશ. પરંતુ ધ્યાનમાં રાખજો કે આ વાત તેની આગળ મોટી ચતુરાઇથી કાઢવી જોઇએ. " આ સંબંધે કુંદા હા કે ના કાંઈ બોલી નહિ.

તત્પશ્ચાત્ તે વૈરાગિની સર્વ સ્ત્રીઓ પ્રત્યે વળી અને પોતાનું ભિક્ષાપાત્ર તે સર્વની સમક્ષ ધરી ભિક્ષાની યાચના કરવા લાગી. આજ વખતે સૂર્યમુખી ત્યાં આગળ આવી પહોંચી. સૂર્યમુખી આવતાં વેંતજ ત્યાં ચાલેલી સર્વ ગડબડ એકદમ બંધ થઇ ગઇ. તરુણ સ્ત્રીઓ કાંઈ કામ કરવાનાં નિમિત્તથી નીચે બેઠી અને કામ કરવા લાગી.

સૂર્યમુખીએ તે વૈરાગિનીને નખશીશ પર્યંત બરાબર જોઇ લીધી અને તેને પૂછ્યું " બાઈ! તમે કોણ છો ? " ત્યારે નગેંદ્રની માશી બોલી ઉઠી " એ વૈષ્ણવી વૈરાગિની છે. ગામે ગામ ભિક્ષા માગતી

માગતી તે અહીંઆં આવી છે અને કોઈ ગાયન ગાવાને કહે તો ગાવાને માટે તે તૈયાર છે. તે એવાં સુંદર ગાયન ગાય છે કે એના જેવાં ગાયન મેં કદિ પણ સાંભળ્યાં નથી. જો આપની ઇચ્છા હોય તો આપ પણ તેને ગાવાને કહો એટલે તે ગાશે. દેવ સ્તુતિનાં ગાયનો તેને પુષ્કળ આવડે છે."

સૂર્યમુખીના કહેવાથી તે વૈરાગિનીએ પુનઃ એક કૃષ્ણ સ્તુતિનું પદ ગાયું. તે સાંભળી સૂર્યમુખી અતિ પ્રસન્ન થઇ, અને તેને ઉત્તમ પારિતોષિક આપી રવાના કરી. વૈરાગિનીએ જતાં જતાં સૂર્યમુખીને "બાઇ! તમારૂં કલ્યાણ થાઓ" એવો આશીર્વાદ આપ્યો અને એક વાર પુનઃ વક્ર દૃષ્ટિથી કુંદા તરફ જોયું. સૂર્યમુખી દરવાજામાં ઉભી હતી એટલે વૈરાગિની તંબુરાના તારપર અંગુલિ ફેરવીને એક સુંદર ગાયન ગાતી બહાર નીકળી ગઇ.

તે વૈષ્ણવી વૈરાગીની બહાર નીકળી ગયા પછી તે સર્વ સ્ત્રીઓમાં તેને વિષેજ થોડી વાર સુધી વાત ચાલી. પ્રથમ તો તે સર્વેએ તેનાં વખાણ કર્યાં. પરંતુ ત્યાર પછી તેઓ એક પછી એક તેના દોષ કાઢવા લાગી. એક જણી બોલી "તે સુંદર હતી ખરી, પરંતુ તેનું નાક જરા બેઠેલું હતું અને એકંદરે તેનો ચ્હેરો ફીકકો લાગતો હતો." બીજી બોલી "તેના કેશ જાડા, કઠિન અને લાંબા હતા. તેનું કપોળ ઉંચું અને તેના ઓષ્ઠ જાડા હતા." ત્રીજી બોલી "તેનું શરીર ઘણુંજ બેડોળ હતું." એક ઠઠ્ઠાખોર સ્ત્રી બોલી "તે વૈરાગિનીની કમરથી ઉપરનો ભાગ એકાદ નટના જેવો લાગતો હતો અને તેનામાં નાજુકપણું તથા મૃદુપણું તો લેશ પણ નહોતું." આ રીતે પ્રથમ જે વૈરાગિની રૂપવતી ઠરી હતી તે હવે છેક કુરૂપ ઠરી. તેના ગાયન સંબંધે એક સ્ત્રી બોલી "તેનું સ્વરૂપ ગમે તેવું હો, પરંતુ તે સુંદર ગાયન ગાતી હતી" પરંતુ આ વાત ઇતર સ્ત્રીએ કબુલ કરી નહિ. કોઇ

બોલી "તેને બિલકુલ ગાતાં આવડતું નથી." વળી બીજી બોલી "મેં તેને રાસક્રીડા ગાવાને કહ્યું પરંતુ તેને તે આવડી નહિ." ત્રીજી બોલી "તે તાલસુર તો જરા પણ સમજતી નથી. ગમે તેમ ભરડે છે." અત્યાર સુધી તે વૈરાગિની માત્ર કુરૂપજ ઠરી હતી, હવે તે માલ વિનાની ગાનારી ઠરી ચૂકી.

પંચમ પરિચ્છેદ.

પૂર્વે જણાવ્યા પ્રમાણે તે વૈષ્ણવી વૈરાગિની નગેંદ્રની હવેલીના દરવાજામાંથી બહાર નીકળી અને ઠેઠ દેવીપુરમાં ગઇ. આ ગામમાં એક ઉત્તમ પ્રકારનો બગીચો હતો અને તેની ચારે બાજુએ સુંદર લોખંડી કઠેરો હતો. તેમાં અનેક પ્રકારનાં ફળ, વૃક્ષો અને પુષ્પ વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. તેના મધ્ય ભાગમાં એક તળાવ હતું અને તેને કાંઠે એક સુંદર બંગલો હતો. વૈરાગિની આવીને આ ઘરમાં ઘુસી ગઇ, અને તેણે એક ખાનગી ખોલીમાં જઇ તે વૈરાગિનીનો પોશાક ઉતારી મૂક્યો, ત્યારે તેનાં મસ્તકપવરના કૃત્રિમ કેશ નીચે પડી ગયા. વૈરાગિનીનો ભિક્ષુક વેશ કાઢી નાંખી તરતજ ઉત્તમ પ્રકારનો ભારે મર્દાની પોશાક પરિધાન કરી એક સુંદર બાવીસ ત્રેવીસ વર્ષનો તરુણ તે ખોલીમાંથી બહાર આવ્યો. તેના ચ્હેરાપર અધાપ ઘણા કેશ આવ્યા નહોતા અને તે ભરયૌવનમાં આવેલો દીસતો હતો. આ તરુણ મનુષ્ય કોણ હતો તે પાઠકના લક્ષમાં આવ્યુંજ હશે. તે દેવેંદ્ર હતો. કારણકે તેને વિષે થોડીક હકિકત અમે પાછળ આપી ગયા છીએ.

દેવેંદ્ર અને નગેંદ્ર એકજ કુટુંબના પુરુષો હતા. પરંતુ તેમના વડીલો વચ્ચે કેટલીક પેઢી થયાં જમીન સંબંધે ટંટો ચાલતો હતો.

તેથી બન્ને કુટુંબનાં માણસો એક બીજાની સાથે એટલી બધી વિ-રુદ્ધતાથી વર્તતાં હતાં કે તેમણે એક બીજા સાથે બોલવા ચાલવાનો વ્યવહાર પણ છોડી દીધો હતો. તેમની વચ્ચે ઘણાં વર્ષ સુધી ન્યાયાલયમાં મુકદ્દમા ચાલ્યા હતા. છેવટે એક મહત્વના મુકર્દમામાં નગેંદ્રના પ્રપિતાએ દેવેંદ્રના પ્રપિતાને જીત્યો હતો. તે દિવસથી દેવેંદ્રનું ઘર છેક ધૂળમાં મળી ગયું. તેનું સર્વ દ્રવ્ય દરબાર ખર્ચમાં વપરાઇ ગયું અને દેવીપુરની સર્વ મિલકત નગેંદ્રને મળી. ત્યારથી દેવીપુરનું કુટુંબ છેક દરિદ્રાવસ્થામાં જઈ પહોંચ્યું અને ગોવિંદપુરનું કુટુંબ ઉન્નતિમાં આવ્યું. ત્યાર પછી બન્ને કુટુંબો વચ્ચે કદિ પણ મેળ થયો નહિ.

દેવેંદ્રના પિતાએ પોતાનાં નિકૃષ્ટ દશામાં આવેલાં કુટુંબને ચઢતી કળાએ લાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં તેને પુરતો વિજય મળ્યો નાહ. બીજો એક ઘનસ્યામ નામનો સાધારણ પ્રતીનો જમીનદાર હરિપૂર ગામમાં રહેતો હતો. તેને એક હેમવતી નામની અવિવાહિત કન્યા હતી; તેને દેવેંદ્રની સાથે પરણાવવામાં આવી હતી. આ હેમ-વતીના અંગમાં પુષ્કળ દુર્ગુણો હતા. તે કદરૂપી, દુષ્ટ સ્વભાવની, અને એકલપેટી હતી. અને તેને પતિની પ્રસન્નતા શી રીતે સંપાદન કરવી તે જરા પણ આવડતું નહોતું. હેમવતીની સાથે લગ્ન થયાં ત્યાં સુધી દેવેંદ્રનાં આચરણ સર્વાંશે નિર્મળ હતાં. તે અતિ ઉદ્યોગી, ગંભીર, સહનશીલ અને સત્ય પ્રિય હતો. પરંતુ આ લગ્ન તેના દુઃખ અને વિપત્તિનું કારણ થયું. જ્યારે દેવેંદ્ર યૌવનમાં આવ્યો ત્યારે તેને સંસાર સુખનો લ્હાવો લેવાનો પ્રસંગ જરા પણ મળ્યો નહિ. તે ભર યૌવનમાં આવ્યો ત્યારે તેને સ્ત્રી સમાગમની તીવ્ર લાલસા ઉત્પન્ન થઈ. પરંતુ તે હેમવતી તરફ માત્ર દ્રષ્ટિપાત કરતો કે તરતજ તેની તે વાંચ્છના નષ્ટ થઇ જતી. તેની તરફથી તે સુખ મળવાની વાત તો દૂર રહી, પરંતુ તેની પાસેથી સારી વાતચીતની પણ આશા નહોતી. હવે દેવે-

ન્દ્રને લાગ્યું કે ઘરમાં રહી મારી પત્નિનાં વિષવત્ ભાષણ સહન કરવાં સર્વથા અશક્ય છે. આથી આપણે ગમે ત્યાં કાળું કરવું એવો તેણે નિશ્ચય કર્યો. એક દિવસ હેમવતી પોતાના પતિને કાંઈક અપશબ્દ બોલી. દેવેંદ્રે પોતાની પત્નિના પુષ્કળ અપરાધો આજ પર્યંત સહન કર્યા હતા. પરંતુ આ વખતે તો પરાકાષ્ઠાજ થઈ! હવે તે પોતાની પત્નિનો આ અપરાધ સહન કરી શક્યો નહિ. તેથી તેણે ક્રોધે ભરાઈ તેના કેશ પકડચા અને ભૂમીપર પટકી તેની પીઠપર એક લાત મારી. અને તેજ દિવસે તે પોતાનું ઘર છોડી કલકત્તા તરફ ચાલ્યો ગયો. જતાં જતાં તે પોતાનાં માણુસોને પોતાના માટે બાગમાં એક બંગલો બંધાવવાનું કહેતો ગયો હતો. આ ઘટના બન્યા પૂર્વે થોડાક દિવસપર દેવેંદ્રનો પિતા ગુજરી ગયો હતો. આથી આ પ્રકારનું વર્તન કરવાને માટે તેને કોઈ પણુ જાતની આડકાઠી રહી નહોતી. તે સર્વાંશે સ્વતંત્ર હતો. કલકત્તે ગયા પછી તેણે પોતાની વિષયવાસના પૂર્ણ રીતે તૃપ્ત કરી. પછી તે મદ્યપાન કરવાના છંદમાં પણુ પડયો. તેથી લોકો તેની અતિશય ઘૃણા કરવા લાગ્યા. તોપણુ તેથી તેનાં મનપર જરા પણુ અસર થઇ નહિ. આ બંને ભયંકર વ્યસનોમાં તે સંપૂર્ણ રીતે સપડાયો, તેથી તેને ભવિષ્યનો વિચાર જરા પણુ રહ્યો નહિ.

દેવેંદ્રે કલકત્તા જઇને સર્વ પ્રકારની ચેનબાજી ગુપ્ત રીતે ઉડાવી. આ રીતે કેટલાક દિવસો ત્યાં ગાળ્યા પછી તે કાંઇ અગત્યનાં કારણુ સર દેવીપુર પાછો આવ્યો અને પોતાનાં નવીન ઉપવન ગૃહમાં રહી કલકત્તામાં રહીને શીખેલા પોતાના સર્વ પ્રકારના ઢંગમાં નિર્ભય રીતે ચકચૂર થઈ રહ્યો. કલકત્તામાં તે અનેક પ્રકારનાં લક્ષણો શીખ્યો હતો. દેવીપુરમાં આવીને તે પોતાને સુધારક ગણાવતો હતો. પ્રથમ તો તેણે બ્રહ્મસમાજ સ્થાપન કરી. તેને તારાચરણુના જેવા અનેક બ્રહ્મપંથી લોકો જઈ મળ્યા, અને નિત્ય અનેક વિષયોપર વ્યાખ્યાન

બાજી ઉડવા લાગી. દેવેંદ્રના મનમાં તો સ્ત્રીઓની એક શાળા પણ ખોલવાનો વિચાર હતો. પરંતુ આ કામમાં મહાન પ્રયત્ન અને લોકાશ્રય જોઇએ તે ઘટના તેને અનુકૂળ નહોતી. તેને વિધવા વિવાહ શરૂ કરવાની તીવ્ર ઉત્કંઠા હતી; અને એવા એક બે વિવાહ થયા પણ ખરા. પરંતુ તે હલકી વર્ણના હતા. આ જે વિધવા વિવાહ થયા તે માત્ર દેવેંદ્રનીજ ખટપટથી થયા નહોતા, પરંતુ વરવધૂના પક્ષના લોકોની હિલચાલથી થયા હતા. સ્ત્રીદાસ્યવિમોચનના સંબંધમાં તારાચરણ અને દેવેંદ્રનો મત એક હતો. બન્ને જણ એમજ કહેતા હતા કે સ્ત્રીઓએ બહાર સમાજમાં ખુલ્લી રીતે હરવું ફરવું જોઇએજ. આથી દેવેન્દ્રને ઘણો યશ પ્રાપ્ત થયો. પરંતુ આ કૃત્ય કરવામાં તેનો હેતુ કાંઈ નિરાળોજ હતો. તે હેતુ શું હતો તે અમારા પાઠકો સહજ જાણી શકશે.

ગોવિંદપૂરથી દેવેંદ્ર પોતાને ગામ આવ્યો અને વૈરાગિનીનો વેશ ફેંકી દઇ તેણે પોતાનો નિત્યનો પોશાક પહેર્યો. તેણે પોતાની બેઠક તે બંગલાની એક ખોલીમાં રાખી હતી. તેના ચાકરે તરતજ હુક્કામાં ગુડાકુ ભરી તેને તેની સમક્ષ મૂક્યો. તેને હુક્કો પીવાનો ઘણો શોખ હતો. તેણે બે ત્રણ વખત તે શ્રમહારક ધૂમ્રપાન કર્યું. પરંતુ તેનાથી તેને જોઇએ તેટલું સમાધાન થયું નહિ. આથી તે બીજા એક જાજવલ્ય દેવતાની આરાધના કરવા લાગ્યો. તેના ચાકરે કેટલાંક તૃણવેષ્ટિત કાચપાત્રો તેની સમક્ષ આણીને મૂક્યાં. દેવેંદ્રે તે પાત્રો તૃણરહિત કરી તેમાંનો અમૃત તુલ્ય (?) લાલ રસ એક નાના પાત્રમાં રેડયો; અને નિકટજ એક સ્વચ્છ રૂમાલ પાથરી તેનાપર તે પાત્ર મૂક્યું. પછી તેણે 'જય કાલીમાતાકી' એવો ત્રિવાર ઉચ્ચાર કરી દેવીને નૈવેદ્ય સમર્પણ કર્યો. પછી તેણે તે પ્યાલો હાથમાં ધર્યો અને દેવીનું નામ લઈ તે પ્રાશન કર્યો.

પછી કેટલાક ગવૈયાઓ ગાવાને માટે આવ્યા. તેમણે ઘણીવાર સુધી ગાઈ બજાવીને દેવેંદ્રનો ઉત્સાહ વૃદ્ધિંગત કરવાનો પ્રયત્ન કર્યો. ત્યાર પછી દેવેંદ્રનીજ વયનો એક શાંત સ્વભાવનો તરુણ ત્યાં આવ્યો. આ તેનો પિતરાઈ સુરેંદ્ર હતો. સુરેંદ્ર સ્વભાવમાં દેવેંદ્રનો તદ્દન વિરોધીજ હતો. તોપણ દેવેંદ્ર તેના પર ઘણી પ્રીતિ રાખતો હતો. તેના શિવાય આ જગત્‌માં તે કોઈની પણ પરવા કરતો નહોતો. સુરેંદ્ર દરરોજ રાત્રે તેને મળવાને માટે આવતો હતો. પરંતુ તેના મદિરાપાનથી કંટાળીને તે ત્યાં ઘણી થોડી વારજ બેસતો હતો. જ્યારે સર્વ લોકો ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયાં ત્યારે સુરેંદ્રે દેવેંદ્રને પૂછ્યું "આજ આપની તબીયત કેમ છે?"

દેવેંદ્રે પ્રત્યુત્તર આપ્યો "આ જો! આ શરીર તો કેવળ રોગોનું પયેરજ બની રહ્યું છે. તબિયત કોઇ વખત સારી અને કોઈ વખત બગડેલી એ પ્રમાણે રહે છે."

સુરેંદ્ર—"આપનુંજ શરીર આવું રહે છે. વારુ આજે કાંઇ જ્વરબ્વર આવ્યો હતો કે?"

દેવેંદ્ર—"ના, જ્વર તો આવ્યો નથી."

સુરેંદ્ર—"આપના કાળજામાં કાંઇ વિકાર થયો છે?"

દેવેંદ્ર—"ના તે તો પૂર્વવત્‌જ છે."

સુરેંદ્ર—"અહો! આ ભયંકર વ્યસનથી દૂર રહેવાય તો શું આપનું ભલું ન થાય?"

દેવેંદ્ર—"શું મદ્યપાનથી દૂર રહેવાનું કહે છે? એ વિષે તેં આજ પર્યંત મને કેટલીવાર કહ્યું છે! તેનો કાંઇ ઉપયોગ થયો છે કે? મદ્ય તો મારો શાશ્વત મિત્રજ છે. તે જો નહિ મળે તો એક કલાક પણ હું જીવી શકું નહિ."

સુરેંદ્ર—"પણ વારુ એમ કેમ? સુરા એ કાંઇ આપણી સાથેજ જન્મ્યો નથી. કિંવા પરલોકમાં જતી વખત એ આપણી સાથે આ-

નાર નથી. તો પછી આમ કહેવાનું કારણ શું? પુષ્કળ લોકો તેને છોડી દે છે, તો પછી આપ તેને શા માટે છોડતા નથી?"

દેવેંદ્ર—"તેને છોડી દેવાથી આ જગત્‌માં મને એવો મોટો શો લાભ થનાર છે? જે કોઈ એને છોડી દે છે તેને પાછળથી સુખ મળવાની આશા હોય છે, તેથીજ તે છોડી દે છે. મને તો સુખ મળવાની લેશ પણ આશા નથી. તો પછી મારે તેને શા માટે છોડી દેવો?"

સુરેંદ્ર—"બીજો કાંઇ લાભ થવાની આશા ન હોય તોપણ તેમ કરવાથી તમારો જીવ તો બચશે. આ શું નાનોસુનો લાભ છે?"

દેવેંદ્ર—"જીવંત રહી જેને સુખી થવાની આશા હોય તો ભલે સુરાપાન છોડી દે. પરંતુ મને જીવંત રહેવા શો લાભ છે?"

આ ભાષણથી સુરેંદ્રની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં અને તેને અતિશય માઠું લાગ્યું. છેવટે તેણે દેવેંદ્રને સ્પષ્ટ રીતે કહ્યું કે "નિદાન મારે ખાતર તો છોડી દો" સુરેંદ્રના આ આગ્રહથી અને તેના પ્રેમયુક્ત ભાષણથી દેવેંદ્રની આંખમાંથી અશ્રુધારા ચાલી; અને તે બોલ્યો "તારા શિવાય આ જગત્‌માં કોઇ પણ મને સન્માર્ગે ચાલવાને માટે આગ્રહપૂર્વક કહેતું નથી. જો મારી—"

સુરેંદ્ર—"જો મારી-શું!"

દેવેંદ્ર—"જો મારી સ્ત્રીના મરણની હકીકત હું સાંભળીશ તોજ હું મદ્યપાન છોડીશ. નહિ તો હું જીવતો અને મુઓ સરખોજ છું."

આથી સુરેંદ્રની આંખમાં પાણી આવ્યાં. તેને જણાઈ આવ્યું કે મારા મિત્રની આવી ખરાબ સ્થિતિ થવાનું કારણ માત્ર હેમવતીનો દુષ્ટ સ્વભાવજ છે; એ શિવાય બીજું કોઈ પણ કારણ નથી. અસ્તુ, ઈશ્વરેચ્છા; પછી તેણે મનમાં હેમવતીને પુષ્કળ ગાળો દીધી. અને કેટલીકવાર પછી તે પોતાના મિત્રની રજા લઇને બહાર નીકળ્યો અને પોતાને ઘેર ગયો.

ષષ્ઠ પરિચ્છેદ.

સૂર્યમુખીએ કમળાપર મોકલેલો પત્રઃ—

"અનેક શુભાશિર્વાદ. વિ. વિ. હું તમારા પર વારંવાર પત્ર લખીને તમને કેટલોક ત્રાસ આપું? મને હવે પત્ર લખવાની પણ લાજ લાગે છે. તમે તમારાં ઘરનો સર્વ કારભાર ચલાવો છો અને પૂર્ણ સ્વામીનીત્વ ધરાવો છો, પરંતુ હું તો તમને મારી નાની બ્હેન પ્રમાણેજ ગણું છું. કારણ કે મેંજ તમને નાનાથી મોટાં કર્યાં છે. લખતાં વાંચતાં પણ મેંજ તમને શીખવ્યું હતું. પરંતુ હવે જ્યારે હું તમારા અક્ષરો જોઉં છું ત્યારે મને આ મારા કુતરા બિલાડાના પગ તમારા તરફ મોકલતાં લાજ લાગે છે. પરંતુ કરવું શું? હવે જવા દો તે વાત. મારી સ્થિતિ હમણાં એવી થઈ છે કે તેનું વર્ણન મારાથી થઈ શકતું નથી. જો હું મારી સ્થિતિ અન્યને કહું તો તેથી માત્ર દુઃખનીજ વૃદ્ધિ થશે. પરંતુ જો એ વાત અન્યને ન કહું તો કરૂં શું? બ્હેન! તમેજ મારાં વ્હાલાં અને પ્રિય ભગિની છો! તમારા શિવાય મારાપર કોઈની પણ માયા નથી. વળી હું જે વાત તમને કહેવાની છું તે મારા સ્વામિના સંબંધમાંજ છે, તેથી તે વાત હું અન્યને નહિ પણ તમનેજ કહું છું.

અહો! ભગિની! મેં જાણી જોઈનેજ મૃત્યુને આમંત્રણ કર્યું. જો મેં કુંદાને માટે આટલી કાળજી કરી ન હોત, અને તેનું ગમે તે થયું હોત–તે મરી હોત–તો તેમાં મને શી ખોટ જવાની હતી? આટલાં બધાં માણસોની કાળજી દેવને હોય છે તો શું તેની એકલીનીજ સંભાળ તેણે ન રાખી હોત? મારો પોતાનોજ નાશ કરવાને માટે મેં તેને મારે પોતાને ઘેર બોલાવી. હર હર! જ્યારે તમે તેને તમારે ઘેર જોઈ હતી ત્યારે તે નાની છોકરી હતી, પરંતુ હમણાં તે સત્તર

અઢાર વર્ષની થઈ છે. તે સુંદર છે એ વાત હું કબુલ કરૂં છું. પરંતુ તેનું સૌંદર્યજ મારો નાશ કરે છે. આ જગતમાં મારાં સુખનું સ્થાન માત્ર મારા પતિ છે; મને આ જગતમાં કાળજી રાખવા યોગ્ય વસ્તુ માત્ર મારા પતિ છે; તેજ મારૂં દ્રવ્ય છે; તેજ મારી આબરૂ છે; તેજ મારા પંચ પ્રાણુ છે; સંક્ષેપમાં આ જગતનાં સર્વ સુખોનો—ઐહિક અને આમુષ્મિક સુખોનો—ભંડાર મારા પતિજ છે; તેજ મારા ઇહ લોકના આરાધ્ય દેવ છે; તેજ મારો સૌભાગ્ય ભંડાર છે. આવા મારા પ્રાણુ કરતાં પણુ અધિક પ્રિય પતિને કુંદા મારી પાસેથી ખુંચવી લે છે. પતિ પ્રેમને લીધેજ મને આ જગતમાં જીવંત રહેવાની વાસના છે. નહિ તો મારો શું ઉપયોગ છે? તેને પણુ કુંદા મારી પાસેથી ઝુંટવી લે છે. તેને માટે તમે કાંઈ પણુ મનમાં લાવશો નહિ. હું તમને જરા પણુ દોષ દેતી નથી. હું મારા નશીબનેજ દોષ દઉં છું. તેમને શા માટે દોષ દઉં? તે સજ્જન છે. તેના શત્રુ પણુ કદિ તેને દોષ દઈ શકતા નથી. તે પોતાના મનની સ્થિરતા રાખવાને માટે પ્રયત્ન કરે છે, તે હું રોજ જોઉં છું. જ્યારે જ્યારે કુંદા તેમની પાસે થઇને જાય છે ત્યારે તે ઉંચું મસ્તક કરીને તેના પ્રતિ જોતા પણુ નથી. અણુ છૂટકેજ તેની સાથે ભાષણુ કરે છે; નહિ તો, એક શબ્દ પણુ બોલતા નથી. વધારે તો શું? પરંતુ તેના નામનો ઉચ્ચાર કરવાને સુદ્ધાં તેને કંટાળો આવે છે. તેની સાથે તેઓ ક્રુરતા-પૂર્વક વર્તે છે. તેનો કાંઈ અપરાધ ન હોય તોપણુ વ્યર્થ તેને ધમકા-વતાં મેં તેમને કેટલીક વાર જોયા છે. તો પછી હું આટલું બધું મિથ્યા લખાણુ કરવાની ખટપટ શા માટે કરૂં છું? આ પ્રશ્નજો એકાદ પુરૂષે કર્યો હોત તો તેને સમજ પાડવી કઠિન થઇ પડત. પરંતુ તમે સ્ત્રી છો, તેથી તમને સમજાવવાની આવશ્યકતા નથી. આ સર્વ લખાણુનું રહસ્ય તમે સમજશોજ. જો તેઓ કુંદાને એક પરકીય સ્ત્રી ધારતા હોય તો પછી

તેની સામે માત્ર મસ્તક ઉંચકીને જોતાં શી હરકત હતી? તેનું નામ લેતાં પણ તેમને આટલો બધો ત્રાસ શા માટે પડે છે? પોતે તેના પર અંતરમાં પ્રીતિ રાખે છે એમ તેઓ મનમાં સમજે છે અને તેમને પોતાનું અંતઃકરણ ડંખે છે તેથીજ તેઓ વિના કારણ તેને ધમકાવે છે અને તેના પર ક્રોધાન્વિત થાય છે, તેમનો તે ક્રોધ તેના પર હોતો નથી, પરંતુ પોતાના ઉપરજ હોય છે, એ વાત હું સંપૂર્ણ રીતે સમજું છું. જેને આ જગતમાં તેમના શિવાય અન્ય કોઈ પણ વસ્તુ દેખાતી નથી, જેણે તેમની આટલા વખત સુધી એકનિષ્ઠતાથી સેવા કરી છે, જે તેના સમાગમમાં આટલી વાર સુધી રહી છે, જેને અંતર્બાહ્ય માત્ર તેજ દેખાય છે, એવી જે હું તે તેમની માત્ર છાયા પડેલી જોઇને તેમના હૃદયમાં શું છે તે સમજી જાય છે. મારી આગળ તે શું છુપાવી શકશે? વિશેષ પ્રસંગે જ્યારે તેમનું મન સ્થિર હોતું નથી, ત્યારે તેમની દ્રષ્ટિ ચોતરફ ફરતી દેખાય છે. તેમની નજર ક્યાં હશે તે શું હું નહિ સમજતી હઇશ, એમ તમે ધારો છો? આવા વખતે જો તેમની ઇષ્ટ વસ્તુ તેમની દ્રષ્ટિએ પડે તો તેથી તેમને અધિક ત્રાસ થાય છે અને તેઓ તેના તરફ બિલકુલ જોતા નથી, આ વાતનો મર્મ શું હું નથી સમજતી? જમતાં જમતાં કોનો શબ્દ કર્ણપટ પર પડવાની તેઓ રાહ જોતા હશે વારુ? અને કુંદાનો શબ્દ જ્યારે કાનપર પડે છે ત્યારે ત્વરિત ત્વરિત તેમના મુખમાં ગ્રાસ શા માટે જાય છે? આનું કારણ હું સમજી શકતી નથી. મારા પ્રિયકરનો ચ્હેરો નિત્ય પ્રકાશિત અને પ્રફુલ્લિત રહેવો જોઇએ; પરંતુ હમણાં તે છેક નિસ્તેજ અને ઉદાસ દેખાય છે, અને તેમનું ચિત્ત પણ સ્થિર નથી. જો કોઇ તેમની સાથે બોલવા લાગે તો તેના બોલવા તરફ તેમનું લક્ષ્યજ હોતું નથી. તેઓ ભલતેજ ઠેકાણે હા કહે છે અને ભલતેજ ઠેકાણે ના કહે છે. એનું એક ઉદાહરણ હું તમને કહું છું.

જો હું એકાદ વખત અતિ ક્રોધાન્વિત થઇને "જીવ આપું કે?" એમ પૂછું તો હું શું કહું છું તે પ્રત્યે જરા પણ લક્ષ્ય ન આપતાં તેઓ ઠંડે પેટે કહે છે કે "આપ" હું જ્યારે પૂછું છું કે તમારૂં ચિત્ત ક્યાં છે ત્યારે તેઓ કહે છે કે "મુકર્દમામાં મારૂં ચિત્ત રોકાયેલું છે." પરંતુ હું ખાત્રીપૂર્વક કહું છું કે તેમના મનમાં મુકર્દમાને રહેવાને લેશ પણ જગા મળતી નથી. વળી આજ પર્યંત જ્યારે જ્યારે તેઓ મુકર્દમા વિષે વિચાર કરતા હતા ત્યારે ત્યારે તેમની મુદ્રા આનંદી લાગતી હતી, એવું મને પાકું સ્મરણ છે હું તમને એક બીજી વાત કહું છું. એક દિવસ અમારી વૃદ્ધ પાડોશણ કુંદાનું અકાલિક વૈધવ્ય, તેની નિરાશ્રિત સ્થિતિ વગેરે સંબંધે અત્યંત લાગણીપૂર્વક વાત કરતી હતી. એટલામાં તેમની સ્વારી ત્યાં સહજ આવી પહોંચી. તે બાઈની વાત સાંભળી તેમની આંખમાંથી અશ્રુધારા ચાલી એ ઘટના મેં ગુપ્ત રહીને પ્રત્યક્ષ મારી નજરે જોઇ. જ્યારે હું ગુપ્ત રીતે તેમની ચાલચલણ જોઉં છું એ વાતની તેમને ખબર પડી ત્યારે તેઓ ત્યાંથી બહાર નીકળી ગયા. પેલેજ દહાડે મેં એક નવી દાસીને નોકરીમાં રાખી; તેનું નામ કુમુદા છે. આ દાસીને તેઓ કોઇ કોઇ વખત કુમુદા નામથી હાંક મારે છે અને કોઈ વખત કુમુદા ન કહેતાં માત્ર કુદા કહીનેજ હાંક મારે છે. ત્યારે હવે તેના મનમાં કેટલો ગુંચવાડો પેદા થયો છે તેનો આપજ વિચાર કરો. વારુ, આવી સ્થિતિ શા માટે થતી હશે? તેઓ મારા પર માયા રાખતા નથી, કિંવા મારા પર ક્રોધ કરે છે, એમ હું જરા પણ કહેતી નથી. ઉલટા તેઓ મારા પર પહેલા કરતાં અધિક પ્રેમ અને માયા બતાવે છે. પરંતુ આનું કારણ શું તે તમે સારી પેઠે સમજો છો. હું મારી સ્ત્રીની સાથે કપટાચરણ કરૂં છું એ વાત તેઓ સારી પેઠે સમજે છે અને એ વિચાર નિરંતર તેમના મનમાં ઘોળાયા કરે છે. તેથીજ તેઓ મારા પર અધિક માયા બતાવે

છે, પરંતુ તે સર્વે ઉપર ઉપરની માયા છે. હવે મને ખાત્રીપૂર્વક એમ લાગે છે કે મારૂં નામ તેઓ સ્વપ્નમાં પણ સંભારતા ન હોય ! હવે તેમના હૃદયમાં મારે માટે જરા પણ રહેવાની જગા નથી. લક્ષ્ય અને પ્રીતિ એ ઉભય પરસ્પર ભિન્ન વસ્તુ છે. એ ઉભય વચ્ચેનો ભેદ સ્ત્રી જાતિને તરત સમજાઇ જાય છે.

બીજી એક ગમ્મત કહું છું તે સાંભળો. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર નામનો કલકત્તામાં એક મોટો પંડિત છે. તેણે વિધવા વિવાહના સમર્થનાર્થે એક ગ્રંથ લખીને પ્રસિદ્ધ કર્યો છે. હવે વિધવા વિવાહ પ્રચલિત કરનારને જો પંડિત કહેવામાં આવે તો મહામૂર્ખ કોને કહેવો ? આજેજ ભટ્ટાચાર્ય નામના એક બ્રાહ્મણે તે પુસ્તક પોતાની સાથે આણી અમારા દિવાનખાનામાં પુષ્કળ વાદવિવાદ કર્યો.

તે બ્રાહ્મણે વિધવા વિવાહના પ્રતિપાદનાર્થે પુષ્કળ ભવતિ ન ભવતિ કરી અને છેવટે તે પોતાની સંસ્કૃત શાળાના મકાનની મરામત કરાવવાને માટે તેમની પાસેથી વીસ રૂપીઆ કઢાવી ચાલ્યો ગયો. બીજે દિવસે સાર્વભૌમ ઠાકુરે વિધવા વિવાહ વિરુદ્ધ પોતાનો મત લખી જણાવ્યો. તેમને ઘેર તેમની કન્યાનું લગ્ન છે; તેને માટે મેં સોનાની બંગડી તૈયાર કરાવી છે. અસ્તુ; વિધવા વિવાહના સંબંધમાં બીજા કોઇનો અનુકૂળ મત નથી.

ભગિની ! મેં તમને મારાં સર્વ દુઃખો કહી વ્યર્થ ત્રાસ આપ્યો અને તમારો અમૂલ્ય કાળ મિથ્યા ગુમાવ્યો તે બદલ હું તમારી ક્ષમા યાચું છું. આથી તમને ક્રોધ આવશે એ હું જાણું છું. પરંતુ ભગિની હું શું કરૂં વારુ ? હું લાઇલાજ થઇ તેથી મારે તમને લખી જણાવવું પડયું. જો હું મારા દુઃખો તમને નહિ કહું તો અન્ય કોને કહું ? મારૂં ઉદર ખુલ્લું કરી દેખાડવાની મને બીજે ક્યાંય પણ જગા નથી. હજી મેં મારી સઘળી હકિકત તમને લખી જણાવી નથી. પરંતુ આટલા

પરથીજ જો આપ બે સમાધાનકારક શબ્દો લખી મોકલશો તો તેથી મારૂં અર્ધું દુઃખ ઓછું થશે એવી મને આશા છે. આ વિષે અન્ય કોઇને પણ વાત કરશો માં. વધારે શું કહું? આપના સ્વામિને પણ આ પત્ર બતાવશો નહિ. હું તમને કસમ આપીને કહું છું. તમે થોડા દિવસ અહીંઆં આવીને મને મળી જશો કે? જો તમે હમણાંજ આવશો તો મારાં ઘણાં દુઃખોની નિવૃત્તિ થઈ જશે. તમારા ઉભયના કુશલ સમાચાર અહીંઆં સત્વર મોકલો. પ્રેમ રાખજો. એજ વિનંતિ.

તા૦ ક૦—બીજી એક વાત એવી છે કે જો કદાચિત્ અહીંઆંથી કુંદાને દૂર કરવામાં આવે, તો પુનઃ એક વાર સુખી થવાની આશા છે. પરંતુ તેને શી રીતે દૂર કરવી? તમે તેને તમારે ઘેર લઈ જશો? તમને તો તેને લઇ જવામાં કોઇની બીતી નથીને?"

આ પત્રનો પ્રત્યુત્તર કમળા તરફથી નીચે પ્રમાણે આપવામાં આવ્યોઃ-

"સાષ્ટાંગ નમસ્કાર. વિ. વિ. અરે ભાભી! આ તમે શું લખો છો? તું ઘેલી તો નથી થઇને? મને તો તેમજ લાગે છે. નહિ તો તારા સ્વામી વિષે તને શંકા શા માટે આવે? આટલા દિવસ પર્યંત તું મારા બંધુની સાથે રહી તોપણ હજી તેં તેમને બરાબર ઓળખ્યા નથી, એ જોઈ મને ઘણું આશ્ચર્ય લાગે છે. કાંઇ સમજ રાખ અને તેના પર પૂર્ણ ભરોંસો રાખી વર્ત. જો તારાથી આ પ્રમાણે ન થાય તો પ્રાણ ત્યાગ કરવો એજ તારે માટે ઉત્તમ માર્ગ છે. હું કમળા તને જણાવું છું કે તારે જીવવાનીજ કાંઈ જરૂર નથી. જે સ્ત્રીને પોતાના પતિનો વિશ્વાસ આવતો નથી તેણે તો આ જગત્માંથી પોતાનું કાળું કરવું એજ ઉચિત છે."

કુંદનંદિની નગેંદ્રના ઘરમાં રહીને મહાકષ્ટથી કાળક્રમણ કરતી હતી, એમ પાછળ જણાવવામાં આવ્યું છેજ. તે નિત્ય નગેંદ્રની દ્રષ્ટિ નીચે આવતી હોવાથી તેનું ભરયૌવન અને મોહક સૌંદર્ય જોઇને તેનું

મન કામવિકારથી પીડિત થવા લાગ્યું. રાત્રિ દિવસ તેનો તેજ ધ્યાસ લાગવાથી તેને કાંઈ સુઝ પડતું નહોતું. આ પ્રકારે કેટલાક દિવસ વ્યતીત થયા પછી તેની વૃત્તિમાં આસમાન જમીનનો ફરક પડી ગયો. ગ્રીષ્મ ઋતુમાં સંધ્યાની વેળાએ જે પ્રમાણે આકાશ ધીમે ધીમે અભ્રથી વ્યાપ્ત થઇને શ્યામ પડવા માંડે છે, તે પ્રમાણે નગેંદ્રના શુદ્ધ વર્તનપર ધીમે ધીમે મલીનતાનાં પડ ચઢવા માંડયાં. તેથી સૂર્યમુખી મનમાં ને મનમાં અતીશય ઝુરવા લાગી. તે પોતાના મનમાંજ બોલતી કે આપણે કમળાએ આપેલો ઉપદેશ ગ્રહણ કરવો. મારા પતીના અંતઃકરણમાંના સારા માઠા વિચારો સંબંધે મારે શા માટે શંકા ધારણ કરવી? તેમનું મન તો પર્વતની પેઠે સ્થિર છે. માત્ર મારા મનમાંજ ભ્રમનો પ્રવેશ થયો છે. કદાચ તેમની પ્રકૃતિજ બગડી હશે, એમ શા માટે ન કહી શકાય? હર હર! શી આ સૂર્યમુખીની કલ્પના! તેના વિચાર કેવા ઘેલછા ભરેલા છે!

નગેંદ્રના મકાનની એક કોટડીમાંજ એક સાધારણ પ્રતીનો અંગ્રેજી ઔષધ જાણનારો ડૉક્ટર રહેતો હતો. સૂર્યમુખી એ ઘરની સ્વામિની હતી. તેથી તેને કોઇની સાથે બોલવું હોય તો તે દરવાજાની અંદરની બાજુએ બેસીને બોલતી. એક દિવસ તેણે તે ડૉક્ટરને બોલાવીને કહ્યું:–

"ડૉક્ટર સાહેબ! એમની પ્રકૃતિ ઘણીજ બગડેલી દિસે છે. તેમ છતાં પણ તમે કાંઇ ઔષધોપચાર કરતા નથી, એ શું?"

ડૉક્ટર બોલ્યો "શું કહો છો? આપના પતિ બિમાર છે? મને તો એ વાતની જરા ખબર પણ નથી, અને કયાંય એવી વાત સાંભળવામાં પણ નથી આવી?"

"શું તેમણે પોતાની પ્રકૃતિ વિષે તમને કાંઈ પણ વાત નથી કરી?"

"ના; તેમને થાય છે શું?"

સૂર્યમુખીએ જવાબ આપ્યો "તેમને થાય છે શું?" એટલે?

તમે વૈદ્યનો ધંધો કરો છો ને? અને પુછો છો મને? તેમને શું થાય છે એ જો તમને વિદિત ન હોય તો શું મને વિદિત હોય? શું થાય છે તે હું શી રીતે જાણું?"

સૂર્યમુખીના આ શબ્દો સાંભળી વૈદ્ય મોટા ગુંચવાડામાં પડયો અને બોલ્યો "હું હમણાં ને હમણાં જઇને એ વાતની ચોકસી કરૂં છું" તે જોસભેર ધસ્યો જતો હતો એટલે સૂર્યમુખીએ તેને પાછો બોલાવી કહ્યું "તમે જઇને તેમને કાંઇ પ્રશ્ન પુછશો માં. ઔષધ તૈયાર કરીનેજ જાઓ અને તેમને આપો."

આ રીતે પ્રકૃતિ જોયા શિવાય કોઇ માણસને ઔષધોપચાર કરવો એ તેને અતિ ચમત્કારિક લાગ્યું. તથાપિ તેના ઘરમાં ઔષધની ખોટ નહોતી. તેથી તરતજ તેણે પોતાના દિવાનખાનામાં જઇ સોડાક્ષાર, મધાર્ક અને કેટલીક સાદી વનૌષધિ મિશ્રિત કરી તેનો રસ એક શીશીમાં રેડયો અને તેપર "દિવસમાં ત્રણ વાર પીવી" એવું લેબલ ચ્હોડી તે સૂર્યમુખીને આપી, અને "તેમને આ ઔષધ આપજો" એવી સૂચના કરી.

સૂર્યમુખી તે ઔષધની શીશી લઇને પોતાના પતિની પાસે ગઇ અને ઔષધ લેવા માટે તેને પ્રાર્થના કરવા લાગી. ત્યારે નગેંદ્રે તે શીશી હાથમાં લઇ તે પરની ચીઠ્ઠી વાંચી અને અતિ ક્રોધાન્વિત થઇ તેને જોરથી દૂર ફેંકી દીધી. તે શીશી એક બિલાડીને વાગી અને ફુટી ગઇ. તે ઔષધથી સ્નાન કરીને તે બિલાડી આરડતી આરડતી દૂર નાશી ગઇ. આ કૃત્ય જોઇ સૂર્યમુખી બોલી:—

"પ્રાણનાથ ! આપને ઔષધ લેવું ન હોય તોપણ તમને શું થાય છે તે તો મને કહો. મને કહેવામાં શી હરકત છે ?"

નગેંદ્ર કંટાળીને બોલ્યો "શું થાય છે મને ? નકામીજ મને વારંવાર શા માટે ત્રાસ આપે છે ?"

"આપના અંગ તરફ તો જરા નજર કરીને જુઓ. તે કેટલું કૃશ અને નિસ્તેજ થયેલું દેખાય છે ?"

પછી સૂર્યમુખીએ એક મોટો સ્વચ્છ આરસો આણીને તેની સન્મુખ ધર્યો. નગેંદ્રે જોરથી તે આરસો તેના હાથમાંથી ઝુંટવી લીધો અને બળપૂર્વક તેને જમીનપર ફેંકી દીધો. તે તરતજ ફુટીને તેના ટુકડે ટુકડા થઇ ગયા. તે જોઈ સૂર્યમુખી રોવા લાગી. નગેંદ્રને પણ અતિશય ક્રોધ છૂટયો અને તે ત્યાંથી નીકળીને બીજી તરફ ચાલ્યો ગયો. જતાં જતાં તેના સામે ચાકર આવતો દીઠો. તેને તેણે ક્રોધની ઝુમમાંજ જોરથી એક લાત ઝુડી કાઢી. તે લત્તા પ્રહારનો અવાજ સાંભળી જાણે તે લાત પોતાનેજ ન લાગી હોય તેમ સુર્યમુખી બમણા જોરથી રડવા લાગી. પૂર્વે નગેંદ્રનો સ્વભાવ અતિ શાંત હતો; પરંતુ હવે એકાદ ક્ષુલ્લક કારણથી પણ તેને અતિશય ક્રોધ ચઢતો હતો.

આટલાથીજ પત્યું નહિ. એક દિવસ વાળુ કરવાનો વખત ક્યા- રનો વિતી ગયો હતો, પરંતુ નગેંદ્ર ઘેર આવ્યો નહોતો, તેથી સૂર્ય- મુખી તેની વાટ જોતી બેસી રહી હતી. છેવટે જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તેની તે વખતની ક્રુદ્ધ મુદ્રા જોઇને તેને મોટું આશ્ચર્ય લાગ્યું. તેનો ચ્હેરો અને તેની આંખ અતિશય આરક્ત થઇ ગઇ હતી; કા- રણ કે તે વખતે તે અમલ (સુરાપાન) કરીને આવ્યો હતો. આ પૂર્વે તે કદિ પણ અમલ કરતો નહોતો. આ પ્રકારની તેની એકંદર ચર્ચા જોઇ સૂર્યમુખી ઘણીજ ગભરાઇ ગઈ અને તેની આગળ એક શબ્દ પણ બોલી નહિ. તે દિવસથી તે અમલ કરવા લાગ્યો.

એક દિવસ તે ઉભય એકાંતમાં હતાં, ત્યારે સૂર્યમુખી આંખમાં પાણી લાવી તેને પાયે પડી અને ખોળો પાથરી બોલીઃ—

"પ્રાણેશ્વર ! મારે માટે આ નાદ છોડી દો."

ત્યારે નગેંદ્ર ક્રોધથી બોલ્યો "મને શું નાદ લાગ્યો છે? અને શું છોડી દેવાનું તું કહે છે?"

"ક્યો નાદ તમને લાગ્યો છે તે જ્યારે તમે જાણતા નથી, તો હું શી રીતે જાણી શકું."

નગેંદ્રે ઉત્તર આપ્યો "હું દારુબાજ છું, એ વાત તું જાણે છેજ માટે હવે નિશાબાજ સ્વામીની સાથે તારે સંસાર કરવો હોય તો કર નહિ તો તે વાતની પણ મને દરકાર નથી. હવે મને વ્યર્થ ત્રાસ આપીશ નહિ, હું તને સ્પષ્ટ કહું છું."

પતીનું આ ભાષણ સાંભળી સૂર્યમુખીના નયનમાંથી અશ્રુની વૃષ્ટિ થવા લાગી, પરંતુ પોતાનો સ્વામી તે જોઈ ન શકે એટલા માટે તે ખોલીના બીજા ભાગમાં જતી રહી. નગેંદ્રને પણ તેના બોલવા પર ક્રોધ છૂટયો હતો, તેથી તે પોતાનો ક્રોધ પોતાના ચાકરો પર ખાલી કરવા લાગ્યો.

બીજે દિવસે કારકુને સૂર્યમુખીપર એવી કહેણ મોકલી કે "આપની સર્વ દોલતનો નાશ થાય છે." સૂર્યમુખીએ પૂછાવ્યું કે "એનું કારણ શું?" ત્યારે તેણે કહી મોકલ્યું કે "ઘરનો માલિકજ જ્યારે પોતાના કામ પ્રત્યે જરાપણ લક્ષ આપતો નથી ત્યારે હાથ નીચેનાં માણસો ફાવે તેમ વર્તે તેમાં શી નવાઇ? કારણ કે સ્વતઃ ઘરનો સ્વામિ પોતાની મિલકતની કાળજી નહિ રાખે ત્યારે હું ગમે તેટલું કહું પણ મારૂં કોણ સાંભળે?"

આના પ્રત્યુત્તરમાં સૂર્યમુખીએ જણાવ્યું કે "ઘરનો સ્વામિ પોતાના જીવન પ્રત્યે લક્ષ આપશે તોજ તેનું રક્ષણ થશે, નહિ તો નહિ; મારી સ્વતઃની દોલત (પતી) નું રક્ષણ થશે એટલે બસ છે. તેથી હું અત્યંત સુખી થઇશ. અન્ય દોલતને મારે શું કરવી છે.?"

પૂર્વે નગેંદ્ર પોતાનાં સર્વ કામો બરાબર લક્ષ્ય આપીને કરતો

હતો, પરંતુ હમણાં તે પ્રત્યે તેનું જરા પણ લક્ષ્ય નહોતું. એક દિવસ તેના સર્વ ગણોતીઆઓ એકત્રિત થઇને તેની હવેલીના ચોગાનમાં આવ્યા અને કચેરીના દરવાજાની પાસે સર્વે હાથ જોડીને ઉભા રહી બોલ્યા "સરકાર! અમારી દાદ સાંભળો, અને અમને ન્યાય આપો. આપના કારકુનો અને ગુમાસ્તાઓનો જુલમ અમારાથી સહન થઇ શકતો નથી. અમે સર્વે ખાલી થઇ ગયા છીએ. આપ સરકાર જો અમારૂં રક્ષણ નહિ કરશો તો અમે કોની પાસે જઇશું." આ સર્વ વાત નગેંદ્રે સાંભળી અને ત્યાંથી સર્વને હાંકી કાઢવાનો ચાકરોને હુકમ કર્યો. પૂર્વે જ્યારે તેના એક ગુમાસ્તાએ એક આસામીને મારીને તેની પાસેથી રૂશ્વતના પાંચ રૂપીઆ લીધા હતા, ત્યારે તેણે તે ગુમાસ્તાના પગારમાંથી દશ રૂપીઆ કાપી લઇને તે આસામીને આપ્યા હતા; અને આ વખત તો આ સ્થિતિ!

નગેંદ્રના મિત્ર હરદેવ ઘોસલે નગેંદ્ર પર નીચે પ્રમાણે પત્ર લખ્યો:—

"પ્રિય મિત્ર! તને હાલ શું થયું છે? અને તું કયી ખટપટમાં છે? તેની કલ્પના પણ હું કરી શકતો નથી. સાંપ્રત તારો પત્ર પણ મારાપર આવ્યો નથી, અને કદાચિત્ આવ્યો હશે તો માત્ર બે ત્રણ પંક્તિમાંજ તેની સમાપ્તિ થઇ હશે! અને તે પણ અસંબદ્ધ; તેનો અર્થ તો માથાકુટ કર્યા છતાં પણ સમજી શકાય નહિ. તું મારા પર ગુસ્સે થયો છે કેમ? મારી કાંઈ કસુર હોય તો મને તે જણાવતો કેમ નથી? હું તારો મિત્ર છું, તેથી તને કહું છું. તું મુકર્દમામાં સફળ નહિ થયો હોય એમ લાગે છે. તો પછી તે વાત પણ લખતો શા માટે નથી? જો તારા મનમાં કાંઈ પણ લખવાનો વિચાર ન હોય તોપણ માત્ર પ્રકૃતિની ખબર તો લખી મોકલ."

નગેંદ્રે આ પત્રના ઉત્તરમાં નીચે પ્રમાણે લખ્યું:—

"મિત્ર ! મારાપર ક્રોધ કરીશ માં, મારી દશા અતી નિકૃષ્ટ થતી ચાલી છે."

હરદેવ અતી શાણો હતો, તે આ પત્ર વાંચીને મનમાં બોલ્યો "આ શું ? તે પૈસા સંબંધી મુંઝવણમાં આવી પડ્યો હશે ? કિંવા તેને કોઈ સાથે લડાઈ થઇ હશે ? અથવા દેવેંદ્ર તો એના દુઃખનું કારણ થઇ પડ્યો નથી ને ? છટ્ ! તેવો તો કાંઈ સંભવ નથી. તો શું આ વિષયવાસનાનું પરિણામ છે ? જે હો તે હો !"

સૂર્યમુખીએ કમળાપર એક બીજો પત્ર લખી મોકલ્યો, તેનો સારાંશ એ હતો કેઃ—

"ભગિની! તું સત્વર આ તરફ ચાલી આવ. આ વખત તારા શિવાય મને અન્ય કોઇનો પણ આશ્રય નથી. માટે ત્વરિત નીકળી આવ.'

આ પત્ર વાંચતાંની સાથે કમળા અતિશય ગભરાઈ ગઈ. તેનો ક્રોધ તેના અંગમાં સમાતો નહોતો, તેથી તેણે વિચાર કર્યો કે આ બાબતમાં મારા પતિનો અભિપ્રાય લેવો જોઈએ.

શ્રીશ્ચંદ્ર તે વખત ઘરની એક ઓલીમાં બેસી કચેરીનું કાંઈ કામ કરતો હતો. તેની પાસેજ એક વર્ષનો છોકરો વર્તમાન પત્રને પકડી તેની સાથે રમતો ગાદીપર આળોટતો હતો. પ્રથમ તો સતીશ્ચંદ્ર (છોકરાનું નામ) તેને ખાવા લાગ્યો. પરંતુ તે ખાઇ શકાતું નથી એમ જાણી તેણે તેને ભૂમીપર પાથર્યું અને તે તેનાપર બેસવાની તૈયારીમાં હતો એટલામાં કમળા ત્યાં આવી પહોંચી. તેણે પોતાના મસ્તકપર સાડીનો છેડો લઈ મસ્તક જમીનપર લાવી મોટી નમ્રતાથી શ્રીશ્ચંદ્રને નમસ્કાર કર્યા; અને હાથ જોડી તે બોલી "હે દેવાધિ દેવ! હું અનન્ય ભાવે આપને શરણે આવી છું" આ દિવસ પૂર્વે કેટલાક વખતપર તેની હવેલીમાં એક નાટક થયો હતો તેમાંનુંજ આ

ભાષણુ તેણે પોતાના પતિ આગળ વાપર્યું; ત્યારે શ્રીશૂચંદ્ર હસતો હસતો બોલ્યો "કેમ, પુનઃ કાંઈ કાકડી બાકડી ચોરાઇ ગઇ છે કે શું?"

કમળા બોલી "કાકડી પણુ નહિ અને નારંગી પણુ નહિ. આ બેપમાં તો એક અમૂલ્ય વસ્તુ ચોરાઇ ગઈ છે."

"ક્યાં ચોરી થઈ?" શ્રીશૂચંદ્રે પ્રશ્ન પૂછ્યો.

"ચોરી વિષે પુછો તો તે ગોવિંદપુરમાં થઇ છે. મારા બંધુની સોનાની પેટીમાં મુકેલી એક ફુટેલી કોડી હતી તે કોઈ ભામટો ચોરી ગયો છે."

શ્રીશૂચંદ્ર તેનું આ અલંકારિક ભાષણુ સમજી શકયો નહિ, તેથી તે બોલ્યોઃ—

"તારા બંધુની સોનાની પેટી તે તેની સ્ત્રી સૂર્યમુખી. પરંતુ ફુટેલી કોડી તે શું?"

"સૂર્યમુખીની અક્કલ" કમળા બોલી.

શ્રીશૂચંદ્ર બોલ્યો કોડી ફુટેલી હોય તોપણુ જો કોઇના મનમાં તે વતી ખેલવાનો વિચાર હોય તો તે ખેલી શકે છે. સૂર્યમુખીને અક્કલ હો વા નહિ, પરંતુ તેણે તારા બંધુની પ્રસન્નતા સંપાદન કરી છે; અને તું ગમે તેટલી અક્કલ ખર્ચ કરશે તોપણુ તેની પ્રસન્નતા તું પ્રાપ્ત કરી શકશે નહિ. વારુ, ફુટેલી કોડી કોણુ લઇ ગયું છે?"

"તે કાંઇ હું જાણુતી નથી. પરંતુ કાલે તેનો પત્ર મારાપર આવ્યો તે પરથી મને જણુાય છે કે તેની અક્કલ ચોરાઇ ગઇ છે નાહ તો એક સ્ત્રી એમ શા માટે લખે?"

"તે પત્ર જોવાની મને રજા છે કે?"

કમળા તે પત્ર પોતાના પતિના હાથમાં આપીને બોલી "સૂર્યમુખીએ આ પત્ર આપને ન બતાવવાને માટે મને કસમ આપ્યા છે,

પરંતુ જો એ પત્ર આપને ન બતાવું તો મને ઠીક લાગે નહિ; મને અન્ન પણ સ્વાદિષ્ટ લાગે નહિ અને ઉંઘ પણ આવે નહિ; અને મને એમ લાગે છે કે કદાચ હું ગાંડી પણ થઇ જાઉં"

"જ્યારે તેણે મને આ પત્ર ન બતાવવાને માટે તને કસમ આપ્યા છે ત્યારે હું તે વાંચું તે પણ ઉચિત ન કહેવાય. અને તે-માંનો સાર પણ સાંભળવાની મારી ઇચ્છા નથી. હવે તારે શું કરવું છે તેજ માત્ર મને કહે."

"ત્યારે તો એમ કરવાનું. સૂર્યમુખીની અક્કલ ગુમ થઇ છે, માટે તે પાછી આણી આપવી જોઈએ. એ કામ સતીશ્ચંદ્ર શિવાય અન્ય કોઇથી પાર પડે એમ નથી. એની મામીએ એમ લખ્યું છે કે કૃપા કરીને સતીશ્ચંદ્રને ગોવિંદપુર મોકલી આપવો."

"ખરેખર! સૂર્યમુખીની અક્કલ પાછી આણી આપવાને માટે આ વૈદ્યને ગોવિંદપુર મોકલવાનું કાર્ય ઘણું સુયોગ્ય છે. હું હવે સ-મજ્યો. એને એની મામીએ બોલાવ્યો છે. એ જાય તો એની માએ પણ સાથે જવું જોઇએ. ખરેખર, સૂર્યમુખીની અક્કલ ગુમ થઇજ હોવી જોઇએ. નહિ તો આ પ્રકારે તેણે સતીશ્ચંદ્રને આમંત્રણ કર્યું ન હોત."

કમળા બોલી "માત્ર એકલા સતીશ્ચંદ્રનેજ બોલાવ્યો નથી, આપણ સર્વને બોલાવ્યાં છે."

"શું મને પણ બોલાવ્યો છે? મને બોલાવાનું શું કારણ?"

હું એકલી શી રીતે જઇ શકું વારુ? અમારો સામાન સાચવવાને માટે એકાદ જણ નહિ જોઇએ કે?"

શ્રીશ્ચંદ્ર બોલ્યો "માત્ર સામાન સંભાળવાને માટે સૂર્યમુખીએ પોતાના પતિના બનેવીને બોલાવ્યો ત્યારે તેની કૃતિ ગેરવાજબી છે. એક બે દિવસ સુધી તે કાર્ય કરવાને માટે મને કોઈ માણુસ મળ્યો ન હોત કે?"

આ બોલો સાંભળી કમળાને અતિ ક્રોધ છૂટયો. તેણે પોતાનાં ભવાં ઉંચાં ચઢાવ્યાં; તેના કપાળપર કરચલી વળી; તે શ્રીશૂચંદ્રને કાંઇક ઉપહાસાસ્પદ શબ્દ બોલી; અને તે જે કાગળ લખતો હતો તેને તેના હાથમાંથી ઝુંટવી લઇ તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા.

શ્રીશૂચંદ્ર હસીને બોલ્યો "વાહ ઠીક કર્યું; આમ કરવું તને શોભે છે કે?"

કમળા ક્રોધની ઝુમમાં બોલી "મને ફાવશે તેમ હું કરીશ."

પછી બન્ને વચ્ચે વિનોદયુક્ત ઝટાપટી ચાલી. કમળાએ પોતાના પતિને માત્ર મારવાનોજ બાકી રાખ્યો. તેણે પણ તેના કેશ ધરીને ચારેગમ ફેરવી. પછી કમળાએ તેનો ખડીયો ફેંકી દીધો. એમ થયા પછી એક બીજાંએ પરસ્પર ચુંબન કર્યાં. આ ઘટના જોઇ સતીશ્ચંદ્રને ખૂબ ગમ્મત પડી. તે એમ જાણતો હતો કે મારા શિવાય ચુંબન લેવાની વસ્તુ બીજી કોઈ નથી. અને જ્યારે તેણે પોતાનાં માબાપને ચુંબનનો અપવ્યય કરતાં દીઠાં ત્યારે તે પોતાની માતાની સાડીનો પાલવ પકડીને ચુંબન વ્યાપારમાં ભાગીદાર થવાને માટે આનંદથી ઊભો થયો. જ્યારે તેનો અવાજ કમળાના કર્ણપટ પર અ-થડાયો ત્યારે તેને કેટલો બધો આનંદ થયો હશે! તેણે તેને પોતાની કેડપર લીધો અને પુષ્કળ ચુંબન કર્યાં. અને સતીશ્ચંદ્રે પણ તેમજ કર્યું. પોતાને પોતાનો હિસ્સો મળ્યો એમ જાણી સતીશ્ચંદ્ર નીચે ઉતર્યો અને પોતાના પિતાની નિકટજ એક રંગીન કલમ પડી હતી તે તેણે પકડીને ઝટ દઇને પોતાના મોંમાં ઘાલી.

કૌરવ પાંડવના યુદ્ધમાં અર્જુન અને ભગદત્તની વચ્ચે ભારે ઝટાપટી થઇ. આ વિગ્રહમાં અર્જુન હતો વજ્રદેહી, અને ભગદત્ત હતો અજીત. ત્યારે અર્જુને શ્રીકૃષ્ણને પોતાની મદદે બોલાવ્યા. તેમણે ભગદત્તના પ્રચંડ પ્રહારો પોતાના વક્ષઃસ્થળપર ઝીલી તેના શસ્ત્રાસ્ત્રનું

બળ નષ્ટ કર્યું. તે પ્રમાણેજ સતીશ્ચંદ્રે પોતાના માબાપના તડાકા પોતાના ગાલપર સહન કરી તેમની વચ્ચેનો પ્રેમ કલહ નિવૃત્ત કર્યો અને તેમને શાંત કર્યાં.

ત્યાર પછી શ્રીશ્ચંદ્રે કમળાને પૂછ્યુંઃ—

"ત્યારે તારે ખરેખર જવુંજ જોઇએ કે? તો પછી હું અહીંઆં એકલો શું કરૂં?"

કમળા બોલી "હું એકલી જઇશ, એમ તમને શા માટે લાગે છે? આપણે ઉભય જઈશું. પ્રાતઃકાળમાં કચેરીમાં જઈ ત્યાં સર્વ વ્યવસ્થા કરી શીઘ્ર ઘેર પાછા આવજો. જો આપને મોડું થશે તો (પુત્રને ચુંબન દઇ) મારો બચકુડો અને હું તમારી વાટ જોતાં બેસીશું."

"મને આવવાને માટે હાલ સવડ નથી. કારણ કે હમણાં મોસમ ચાલે છે. માટે તું એકલીજ જા."

કમળા પુત્રને ઉંચકી કેડપર બેસાડી તેના પ્રત્યે બોલી "ચાલ ભાઈ! આપણે બન્ને જઇને રડતાં બેસીએ."

પોતાની માતાનો અવાજ સાંભળી તે છોકરાએ પોતાના મુખમાંની લેખિની નીચે પટકી અને આનંદથી એક મોટી કિકિયારી પાડી. હવે કમળાનું રોદન તો દૂર રહ્યું અને પુનઃ એક સરખો ચુંબન વ્યાપાર ચાલ્યો. તે વ્યાપાર આટોપી લઇને કમળા બોલીઃ—

"ત્યારે હવે શો હુકમ છે?"

"તારે એકલીએજ જવું જોઇએ મને આવવાની બિલકુલ નવરાશ નથી."

આથી કમળા મોં ચઢાવી એક ખુણામાં જઇને બેઠી, શ્રીશ્ચંદ્ર પણ તેની પાછળ પાછળ ગયો અને પોતાની શાહીવાળી લેખિની વતી તેનાં કપાળમાં આડી ઊભી કાળી રેષા કાઢી. પછી કમળાએ

હસીને પોતાના પતિને દૃઢ આલિંગન દીધું અને તે બોલી "પ્રાણાધિક! મારી આપનાપર કેટલી બધી માયા છે?" શ્રીશૂચંદ્રને પણ તેને આલિંગન દેવું પડયું. તેથી કમળાના કપાળ પરની શાહીની રેષા તેના કપાળપર પણ અંકિત થઈ. આ રીતે આ વિગ્રહનો અંત આવ્યો. પછી કમળા બોલીઃ–

"જો આપને આવવાની ફુરસદ ન હોય તો મારે માટે તૈયારી કરજો."

શ્રીશૂચંદ્ર બોલ્યો "તું પાછી ક્યારે આવશે?"

"એ શું પ્રશ્ન વારુ? આપ સાથે આવતા નથી તેથી હું ત્યાં ઘણા દિવસ શી રીતે રહી શકીશ?"

છેવટે શ્રીશૂચંદ્રે કમળાને ગોવિંદપુર મોકલી આપી. પરંતુ તેના ગયા પછી તેનું ચિત્ત બિલકુલ કામકાજમાં લાગતું નહોતું. તેથી વ્યાપારમાં મોટું નુકશાન થયું. આ વિષે બીજા કારકુનને પુછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે સર્વ અપરાધ શ્રીશૂચંદ્રનો છે. તે કામ પ્રત્યે બિલકુલ લક્ષ્ય આપતો નથી અને કાળજી વિના સ્વસ્થ બેસી રહે છે.

પોતાના ઉપર વિના કારણ દોષારોપ આવેલો જોઈ શ્રીશૂચંદ્રને અતિ ખરાબ લાગ્યું અને તે બોલ્યો "કદાચ એમ પણ હોય; કારણકે તે વખતે મારી સ્ત્રી ઘેર નહોતી." આથી પેલો કારકુન બોલ્યો "આ રાજશ્રીપર રાણી સાહેબનો પૂર્ણ અમલ છે, તેથીજ એમ થયું." આ ભાષણથી શ્રીશૂચંદ્રને એટલો બધો આનંદ થયો કે તેણે પોતાના ચાકરને હાંક મારી કહ્યું "ઘરમાં ભોજનની તૈયારી કરવાનું કહે; આ સર્વ જણ આજે આપણે ત્યાંજ જમવાના છે."

સપ્તમ્ પરિચ્છેદ.

જે પ્રમાણે ઉપવનમાં ચંપક પુષ્પની સુકુમાર કલિકા પૂર્ણવિકાસ પામે છે ત્યારે સર્વત્ર સુવાસ પ્રસરી રહે છે. તે પ્રમાણે નગેંદ્રના ઘરમાં કુંદનંદિનીની યૌવન કલિકા પૂર્ણવિકાસ પામી હતી તેથી નગેંદ્રના હૃદયમાં તેનો સુગંધ પ્રવેશ પામી ગયો હતો, અને તે કારણથી તેની ચિત્તવૃત્તિ તન્મય થઇ ગઇ હતી. કમળા કલકત્તાથી પોતાને પિયેર ગોવિંદપુર આવી અને સૂર્યમુખીએ તેનું હસ્તુ મુખ જ્યારે દીઠું ત્યારે તેની આંખમાંનાં અશ્રુબિંદુ કેટલેક અંશે સુકાયાં. કમળાએ પોતાના બંધુના ઘરમાં પગ મૂક્યો કે તરતજ તેણે સૂર્યમુખીની વેણી ગુંથવાનું કાર્ય પોતાના હાથમાં લીધું. કારણ કે હમણાં હમણાં સૂર્યમુખીએ વેણી ગુંથવાનું કાર્ય સર્વાંશે છોડી દીધું હતુ. આથી તેના કેશ યોગીની જટા જેવાજ બની રહ્યા હતા.

કમળાએ વેણી ગુંથતાં ગુંથતાં સૂર્યમુખીને પૂછ્યું " વ્હાલી ! તારા અંબોડામાં એક બે પુષ્પ ઘાલું કે ?"

સૂર્યમુખીએ કમળાને ધીમે રહીને ચીમટી દીધી અને કહ્યું "ના, મારે પુષ્પની જરૂર નથી."

આથી કમળાએ જાણી જોઇને ઠઠ્ઠા કરવા માટે તેના અંબોડામાં ફૂલ ઘાલ્યાં અને ત્યાં જે કોઇ આવતું જતુ હોય તેને સૂર્યમુખી તરફ આંગળી કરીને તે કહેતી કે " જરા જુઓ તો ખરાં, આ ડોશી તો હવે અંબોડામાં ફૂલ ઘાલવા શીખી છે."

કમળા પોતાનું ઘર છોડીને એટલે છેટે આવી હતી તોપણ તેને જોઇને નગેંદ્રની વર્તણુકમાં જરા પણ ફરક પડયો નહોતો. તે જ્યારે કમળાને મળ્યો ત્યારે તેણે માત્ર એટલુંજ તેને પૂછ્યું કે " કમળા ! તું હમણાં કેમ આવી ?" ત્યારે કમળાએ પોતાના છોકરા તરફ આંગળી કરી લજ્જાથી કહ્યું " બાબુ મને અહીંઆં તેડી લાવ્યો."

આ શબ્દ સાંભળી નગેંદ્ર બોલ્યો “ખરેખર! એ લુચ્ચાને માર મારવો જોઇએ.” એમ કહી તેણે કમળાના પુત્રને પોતાની કેડે લીધો અને તેને ઘડી બેઘડી સુધી રમાડયો. તે કૃતઘ્ન છોકરાએ પ્રેમનો બદલો વાળવાના ઉદ્દેશથી પોતાના મામાની મૂછો ખૂબ જોરથી ખેંચી. આથી નગેંદ્રને અતીવ આનંદ થયો.

પોતાના ભાઈ અને ભોજાઇને મળીને કમળા જ્યાં કુંદા હતી ત્યાં ગઈ અને મજાકમાં બોલી “ કેમ, કુંદા—નંદા—ચંદા બાઇ! તમારી પ્રકૃતિ તો સારી છે ને?” આ શબ્દો સાંભળી કુંદા અતિ ચકિત થઇ અને કેટલીક વાર સુધી કમળા તરફ એક સરખી દ્રષ્ટિથી જોતી ઊભી રહી. ત્યાર પછી તે બોલી “મારી પ્રકૃતિ ઠીક છે; મને શું થવાનું હતું જે?” કમળા બોલી “તું મને બા કહેતી જા હંકે! નહિ તો જ્યારે તું સુતેલી હશે ત્યારે હું તારા ગાલપર કાળો રંગ લગાડી જઇશ.”

કુંદાએ કમળાને બા કહેવાની કબુલાત આપી. તે જ્યારે કલકત્તામાં હતી ત્યારે કમળાને કોઈ પણ નામથી હાંક મારતી નહોતી. તે તેની સાથે વાર્તાલાપ પણ ક્વચિતજ કરતી હતી. કમળાનું અંતઃકરણ દયાળુ છે એવી જ્યારે તેની પૂર્ણ ખાત્રી થઈ, ત્યારે તેને તેની સાથે માયા લાગી. પરંતુ હમણાં ઘણા દિવસ થયાં તેમનો મેળાપ થયો નહોતો તેથી કુંદા કમળાને જરાતરા વિસરવા લાગી હતી. બન્ને માયાળુ સ્વભાવનાં હોવાથી તેમનો મેળાપ થતાં એક બીજાપરનો પ્રેમ પુનઃ જાગૃત થયો, અને અલ્પ સમયમાંજ તે દ્રઢ થયો.

કમળાએ જ્યારે સૂર્યમુખીની આગળ પુનઃ કલકત્તા જવાની વાત કહાડી ત્યારે તે બોલીઃ—

“ હમણાં કલકત્તા જવાની વાત કરશો નહિ. હજી થોડા દિવસ અહીંઆંજ રહો. તમે જતાં રહેશો તો મારી દશા ઘણી બૂરી થશે

તમે અહીંઆં હો ત્યારે હું તમારા આગળ મારા દુઃખની વાત કરૂં છું તેથી મારા મનનું સમાધાન થાય છે."

"બ્હેન! હું તારા કામની વ્યવસ્થા કર્યા વિના કલકત્તા જવાની નથી. તું તારા મનમાં દ્રઢ વિશ્વાસ રાખ." કમળાએ કહ્યું.

"મારૂં કયું કામ?" સૂર્યમુખીએ પ્રશ્ન પૂછ્યો.

"તારૂં શ્રાદ્ધ, વળી બીજું શું?" પછી તે મનમાં બોલી "તારા દુઃખનું મૂળ ઉખેડી નાંખ્યા વિના હું કલકત્તા જવાની નથી."

કમળાએ કલકત્તા જવાની વાત કહાડી છે એમ જ્યારે કુંદાએ દૂરથી જાણ્યું ત્યારે તે પોતાની ખોલીમાં જઈ રડવા લાગી.

(અપૂર્ણ.)

હવે તમને ઉત્તેજન આપતાં કાંઈ હરકત છે?

રત્નસિંહ દિપસિંહ પરમાર વિષે જાણીતા પુરુષોનો અભિપ્રાય.

'સસ્તું સાહિત્ય વર્ધક મંડળ'ના સંસ્થાપક સ્વામીશ્રી અખંડાનંદજી અમદાવાદથી પોતાના તા. ૫–૨–૧૨ ના પત્રમાં લખે છે કે:—

"જ્ઞાનેશ્વરીના પ્રથમાધ્યાયનું ગુ. ભા. (ગુજરાતી ભાષાંતર) તથા તે સાથેનો આપનો પત્ર મળ્યો છે.

તે ભાષાંતર હું જોઇ ગયો છું. બીજી ત્રણ વ્યક્તિઓ પાસે પણ થોડું થોડું કરાવી અગાઉ જોવામાં આવી ગયું છે. **આપના મહેનતુપણાની** મને માહીતી હોવાથી એ વિષે એટલી આશા મને ઉત્પન્ન થઈ છે કે તે બાબતમાં તમે ધ્યાન આપશો તો બીજાઓ કરતાં એ બાબતમાં **આપનું** કાર્ય **ચ્હડતા પ્રકારનું** નિવડયા વિના **રહેશે** નહિ. બીજા ત્રણ જણાનું કાર્ય ન ગમવાથી પડયું મુકયું હતું. અને આપનું ભા. (ભાષાંતર) પણ જો ઉપર જણાવ્યું તેમ **આશાભર્યું** ન ભાસ્યું હોત તો તેમજ થયું હોત. વધુ આશા તમારા **મહેનતુ સ્વભાવની** જાતિ માહિતીએ ઉત્પન્ન કરી છે.........તે કાર્ય હવે ઇશ્વિરેચ્છાએ તમારા જેવા **મહેનતુ સજ્જનને** હસ્તક મુકાતું હોવાથી.........આ કાર્ય થઈ રહ્યા પછી બીજાં પણ કેટલાંક કામ આપને સોંપવા ધારી રાખેલાં છે......જો તે આશા ફળીભૂત થશે તો સાહિત્યની તૈયારીની બાબતમાં તમારી મહેનતનો સારી પેઠે લાભ લેવા વિચાર રાખેલો છે.........એક રૂડું ધાર્મિક મોટું પુસ્તક તમારા ભા० क० (ભાષાંતર કર્તા)નાં નામ સાથે બહાર પડે તે જેટલું પણ ઉત્તમ હોય તેટલો આપને પ્રતિષ્ઠાનો લાભ છે. સારા કાર્યને લીધે

બીજાઓ તમારા તરફ આકર્ષાશે........તમારા પત્રમાં સાહિત્ય સેવા માટે તમે જે ઉત્તમ ઇરાદો દર્શાવ્યો છે તે વાંચી મને બહુ આનંદ થયો છે. પ્રભુ તમને વધુ અને વધુ ઉત્સાહ આપી સાહિત્ય સેવાનાં વધુ અને વધુ કામો કરાવે એજ પ્રાર્થના છે. રવ. નારાયણ હેમચંદ્રની પેઠેજ સાહિત્ય સેવાનો અથાગ શ્રમ લઈ **ઉમદા પરિણામ તમે** પણ ધારશો તો **લાવી શકશોજ** ના. હ. (નારાયણ હેમચંદ્ર) ની પેઠે **ભાષાની અશુદ્ધિની નડતર તમને નથી** એ **તમારી વિશેષતા છે......તમે ભલા ખવાસના માણસ છો** પણ તેની સાથે કંઇક **ભોળા** પણ........"

સુરતના રહીશ અને માજી ડે. એ. ઈ. સાહેબ શ્રીયુક્ત ગણપતરામ અનુપરામ ત્રવાડી બીલખાથી તા. ૨૬-૫-૧૨ ના પત્રમાં લખે છે કેઃ—

" It was a real pleasure to me to read your letter of the 15th Inst... It shows that you have gained a *creditable knowledge of English*, which I was not aware of. It possesses *an almost unlimited literature* on every known subject and you can draw upon it to any extent. Your ambition is legitimate and I do not know why you should not succeed.......Wishing you a steady and bright career in the interests of our people.

Yours sincerely,

Ganpatram Anupram Travadi.

"તમારો ૧૫ મી તારિખનો પત્ર વાંચીને સત્યાનંદ પ્રાપ્ત થયો. એ પત્ર પરથી જણાય છે કે તમે **અંગ્રેજી ભાષાનું ઉત્તમ જ્ઞાન**

પ્રાપ્ત કર્યું છે, જે વિષે હું અજ્ઞાત હતો. પ્રત્યેક જાણિતા વિષય ઉપર **પ્રાયઃ અમર્યાદ સાહિત્ય** તમે વાંચેલું જણાય છે અને હજી પણ તમે એનો ચાહો તેટલો વિકાસ કરી શકો. તમારી મહત્વાકાંક્ષા યથાર્થ છે અને તમે અવિજયી થાઓ એમ ધારવાને મને કશું પ્રયોજન નથી. આપણા લોકોના કલ્યાણને માટે તમે સતતાગ્રહી અને સોજ્વલ જીવન ક્રમો એવું ઈચ્છતો

તમારો નિષ્કપટ મિત્ર

ગણપતરામ અનુપરામ ત્રવાડી "

હવે અમે જણાવવા માગીએ છીએ કે જનસેવા કરવી એ અમારો ઉદ્દેશ છે અને એ ઉદ્દેશથી અમે ઘણાં વર્ષથી કામ કરતા આવ્યા છીએ. સભ્યતા (Civilization) નો પ્રચાર કરવા માટે, લોકોની નીતિરીતિ, રહેણીકરણી સુધારવાને માટે, વિદ્યાનો પ્રસાર કરવાને માટે તથા લોકો અન્ય સુધરેલા દેશોની સાથે હરિફાઇમાં ટકી શકે એવા સુદૃઢ અને હિમ્મતવાન તેમને બનાવવાને માટે પ્રયાસ કરવો એજ અમારૂં લક્ષ્ય છે.

આપણે સારી પેઠે જાણીએ છીએ કે આપણા દેશના લોકો હજી જોઇએ તેટલી કેળવણી પામ્યા નથી. સુધરેલા દેશોમાં જનશિક્ષણને અર્થે કેટલો ભગીરથ પ્રયત્ન કરવામાં આવે છે તે વાત આપણા દેશના લોકોની કલ્પનામાં પણ ક્યાંથી હોય ? માટે લોકોને એ માર્ગ તરફ વાળવાને માટે અમે કાંઇક કાર્ય કરવા ધારીએ છીએ. અમારી યોજના નીચે પ્રમાણે છેઃ—

અમે ઘણી પરોપકારી સંસ્થાઓના ચાલકોની સાથે ઓળખાણ ધરાવીએ છીએ, તેથી ભણી શકે એવા હોય પરંતુ માબાપની દરિદ્રાવસ્થાને લીધે અટકી પડેલા હોય એવા વિદ્યાર્થીઓને અમે ભણાવવાનો

બંદોબસ્ત કરી આપીશું. તેથી અમને નીચલા પ્રશ્નોનો વિગતવાર ખુલાસો આપશો તો કૃપા થશેઃ—

આપના ગામમાં નિશાળમાં જવાને લાયક એવા કેટલા છોકરા તથા કેટલી છોકરીઓ છે? તેમાંથી કેટલા છોકરા અને કેટલી છોકરીઓ નિશાળમાં જાય છે? અને નિશાળમાં જવાને લાયક એવા છોકરા તથા છોકરીઓ હોવા છતાં તે નિશાળે જતાં શી રીતે અટકી પડયાં છે? આપના ગામમાં ઉચ્ચ શિક્ષણ કેટલા છોકરા લે છે? કેટલા માણસો અગાઉ ઉચ્ચ શિક્ષણ લઇ બહાર પડયા છે? આપના ગામમાં સાધારણ રીતે શ્રીમંત ગણાતા ગૃહસ્થો તેમાં કેટલા છે? તેમાં પરોપકારી ગણાતા કેટલા છે? આપના ગામમાં રંક છોકરાઓને ગામમાંજ મુફ્ત શિક્ષણ મળે એવી વ્યવસ્થા ગામ લોકો કરી શકે એમ છે કે? અને જો નહિ કરી શકતા હોય તો તેનું કારણ શું? આપના ગામમાં નિશાળ છે કે?

હવે અમારાં પુસ્તકો કે જે વિદ્યાપ્રચાર અને નીતિવર્ધનનું એક પ્રબળ સાધન છે તે તરફ લોકોનું ધ્યાન ખેંચીએ છીએઃ—

નૉવેલમાળા.

ગુજરાતી ભાષામાં નિયમીત રીતે નૉવેલો નીકળવાનો જો કદિ પણ પ્રારંભ થયો હોય તો તે આ પહેલવહેલોજ છે. અને અમે સ્વયં આ નૉવેલો લખીને ગ્રાહકોને પુરાં પાડીએ છીએ, એટલે એની ઉત્તમતા વિષે બેમત હોઇ શકેજ નહિ. લેખક તરિકે અમે કેટલું ઉત્તમ કાર્ય કર્યું છે તે અમારા વિદ્વન્મિત્રોને અને ગુર્જર પાઠક વર્ગને ખાસ કહીને બતાવવાની આવશ્યકતા નથી; તેમજ હમારો હેતુ પણ સ્વદેશ બાંધવોને અજ્ઞાત નથી, તો વિશેષ સિફારસની શી જરૂર? એક

વર્ષમાં ૩૬ ફૉર્મનાં નૉવેલો પુરાં પાડી અમે રૂ. ૧-૦-૦ પોસ્ટેજ
લેવાનો નિયમ રાખ્યો છે. પ્રથમ મણકા તરિકે "ઇંદિરાનો સત્ય
ે નામનું અમારૂં સ્વતંત્ર નૉવેલ અમે મોકલીએ છીએ. બીજા
ા તરીકે સુપ્રસિદ્ધ બાબુ બંકિમચંદ્રના એક નૉવેલનું
વેષલતા" આપવામાં આવશે. પ્રથમ મણકો વી. પી. થી
નું લવાજમ વસુલ કરવામાં આવશે. એક વર્ષમાં
ાપવામાં આવશે. પ્રથમ અને દ્વિતીય મણકો તૈયાર છે
ગ્રાહક તરિકે નામ નોંધાવી પુસ્તક મંગાવી લો. ગ્રાહક વધારી
નનાર માણસોને પ્રત્યેક ગ્રાહક દીઠ ચાર આના રોકડા આપવામાં
આવશે. આ રીતે જો કેનવાસરો ધારે તો અમારી યોજનામાંથી
રૂ. ૧૦૦ પ્રતિમાસે પેદા કરી શકે. અમે ગુજરાતી પાઠક વર્ગમાંથી
દશથી પંદર હજાર ગ્રાહક મેળવવાની આશા રાખીએ છીએ. માટે
ગ્રાહકોએ અમારા નૉવેલોનો અને કેનવાસરોએ પોતાની કમાઇનો
.... ગેવા ચુકવું નહિ.

અમે અંગ્રેજી, મરાઠી અને હિંદી ભાષામાંથી અનેક પુસ્તકોનું
કર્યું છે અને અમે ગ્રંથ લેખનનેજ અમારૂં જીવન સર્વસ્વ
કર્યું છે. અમે રાજા મહારાજાઓ તથા શેઠ શાહુકારો અને
ર વાંચક વર્ગને અમને ઉત્તેજન આપવાની નમ્ર પ્રાર્થના કરીએ
છીએ. કારણ કે અમારૂં કાર્ય પરોપકારથી ભરેલું છે. અમારા પોતાના
મુખથી અમારે અમારા પોતાના વિષે કાંઇક બોલવું લખવું પડે છે તે
માટે અમને પોતાને શરમ ઉપજે છે પણ જનસેવા કરવાની અભિ-
લાષાથી અમારે તેમ કરવુંજ પડે છે. આત્મશ્લાધાનો દોષ વ્હોરી
લઇને પણ જો અમે અમારા વિચારો અને અમારાં પુસ્તકોનો પ્રચાર
કરી શકીશું તો તેથી ગુર્જર જનસમાજને મોટો લાભજ છે. ખાસ
કરીને અમે ધનાઢ્ય વર્ગને ભલામણ કરીએ છીએ કે તમારા પૈસા

થોડા ઘણા અમારી તરફ મોકલો કે જેથી અમે તમારા પૈસાનો પયોગ કરીએ. જો કોઇ ગૃહસ્થ એકાદ સારૂં પુસ્તક પસં અમારા તરફ ભાષાંતર કરવાને મોકલશે તો અમે અમા બદલામાં અમુક રકમ લઈ તેનું ભાષાંતર કરી આપ છપાતાં તેનો પ્રચાર કરવાનો પણ પ્રયાસ કરીશું. અને હિંદી ભાષામાં પારંગત છીએ અને હાલમાં બ. અભ્યાસ કરીએ છીએ. પહેલી ત્રણ ભાષાનાંજ પુસ્તકોનું ભાષ. થઇ શકશે. ભવિષ્યમાં બંગાળી ભાષાનાં ઉત્તમોત્તમ પુસ્તકોનો પ્રચાર વાનો પણ અમારો વિચાર છે. જે કોઇ અમારા પર ઉપરોક્ત ભાષા સારાં પુસ્તકો ભેટ તરીકે મોકલશે તેનો સાભાર સ્વિકાર કરવામાં આવ.

લી. સેવક,

રત્નસિંહ દિપસિંહ પર

ડભોલી–પોસ્ટ શિગનપે

વાયા–સુરત.

લૂટાલૂટ ચાલી છે

માટે નમુનાનું પુસ્તક મંગાવો.

જે ગૃહસ્થ અમોરા ઉપર અઢી આનાની ટિકિટ
પશે તેને અમારી "નૉવેલમાળા" નો એક
મોકલી આપીશું. આ મણકો વાંચી જોવાથી
કે અમે કેવાં ઉત્તમ પુસ્તકો પ્રકટ કરીએ છીએ.

How to converse in English (અ
કેમ કરવી) એ નામનુ અમારૂં પુસ્તક તૈયાર થાય છે. અ
અંગ્રજીનો આરંભ કરનારા છોકરાઓ તથા મોટા માણસોને
પડે એવાં સ્હેલાં વાક્યો આપવામાં આવ્યાં છે અને તેની સા
ગુજરાતીમાં તેનો અર્થ પણ આપવામાં આવ્યો છે. કેટલાંક
જરા આગળ વધેલાઓને પણ અનુકૂળ થઇ પડશે. કીમ્મત દોઢ અ
બે આનાની પોસ્ટલ ટીકીટો મોકલી આપવી.

How to translate from English (અંગ્રેજીમાં
ભાષાંતર કેમ કરવું)? આ પુસ્તક પણ હાલમાં તૈયાર થાય
અંગ્રેજી અને ગુજરાતી ભાષાની રચના એક બીજાથી ભિન્ન હોવા
ઘણા માણસો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં સારૂં ભાષાંતર કરી શકતા નથ
તેમજ અંગ્રેજી ભાષા બોલતાં પણ તેમને અડચણ પડે છે. આ
મુશ્કેલી દૂર કરવાને ખાતર અમે ઉચ્ચ અંગ્રેજી ભાષાનું ભાષાં
ઉચ્ચ શ્રેણીની ગુજરાતી ભાષામાં કર્યું છે. અને અંગ્રેજી તથા ગુજ
રાતી વાક્યો લગોલગ આપ્યાં છે. આથી મૅટ્રિક થયેલા વિદ્યાર્થી
તથા ભાષાના રસિકોને તેમાંથી ઘણું શીખવાનું મળશે. કીમ્મત
આનો. બે આનાની પોસ્ટલ ટીકીટો મોકલવી.

રત્નસિંહ દિપસિંહ પરમાર.
ડભોલી પોસ્ટ સિંગનપોર, વાયા-સુરત